આજનો સુવિચાર

તમને જયારે એક પળની ફૂરસદ મળે, ત્યારે તમે તેનો સારા કામમાં ઉપયોગ કરો, કેમ કે સમયનું ચક્કર ખૂબજ ક્રુર હોય છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૫ અંક : ૨૭૯ જૂનાગઢ તા.૧૧-૧૧-૨૦૨૧ બુધવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ. ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ

અમદાવાદમાં માત્ર બે દિવસમાં કોરોનાનાં કેસ ચાર ગણા વધ્યા : ચિંતા

અમદાવાદ તા. ૧૧

અમદાવાદમાંઓસરી ગયેલું કોરોનાનું સંક્રમણહવે ફરી ફૂંફાડો મારી રહ્યું છે. અમદાવાદમાં એક જ દિવસમાં ૧૬ જેટલાકોરોનાના કેસો નોંધાયા છે, જેને લઈ મ્યુનિસિપલ કોર્પોરેશનનો આરોગ્ય વિભાગ એલર્ટ થઈ ગયો છે. અમદાવાદ શહેરમાં બહારગામથી આવતા લોકોને ટ્રેસિંગ અને ટ્રાવેલ હિસ્ટ્રી પણ તપાસવામાં આવશે. ૧૬ કેસમાં પશ્ચિમ ઝોનમાં આવતા વિસ્તારમાં વધુ કેસો નોંધાયા છે. પશ્ચિમ વિસ્તારમાં આવતા પ્રહલાદનગર, ચાંદખેડા, બોપલ, પાલડી અને નવરંગપુરામાં કેસો નોંધાયા છે. ૧૬ કેસમાંથી ૧૧ અને ૧૩ વર્ષનાં બે બાળક પણ કોરોના પોઝિટિવ આવ્યા છે. નવેમ્બર મહિનાના ૧૦દિવસમાં જ શહેરમાં ૫૩ કેસ નોંધાયા છે અને તેની સામે ૨૩ લોકો સાજા થયા છે.

રશિયાનાં રાષ્ટ્રપતિ પુતિન આગામી ડીસેમ્બર માસમાં ભારતની મુલાકાતે આવશે

નવી દિલ્હી તા. ૧૧

રશિયાના વડાપ્રધાન વ્લાદીમીર પુટીનના ૬ ડિસેમ્બરના રોજ એક દિવસના ભારતના પ્રવાસે આવશે તથા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે શિખર મંત્રણા યોજશે તથા બન્ને દેશો વચ્ચે અનેક સમજુતીઓ પર સહી સિક્કા થશે. ખાસ કરીને રશિયા દ્વારા ભારતને અતિ આધુનિક એસ-૪૦૦ એર ડિફેન્સ સીસ્ટમ આપવાના જે કરાર થયા છે તેની પ્રથમ બેચ આ વર્ષના અંત પુર્વે જ ભારત પહોંચી જશે અને રશિયા પાસેથી આ આધુનિક શસ્ત્ર પ્રણાલી ભારતે મેળવતા અમેરિકાએ સખ્ત વાંધો ઉઠાવી ભારત સામે વળતા પગલાની ચીમકી આપી છે તે સંદર્ભમાં રશિયાના પ્રમુખની આ મુલાકાત મહત્વની બની જશે. વ્લાદીમર પુતિનની ભારત મુલાકાત યાત્રા આ વર્ષની બીજી જ વિદેશ યાત્રા છે.

પાક. સુપ્રિમ કોર્ટમાં ઈમરાન ખાનની આકરી પુછપરછ

ઈસ્લામાબાદ,તા. ૧૧: પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટીસના અધ્યક્ષ સ્થાને ૩ સભ્યોની પીઠે આર્મી પબ્લીકસ્કુલ જનસંહાર મામલે ગઈકાલે બુધવારે વડાપ્રધાન ઈમરાનની પુછપરછમાં આકરા સવાલો કર્યા હતા. સમગ્ર પુછપરછ દરમ્યાન ઈમરાને ફકત એટલુ જ બોલી શકયા કે સરકાર પીડીતોના પરિજનો સાથે ન્યાય કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાનની સુપ્રિમ કોર્ટમાં વડાપ્રધાન ઈમરાન ખાનની બે કલાક સુધી પુછપરછ થઈ હતી. અને ઈમરાન ખાનને સતત ઉભા રહેવું પડયું હતું.

કોંગ્રેસનાં વરીષ્ઠ નેતા સલમાન ખુર્શીદનાં 'સનરાઈઝ ઓવર અયોધ્યા' પુસ્તકથી ભારે ધમાસાણ : ફરીયાદ નોંધાઈ

સલમાન ખુર્શીદે તેમના પુસ્તકમાં હિન્દુત્વની તુલના આઈએસઆઈએસ અને બોકોહરામ જેવા આતંકવાદી સંગઠનો સાથે કરી : હિન્દુત્વની રાજનીતિ કરનારા પણ ખોટા છે અને આઈએસઆઈએસ પણ ખોટું છે

નવી દિલ્હી તા. ૧૧

કોંગ્રેસ નેતા સલમાન ખુર્શીદ વિરૂધ્ધ દિલ્હી પોલીસમાં ફરિયાદ કરવામાં આવી છે. તેમના પુસ્તકનું ગઈકાલે વિમોચન કરાયું હતું અને આજે તેમની સામે ફરિયાદ કરવામાં આવી છે. તેમની સામે આરોપ છે કે તેમણે હિન્દુત્વની તુલના આતંકવાદ સાથે કરીને તેને બદનામ કરવાની કોશિષ કરી છે.

ખુર્શીદના પુસ્તક 'સનરાઈઝ ઓવર અયોધ્યા'માં કરાયેલ ટીપ્પણી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. વિવેક ગર્ગ નામના દિલ્હીના વકીલે પોલીસ કમિશનરને ફરિયાદ કરીને કેસ નોંધવાની માંગણી કરી છે.

પોતાના પુસ્તકમાં હિન્દુત્વની તુલના આઈએસઆઈએસ અને બોકો હરમ જેવા આતંકવાદી સંગઠનો સાથે કરતા ખુર્શીદે કહ્યું છે કે, હિન્દુત્વ સાધુ સંતોના સનાતન અને પ્રાચીન હિન્દુ ધર્મને કોરાણે મુકી રહ્યો છે જે બધી રીતે આઈએસઆઈએસ અને બોકો હરમ જેવા જેહાદી ઈસ્લામી સંગઠનો જેવું જ છે. તેનું કારણ પૂછતાં સલમાને કહ્યું 'હિંદુ ધર્મ બહુ ઉચ્ચસ્તરનો છે. તેના માટે ગાંધીજીએ જે પ્રેરણા આપી છે તેનાથી વધારે કોઈ પ્રેરણા ના હોઈ શકે. કોઈ નવું લેબલ લગાવી દે તો હું તેને કેમ માનું ? કોઈ હિન્દુ ધર્મનું અપમાન કરે તો પણ હું બોલીશ. હું એમ કહેવા માંગું છું કે, હિન્દુત્વની રાજનીતિ કરનારા ખોટા છે અને આઈએસઆઈએસ પણ ખોટું છે.'

સુપ્રીમ કોર્ટના ચૂકાદા અને પોતાના પુસ્તક બાબતે સલમાન ખુર્શીદે કહ્યું 'અયોધ્યા વિવાદ બાબતે સમાજમાં ભાગલા જેવી સ્થિતી હતી. સુપ્રીમે તેનું સમાધાન કાઢયું. કોર્ટના ચુકાદામાં દૂરંદેશી છે. આ એવો ચુકાદો છે જેમાં એવું ના લાગે કે હું હાર્યો અને તમે જીત્યા.' ભાજપ સરકાર તરફ ઈશારો કરતા તેમણે કહ્યું, એવી જાહેરાત તો નથી કરાઈ કે અમે જીતી ગયા પણ એ લોકો એવા સંકેતો આપે છે. બધાને જોડવાના પ્રયાસો થવા જોઈએ. અત્યારે અયોધ્યાના ઉત્સવમાં એવું લાગે છે કે એક પક્ષનો જ ઉત્સવ હોય.

કોંગ્રેસના નેતા સલમાન ખુર્શીદના એક પુસ્તકને લઈને વિવાદ શરૂ થઈ ગયો છે. આ પુસ્તકમાં સલમાન ખુર્શીદે હિંદૂત્વની વિચારધારાને ખતરનાક ગણાવી હતી. સનરાઈઝ ઓવર અયોધ્યા નામના પુસ્તકમાં સલમાન ખુર્શીદે હિન્દુત્વ અંગે પોતાના વિચારોવ્યકત કર્યા હતા. પુસ્તકમાં તેમણે હિન્દુત્વની સરખામણી બોકોહરામ અને આઈએસઆઈએસ સાથે કરતા ધમાસાણ સર્જાય ગયું છે.

ભારત - ચીન સીમા ઉપર સતત વધી રહેલી તંગદીલી યુધ્ધ માટે તૈયાર રહેવા રાજનાથસિંહનું સૈન્યને આહવાન

નવી દિલ્હી, તા.૧૧: સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે સુરક્ષા દળોને કહ્યું છે કે તે કોઈ પણ રીતે સંકટને પહોંચી વળવા માટે શોર્ટ નોટિસમાં તૈયાર રહે. સીમા ઉપર વધી રહેલા તણાવની વચ્ચે નિવેદન ઘણું મહત્વનું છે. ચીન સતત બોર્ડર ઉપર પોતાની એક્ટિવિટી વધારી રહ્યું છે. વાયુસેનાના ત્રણ દિવસીય ૬ માસિક કમાન્ડર કોન્ફરન્સની શરૂઆત આજે કોન્ફરન્સમાં વાયુસેનાના મુખ્ય અધિકારીઓને સંબોધિત કરતા રાજનાથ સિંઘે આ વાત કહી છે. LAC ઉપર લદ્દાખ સેકટરઅને ઈસ્ટર્ન સેકટરમાંભારત અને ચીનની વચ્ચે તણાવ ઓછો નથી થઈ રહ્યો. બન્ને તરફથી સીમા ઉપર સૈન્ય પ્રવૃત્તિઓની સાથે સાથે ઈન્ફ્રાસ્ટ્રકચર વધારવામાં આવી રહ્યું છે. ગત ૧૮ મહિનાથી લદ્દાખમાં બન્ને દેશોની વચ્ચે તણાવપૂર્ણ સ્થિતિ છે અને તે ઓછી નથી થઈ રહી. રક્ષા મંત્રીએ વાયુ સેનાની ઉચ્ચ સ્તરીય તૈયારીઓ અને કોઈ પણ પ્રકારની સ્થિતિમાં શોર્ટ નોટિસ ઉપર તૈયાર રહેવાની ક્ષમતાનો વખાણ કર્યા છે. કમાન્ડર્સને સંબોધિત કરતા વાયુસેના પ્રમુખ એર ચીફ માર્શલ વીઆર ચૌધરીએ તાત્કાલીક જવાબ આપવા માટે અનેક સ્તર ઉપર ક્ષમતાને વધારવા પર ભાર મુકયો છે. તેમણે કહ્યું કેજો ભારતનીવિરૂધ્ધ કોઈ પણ પ્રકારની ગતિવિધિ થાય છે તો અમે જડબાતોડ જવાબ આપવા માટે તૈયાર છીએ.

વાયુસેના પ્રમુખે સેના અને નૌસેનાની સાથે સંયુકત અભ્યાસની જરૂરિયાત ઉપર ભાર મુકયો જેથી ભવિષ્યની જંગ માટે તૈયાર થઈ શકે. રક્ષા મંત્રીએ આ સંબંધમાં કહ્યું કે આ અંગે તમામ લોકો સાથે વાત ચાલી રહી છે.

હિન્દુત્વનો હિન્દુ ધર્મ સાથે કોઈ સંબંધ નથી : ભય અને નફરત પેદા કરવી ફાસીવાદનો મંત્ર : દિગ્વિજયસિંહ

નવી દિલ્હી તા. ૧૧ : કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને ભાજપા ઉપર તીખા પ્રહારોકર્યા. તેઓએ કહ્યું કે દેશમાં હિન્દૂ ખતરામાં નથી પરંતુ ફૂટ નાખો અને રાજ કરોની માનસિકતા ખતરામાં છે. દિગ્વિજય સિંહે પૂર્વ કેન્દ્રીય મંત્રી સલમાન ખુર્શીદના પુસ્તક સનરાઈઝ ઓવર અયોધ્યાના વિમોચનના પ્રસંગે એ પણ કહ્યું કે 'હિન્દુત્વ' શબ્દનો હિન્દૂ ધર્મ અને સનાતનીપરંપરાઓ સાથે કોઈ લેવા દેવા નથી. દિગ્વિજયે સિંહે કહ્યું, આ દેશના ઈતિહાસમાં ધાર્મિક આધાર ઉપર મંદિરોના વિધ્વંશ ભારતમાં ઈસ્લામ આવ્યા પહેલા પણ થયું રહ્યું છે. જે રાજા બીજા રાજાના ક્ષેત્રાનેજીતવાનો હતો. તો તેમનાધર્મને તે રાજાના ધર્મ ઉપરના રૂપમાં તેનું મોટું શસ્ત્ર મળી ગયું છે.

તેઓએકહ્યું, કહેવામાં આવી રહ્યું છે કે હિન્દૂખતરામાં છે. અરે ૫૦૦ વર્ષના મુગલો અને મુસલમાનોના રાજમાં હિન્દૂ ધર્મનું કઈ નથી બગડયું, ૧૫૦ વર્ષનાબ્રિસ્તીના શાસનમાં હિન્દુનું કઈ નથી બગડયું તો હવે શું ખતરો છે. ખતરો તે માનસિકતા અને તે વિચારધારાનોછે જેનેઅંગ્રેજોનીજેમ ફૂટ કરો અને રાજ કરોના સૂત્ર દ્વારા રાજ કરવાનો સંકલ્પ લીધો છે.તેમણે દાવોકર્યો કે, 'જ્યારે ફાસીવાદ આવે છે, ત્યારે તેના માટે દુશ્મનની ઓળખ કરવી જરૂરી છે... ભયપેદા કરવો અને નફરત પેદા કરવી એ ફાસીવાદનો મૂળ મંત્ર છે.' દિગ્વિજયે કહ્યું કે રામજન્મભૂમિ વિવાદ કેમ રાષ્ટ્રીય મુદ્દો બન્યો, અડવાણીએ તેમને કહ્યું. જે સમાજમાં નફરત ફેલાવે છે. મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું, 'રામ જન્મભૂમિ વિવાદ નવો વિવાદ નહોતો. પરંતુ વિશ્વ હિન્દુ પરિષદ, આરએસએસે તેને કયારેય મુદ્દો બનાવ્યો નથી. ૧૯૮૪માં જયારે તેમની બે બેઠકો મળી ત્યારે તેમણે તેને મુદ્દો બનાવવાનો પ્રયાસ કર્યો હતો. તે સમયે અટલ બિહારી વાજપેયીનો ગાંધીવાદી સમાજવાદ નિષ્ફળ ગયો હતો. આનાથી તેને કટ્ટર ધાર્મિક માર્ગને અનુસરવાની ફરજ પડી. અડવાણીની રથયાત્રા સમાજને તોડી નાખનારી યાત્રા હતી. તે જયાં ગયો ત્યાં નફરતના બીજ વાવતો ગયો.' તેમ દિગ્વિજયસિંહે જણાવ્યું હતું.

વાયુ પ્રદુષણથી દિલ્હીનાં હાલ બેહાલ : ૧૪૧ પ્રદુષિત શહેરોની યાદીમાં ગાઝીયાબાદનો પ્રથમ નંબર

નવીદિલ્હી,તા. ૧૧: રાજધાની દિલ્હીમાં પ્રદૂષણદિવસે દિવસેવધતુ જ જઈ રહ્યુ છે. એનસીઆરમાં તો સ્થિતિ ખૂબ જ ખરાબ બની છે. દિવાળીના ૬ દિવસ બાદ તો NCRના શહેરોમાં પ્રદૂષણ ઓસરવાનું નામ નથી જ લઈ રહ્યું. ફ્રઝઈમાં ગાઝિયાબાદમાં સૌથી ખરાબ હવા છે.

ગાઝિયાબાદમાં સૌથી ખરાબ છે. જેને કારણે બુધવારે દેશના ૧૪૧ સૌથી પ્રદૂષિત શહેરોની યાદીમાં તેને પ્રથમ સ્થાન મળ્યું છે. આ સાથે બુલંદ શહરથી પાણીપત સુધીની સ્થિતિ પણ ગંભીર છે. આગામી બે દિવસ સુધી સ્થિતિ એવી જ રહેશે. ૧૩નવેમ્બરથી હવાની ગુણવત્તાના સ્તરમાં થોડો સુધારો થવાની ધારણા છે.ગાઝિયાબાદનો AQI ૪૨૮ હતો. AQI ફરીદાબાદમાં ૩૮૦, ગ્રેટર નોઈડામાં ૩૭૮, ગુરૂગ્રામમાં ૩૪૦ અને નોઈડામાં ૩૭૪ છે.

એનસીઆર અને નજીકના શહેરોમાં વધતા પ્રદૂષણનું આ એક મુખ્ય કારણ માનવામાં આવે છે. પવનની દિશા ઉત્તર-પશ્ચિમ રહે છે, પરંતુ ઝડપ હળવી રહે છે. આના કારણે સ્ટબલનો ધુમાડો ઓછી માત્રામાં દિલ્હી-એનસીઆર સુધી પહોંચ્યો છે.

અનુમાન છે કે આગામી બે દિવસમાં પવનની ગતિ વધશે અને દિલ્હી-એનસીઆરમાં સ્ટબલના ધુમાડા વધવા લાગશે. આનાથી હવાની ગુણવત્તા વધુ ખરાબ થવાની સંભાવના છે.તેમજ સ્થાનિક રીતે ફૂંકાતા પવનની ઝડપ ઓછી હોવાને કારણે પ્રદૂષણનો ફેલાવો ઓછો થશે અને તે લાંબા સમય સુધી એક જ જગ્યાએ રહેશે. જેના કારણે દિલ્હી-એનસીઆર ઉપર પ્રદૂષણની ચાદર છવાયેલી રહી શકે છે.

પેટ્રોલ - ડીઝલને જીએસટી હેઠળ લાવવા ગડકરીએ સમર્થન કર્યુ

નવી દિલ્હી તા. ૧૧

કેન્દ્રીય રોડ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરીએ કહ્યું કે પેટ્રોલિયમ ઉત્પાદનોને જીએસટીના દાયરામાં લેતાં પેટ્રોલ-ડીઝલ ઉપર ટેકસ વધુ ઓછો થઈ જશે અને તેમાં કેન્દ્ર તથા રાજય સરકારોના રેવન્યૂમાં પણ વધારો થશે. નિતિન ગડકરીએ કહ્યું કેરાજય સરકારોનું સમર્થન મળતાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે પેટ્રોલ અને ડીઝલને જીએસટીના દાયરામાં લાવવાનો પ્રયત્ન જરૂર કરશે. કેન્દ્રીય રોડ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરી એ કહ્યું 'જીએસટી પરિષદમાં રાજયોના નાણામંત્રી પણ સભ્ય હોય છે. કેટલાક રાજય પેટ્રોલ અને ડીઝલને જીએસટીના હેઠળ લાવવાના વિરૂધ્ધ છે. જયારે પેટ્રોલ, ડીઝલને જીએસટીના દાયરામાં લાવવામાં આવશે, તો તેમના ઉપર ટેકસ ઓછો થઈ જશે અને કેન્દ્ર ને રાજયો બંનેની રેવન્યૂ વધશે. જીએસટી પરિષદએ પોતાની ૧૭ સપ્ટેમ્બરની બેઠકમાં પેટ્રોલ - ડીઝલને જીએસટીને દાયરાની બહાર રાખવાનો નિર્ણય કર્યો હતો.' તો બીજી તરફ સરકાર દ્વારા પેટ્રોલ અને ડીઝલ ઉપર એકસાઈઝ ડ્યૂટીમાં ક્રમશઃ પાંચ અને ૧૦ રૂપિયાનો ઘટાડા સંબંધિત સવાલ પર ગડકરી કહ્યું કે કેન્દ્ર સરકારે આમ જનતાને રાહત આપવા માટે સારૂ પગલું ભર્યું છે. તેમણે કહ્યું 'જે પ્રકારે કેન્દ્રએ આમ જનતાને રાહત આપતાં એકસાઈઝ ડ્યૂટીમાં કાપ કર્યો છે, આશા છે કે રાજય સરકારો પણ તેનું અનુસરણ કરશેઅને વેટમાં કાપ કરશે. તેનાથી સામાન્ય જનતાને વધુ રાહત મળી શકશે.

ઓફર...ઓફર... M. 99787 06355 ફોન: (૦૨૮૫) ૨૬૨૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, પોર્ટેબિલ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. 5500* થી શરૂ

MI-GL

બીના ઈલેક્ટ્રોનિક્સ

SAMSUNG

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, પોર્ટેબિલ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ

જે.પી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

કોરોના જેવા જ લક્ષણ ધરાવતા ડેંગ્યુનાં કેસમાં મોટી સંખ્યામાં વધારો નોંધાતા ચિંતાનાં વાદળો

નવી દિલ્હી તા. ૧૧

કોરોના વાઈરસ મહામારીની ત્રીજીલહેરની ભીતી વચ્ચે દેશના અનેક રાજ્યોમાં ડેન્ગ્યુના કેસ મોટી સંખ્યામાં નોંધાઈ રહ્યા છે, જેના કારણે તંત્રની ચિંતા વધી ગઈ છે. કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખ માંડવિયા દ્વારા દેશનાં ૯ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ડેન્ગ્યુને નાથવા માટે હાઈ-લેવલ ટીમ મોકલી દેવાઈ છે. કોરોના વાઈરસના સંક્રમણની ત્રીજી લહેરની સંભાવના વચ્ચે ડેન્ગ્યુના કેસો નોંધાઈ રહ્યા છે. હરિયાણા, કેરળ, પંજાબ, રાજસ્થાન, તામિલનાડુ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્હી અને જમ્મુ-કાશ્મીરમાં મોટી સંખ્યામાં ડેન્ગ્યુના કેસ નોંધાઈ રહ્યા છે. અહેવાલ પ્રમાણે આ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કુલ એક લાખ ૧૬ હજાર કરતાં વધારે કેસ નોંધાયા છે. ગુજરાતમાં પણ પાછલાં વર્ષોની તુલનાએ ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના કેસોની સંખ્યામાં વધારો નોંધાયો છે.

સૌરાષ્ટ્ર-કચ્છનો દરિયા કિનારો ડ્રગ્સ અને હથિયારો સહિતની ગેરકાયદેસર પ્રવૃતિનું એપી સેન્ટર

કેન્દ્ર સરકારનાં કડક વલણને કારણે ગુજરાત અને દેશમાં ડ્રગ્સનાં દુષણને ડામવામાં સફળતા

અમદાવાદ તા. ૧૧

સૌરાષ્ટ્ર-કચ્છનો દરિયોકિનારો ગુનાહિત પ્રવૃત્તિ માટે વર્ષોથી પંકાયેલો છે, બોમ્બ બ્લાસ્ટનું RDX હોય, ડ્રગ્સનો કાળો કારોબાર હોય કે પછી આતંકવાદી પ્રવૃત્તિ હોય. ભારતમાં આવી ગુનાહિત પ્રવૃત્તિને અંજામ આપવામાં સૌરાષ્ટ્ર-કચ્છનો દરિયાકિનારો અનેક વખત એપી સેન્ટર રહ્યું છે. સૌરાષ્ટ્રનો દરિયાકિનારો ગેટવે ઓફ ગુજરાત બની ગયો છે. આતંકવાદી, RDX, હથિયારો અને ડ્રગ્સની ઘૂસણખોરીનો માર્ગ અહીં મોકળો છે. ગઈકાલે જામખંભાળિયાના દરિયાકિનારેથી રૂા. ૩૫૦ કરોડથી વધુનું ડ્રગ્સ ઝડપાયું છે. જેનાથી સમગ્ર સૌરાષ્ટ્રના દરિયાકિનારાની સુરક્ષા ઉપર મોટો સવાલ ઊભો થયો છે. છેલ્લાં પાંચ વર્ષમાં ગુજરાત ATS અને કોસ્ટગાર્ડે ૩૦ હજાર કરોડનું ડ્રગ્સ પકડી પાડ્યું છે. સૌરાષ્ટ્ર-કચ્છનો દરિયાકાંઠો નશીલા દ્રવ્યોના સોદાગરો માટે ટ્રાન્ઝિટ પોઈન્ટ બન્યો છે. આ વાતની સાબિતી છેલ્લાં પાંચ વર્ષમાં ગુજરાત ATS અને કોસ્ટગાર્ડ સહિતની એજન્સીઓએ ૮ મોટા સેન્ટર રહ્યું છે. સૌરાષ્ટ્રનો કન્સાઈનમેન્ટ સાથે ૩૦ હજાર કરોડનું ડ્રગ્સ પકડ્યું તેના ઉપરથી મળે છે. આધારભૂત સુત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે ઈન્ટરનેશનલ ડ્રગ્સમાફિયા સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકિનારાનો ઉપયોગ ટ્રાન્ઝિટ પોઈન્ટ તરીકે કરીરહ્યાંછે. ખાસ કરીને ગુજરાતના ૧૬૦૦ કિલોમીટરના દરિયાકાંઠા ઉપર આવેલા ૪૨ બંદરોમાંથી ૧૭ નોન મેજર પોર્ટ છે કે જે કાર્ગો હેન્ડલ કરે છે. આવા બંદરો ઉપર અરેબિયન દેશોમાંથી બીજા કોઈ સામાન સાથે હેરોઈન કે અન્ય ડ્રગ્સ ગુજરાતના બંદર ઉપર કન્ટેનરમાં ઉતારાય છે. ગુજરાતથી ટ્રાન્સપોર્ટમાં આ કન્ટેનર દેશના દક્ષિણ કે પૂર્વના બંદર વિસ્તારની કોઈ પેઢીમાં જાય છે. આ કન્ટેનર દક્ષિણ કે પૂર્વવિસ્તારમાંથી એક્સપોર્ટ થાય છે.

સ્ટાફ જોઈએ છે

કોમ્પ્યુટરનાં અનુભવી અને સિંગદાણાનાં કારખાનાનાં અનુભવી સ્ટાફની જરૂર છે. પગાર લાયકાત મુજબ આપવામાં આવશે.

:: કોન્ટેકટ ::

૯૯૦૪૭ ૬૫૭૫૭, ૯૯૭૪૬ ૫૫૭૫૭

ફલેટ વેચાવ છે

2BHK બે રૂમ, હોલ, રસોડું, બે રવેશ, ફુલ હવા ઉજાસ, ૨૪ કલાક લીફટ ફુલ પાર્કીંગ, ૨૪ કલાક પાણી, સેમી ફર્નિચર સાથે, ૮મો માળ, ૮-બી

કિંમત ૧૩.૫૦

અબ્દુલ્લા બાગ એપાર્ટમેન્ટ, જેલ રોડ, મુલ્લાવાડાનાં નાકે, જૂનાગઢ

અલ્તાફભાઈ કલ્યાણી

મો. ૯૩૨૭૩ ૫૦૪૮૬

હોટલ / રીસોર્ટ/ગેસ્ટહાઉસ ભાડે / લીઝથી જોઈએ છે

જૂનાગઢ, ગિર સોમનાથ, દેવભૂમિ દ્વારકા વિસ્તારમાં વાર્ષિક ધોરણે ચલાવવા માટે જોઈએ છે

સંપર્ક : ૯૬૨૪૪ ૬૫૦૦૦

ૐ ઉપચાર કેન્દ્ર

ડૉ. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નેચરોપેથિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસાઈટીસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા,
- નેત્ર તર્પણ : આંખના નંબર ઉતારવા, આંખમાં બળતા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીનાં રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮

નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

શોપ નં. ૩, શકિત કોમ્પ્લેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આયુર્વેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત

(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ, મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાપાસ ચોકડી, ૯-સ્કવેર બિલ્ડીંગ, ત્રીજા માળે, કે.જે. હોસ્પીટલની બાજુમાં, જૂનાગઢ

સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

દ્વારકા જિલ્લામાંથી આશરે રૂપિયા ૩૨૫ કરોડ જેટલો ડ્રગ્સનો જથ્થો ઝડપાતા રાજ્યભરમાં ભારે ચકચાર

ગુજરાત બન્યું ડ્રગ્સનું હબ : છેલ્લા પાંચ માસમાં ૨૫ હજાર કરોડનું ડ્રગ્સ ઝડપાયું

જામ ખંભાળિયા તા.૧૧

દેશના છેવાડાના જિલ્લા એવા દેવભૂમિ દ્વારકા જિલ્લો કે જેની સરહદ પાકિસ્તાનથી નજીક ગણાય છે અને દરિયાઈ વિસ્તાર પણ પાકિસ્તાનથી નજીક આવેલો છે. જ્યાં ગઈકાલે બુધવારે જિલ્લા પોલીસને કરોડો રૂપિયાનો વિશાળ માત્રામાં ડ્રગ્સનો જથ્થો પકડી પાડવામાં સફળતા મળી છે. કોઈપણ એજન્સીની મદદ વગર જિલ્લા પોલીસે મુંબઈમાં રહેતા અને શાકભાજીનો વેપાર કરતા એક મુસ્લિમ યુવાન તથા તેની તપાસ બાદ સલાયાના બે કુખ્યાત શખ્સોને પણ ડ્રગ્સના કરોડો રૂપિયાની કિંમતના વિશાળ જથ્થા સાથે દબોચી લીધા છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં માદક દ્રવ્યનો જથ્થો ઉતર્યો હોવા તથા તેની હેરાફેરી થતી હોવા અંગેની પ્રાથમિક બાતમી જિલ્લા એસ.ઓ.જી. પોલીસ સ્ટાફને મળતા અંગે જિલ્લા પોલીસ વડા સુનિલ જોશીના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. પી.આઈ. જે.એમ. ચાવડા તથા પી.એસ.આઈ. પી.સી. સીંગરખીયા દ્વારા અતિ ગુપ્ત રીતે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જે અંગે મંગળવારે મોડીરાત્રે ખંભાળિયા-જામનગર હાઈવે માર્ગ ઉપર અત્રેથી આશરે ૧૧ કિલોમીટર દૂર આવેલા આરાધનાધામ પાસે એક સ્કુલ બેગ તથા બે બેગ સાથે ઉભેલા એક શંકાસ્પદ શખ્સની અટકાયત કરી, તેની તલાસી લેવામાં આવી હતી. આ શખ્સની ઝળતીમાં તેની પાસે રહેલી જુદી-જુદી બેગમાંથી માદક દ્રવ્યોના કુલ ૧૯ પેકેટ પોલીસને સાંપડ્યા હતા. આ સંદર્ભે ઉપસ્થિત પોલીસ અધિકારી તથા સ્ટાફ દ્વારા આગવી ઢબે કરવામાં આવેલી પૂછતાછમાં પોપટ બનેલા હિન્દી ભાષી એવા આ શખ્સે સાથેના ૧૯ પેકેટમાં હેરોઈન થતા મેથાએમફેટામાઈન નામના માદક પદાર્થ હોવાનું કબૂલ્યું હતું. ઝડપાયેલો શખ્સ મહારાષ્ટ્ર રાજ્યના થાણે જિલ્લાના મુંબરા ખાતે રહેતો સજ્જાદ સિકંદર બાબુ ઘોસી હોવાનું ખુલવા પામ્યું છે. ૪૪ વર્ષીય ઉપરોક્ત મુસ્લિમ શખ્સ મુંબઈ ખાતે શાકભાજીના વેપાર કરતો હોવાનું વધુમાં જાહેર થયું છે. ૧૯ પેકેટમાં ઝડપાયેલા હિરોઈન સહિતના માદક પદાર્થ ૧૭.૬૫૧ કિલોગ્રામ હોવાનું અને તેની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં રૂપિયા ૮૮,૨૫,૫૧,૦૦૦ થતી હોવાનું જાહેર થયું છે. આથી પોલીસે મુંબઈના સજ્જાદ ઘોસી નામના ઉપરોક્ત શખ્સની વિધિવત રીતે ધરપકડ કરી, ખંભાળિયા તાલુકાના વાડીનાર મરીન પોલીસ મથકમાં તેની સામે એનડીપીએસ એકટ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. આ શખ્સ પાસેથી એક મોબાઈલ ફોન પણ મળી આવ્યો છે, જેને પણ પોલીસે તપાસ અર્થે કબજે લીધો છે.

ઝડપાયેલા આ શખ્સની પોલીસે આગવી ઢબે પૂછપરછ કરતા માદક પદાર્થનો આ જથ્થો તેણે સલાયાના રહીશ સલીમ યાકુબ કારા અને અલી યાકુબ કારા નામના બંધુઓ પાસેથી મેળવ્યો હોવાનું કબૂલ્યું હતું. ગત તારીખ ૭મીના રોજ મુંબઈથી ખંભાળિયા આવી અને અહીંની એક હોટેલમાં બે દિવસ રહ્યા બાદ મંગળવારે તેણે ચેક આઉટ કરી અને ઉપરોક્ત નશીલા પદાર્થ મેળવી અને મુંબઈ ખાતે પરત નીકળતા પોલીસે ગત મોડી રાત્રે જ તેને માર્ગમાં જ દબોચી લીધો હતો. આ પ્રકરણ સંદર્ભે અતિ ગુપ્તતાપૂર્વક હાથ ધરવામાં આવેલ કામગીરીમાં સલાયાના ઉપરોક્ત બે મુસ્લિમ શખ્સો સલીમ તથા અને અલી યાકુબ કારાને પોલીસે ઝડપી લઈ તેઓના ઘરની ઝડતી તપાસ કરતા આ સ્થળેથી પણ કરોડ રૂપિયાની કિંમતના વધુ ૪૭ પેકેટ માદક પદાર્થના મળી આવ્યા હતા. જેથી પોલીસે આ અંગે પણ વિધિવત રીતે કામગીરી કરી અને તેના વજન તેમજ કિંમત અંગેની ધોરણસરની કાર્યવાહી કરી હતી. એક પ્રાથમિક અંદાજ મુજબ આશરે ૪૬ કિલો ડ્રગ્સની કિંમત રૂપિયા ૨૨૫ કરોડ જેટલી આંકી શકાય. આ પ્રકરણની આગળની તપાસ અહીંના પી.આઈ. પી.એમ. જુડાલને સોંપવામાં આવી છે. પ્રથમ આરોપી થાણે-મુંબઈના સજ્જાદ ઘોસીને અહીંની અદાલતમાં રિમાન્ડ અર્થે રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રકરણની તપાસનો ધમધમાટ ગત મોડી રાત્રી સુધી ચાલ્યો હતો. ઉપરોક્ત આરોપી ઉપરાંત આ ગુનામાં અન્ય કેટલાક શખ્સોના નામ ખૂલે તો પણ નવાઈ નહીં. જે અંગેના કડાકા-ભડાકા આગામી ટૂંક સમયમાં થવાની સંભાવનાઓ પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.

ઝડપાયેલા આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ

નશીલા પદાર્થો સાથે ગઈકાલે ઝડપાયેલા મુંબઈના રહીશ સજ્જાદ સિકંદર અગાઉ હત્યા કેસમાં સંડોવાયેલા હોવાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. આ ઉપરાંત સલાયાનો સલીમ યાકુબ કારા પણ અગાઉ નશીલા પદાર્થ તેમજ ડુપ્લીકેટ ચલણી નોટોના પ્રકરણમાં જેલની હવા ખાઈ ચુક્યો હોવાનું અને તેની ઉપર ૭ જેટલા ગુના અગાઉ નોંધાયા છે. તેનો ભાઈ અલી યાકુબ કારા સામે જુગાર સહિતના ગુના નોંધાયા હોવાનું પોલીસ દ્વારા જાણવા મળ્યું છે.

સજ્જાદ તથા સલીમ કારા મુંબઈ જેલમાં મળ્યા હતા

હત્યાનો આરોપી સજ્જાદ તથા સલાયા પંથકના ગુનાનો અને વિવિધ ગુનાઓમાં સંડોવાયેલો સલીમ યાકુબ અગાઉ મુંબઈ ખાતે જેલમાં લાંબો સમય સાથે રહ્યા હોવાનું અને તેઓ સાથે ત્યાંથી આગળનો વ્યવહાર થયો હોવાનું પણ જાણવા મળ્યું છે.

આરોપી કારા બંધુઓનો બંગલો કસ્ટમ ઓફિસની સામે જ

ગઈકાલે કરોડો રૂપિયાની કિંમતના માદક પદાર્થ સાથે ઝડપાયેલા કારા બંધુઓનું ઘર સલાયામાં કસ્ટમ ઓફિસની સામે જ આવેલું છે. ત્યારે અહીંની ભેદી હિલચાલ શું કસ્ટમના ધ્યાને નહીં આવી હોય ? તે મુદ્દો પણ વિચારવા જેવો રહ્યો. આ ઉપરાંત કારા પરિવારના સદસ્યો દાયકાઓ અગાઉ દાણચોરી સહિતની કેટલીક શંકાસ્પદ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હોવાનું પણ જાણવા મળ્યું છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસની નોંધપાત્ર કામગીરી

ખંભાળિયામાંથી ગઈકાલે બુધવારે આટલી નોંધપાત્ર માત્રામાં ઝડપાયેલો કરોડો રૂપિયાનો માદક પદાર્થનો જથ્થો પ્રથમ વખત ઝડપાયો છે. આ ડ્રગ્સનો જથ્થો દરિયાઈ માર્ગે સલાયા આવ્યો હતો અને જિલ્લા પોલીસ દ્વારા કોઈપણ એજન્સીની મદદ કે માહિતી વગર સમગ્ર ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડવામાં સફળતા મેળવી છે. આ તદ્દન ગ્રાઉન્ડ વર્ક પ્રકારની આ સમગ્ર કામગીરીની નોંધ રેન્જ આઈ.જી. તેમજ ગૃહ વિભાગ દ્વારા પણ લેવામાં આવી છે અને તેમના દ્વારા જિલ્લા પોલીસ વડા સુનિલ જોશી તેમજ એસઓજી સહિતની પોલીસની ટીમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે. આ નોંધપાત્ર કામગીરી બદલ આગામી સમયમાં કેન્દ્ર દ્વારા જિલ્લા પોલીસને પુરસ્કાર પણ આપવામાં આવશે.

અગાઉ પણ કરોડો રૂપિયાનું ડ્રગ્સ ઝડપાયું હતું

ખંભાળિયા તાલુકાના અતિ કુખ્યાત બનેલા સલાયા ખાતેથી આશરે ત્રણેક વર્ષ પહેલા એટીએસ વિભાગે કરોડો રૂપિયાના ડ્રગ્સના જથ્થા સાથે સ્થાનિક શખ્સોને ઝડપી લીધા હતા. જેના આરોપીઓ હજુ પણ જેલમાં છે. ગઈકાલે ઝડપાયેલો ડ્રગ્સનો જથ્થો અગાઉ કરતાં અનેક ગણો વધારે છે. આ સમગ્ર પ્રકરણ સંદર્ભે આજે આરોપીઓના રિમાન્ડ મેળવી આ પ્રકરણમાં સંડોવાયેલા અન્ય શખ્સો તથા ડ્રગ્સના વધુ જથ્થાની હેરાફેરી સંદર્ભની કડીઓ મેળવવા પોલીસ દ્વારા ઊંડાણપૂર્વકની કાર્યવાહી કરવામાં આવશે.

જિલ્લામાં ત્રણ મરીન પોલીસ મથકમાં સાત બોટ દ્વારા પેટ્રોલિંગ

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વાડીનાર, સલાયા તથા ઓખા એમ ત્રણ મરીન પોલીસ મથક આવેલા છે. અહીં સરકાર દ્વારા ફાળવવામાં આવેલી સાત દરિયાઈ સ્પીડ બોટ મારફતે પેટ્રોલિંગ કરવામાં આવી છે. આ વચ્ચે ઉલ્લેખનીય છે કે, સેન્સેટિવ એવા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કોસ્ટ ગાર્ડ તથા બીએસએફ વોટરવિંગનું પેટ્રોલિંગ વધુ મજબૂત બનાવવામાં આવે તે બાબત હાલમાં સંજોગોમાં જરૂરી માનવામાં આવી રહી છે.

જાંબાઝ પોલીસ અધિકારીઓની ટીમને શ્રેય

સમગ્ર ગુજરાતમાં જેની નોંધ લેવામાં આવી છે કે, દેવભૂમિ દ્વારકા જિલ્લાની ડ્રગ્સ અંગેની નોંધપાત્ર અને સુંદર કામગીરી માટે રાજ્યના ઉચ્ચ વિભાગો દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લાના પોલીસ વડા સુનિલ જોશીની સીધી દેખરેખ હેઠળ અન્ય અધિકારીઓ ડીવાયએસપી નીલમબેન ગોસ્વામી, સમીર સારડા, હિરેન્દ્ર ચૌધરી તથા પી.આઈ. જે.એમ. ચાવડા, પી.એમ. જુડાલ, જે.એમ. પટેલ, પી.એસ.આઈ. પી.સી. સિંગરખીયા તથા સ્ટાફને આ સમગ્ર પડકાર રૂપ અને ગુપ્ત ઓપરેશનની સફળતાના યશભાગી માનવામાં આવે છે.

પાંચ મહિનામાં ૨૫ હજાર કરોડનું ડ્રગ્સ ઝડપાયું

છેલ્લા પાંચ મહિનમાં ૨૪,૮૦૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયું છે, તો ૨૧ એપ્રિલ અરબી સમુદ્રમાં એક બોટમાંથી ૧૫૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ ઝડપાયું હતું. ૧૭ જુલાઈએ પોરબંદર નજીક સમુદ્રમાંથી રૂા.૩૫૦૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયું હતું. ત્યારે ૨૧ સપ્ટેમ્બર પોરબંદર નજીકથી ૧૫૦ કરોડનું અને બાદમાં મુંદ્રાનાં અદાણી પોર્ટ ઉપરથી ૨૧,૦૦૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયું હતું. ગ્રામ્ય વિસ્તારોને પણ આ રેકેટ ખોખલું બનાવી રહ્યું છે. ગામડામાં ગાંજો અને અફીણ આસાનીથી મળી રહે છે. ત્યારે મહાનગરો, નાના શહેરોમાં એમડી, એનસીબી, બ્રાઉનશુગર, મલાણા ક્રીમ, કોકેનનું વેંચાણ થઈ રહ્યું છે માહિતી પ્રમાણે ગાંજો, ચરસ અને અફીણ વેંચતા પેડલરોની સંખ્યા ૧૦ હજારથી પણ વધુ છે, તો હાઈ પ્રોફાઈલ ડ્રગ્સ વેંચતા પેડલરોની સંખ્યા ઓછામાં ઓછી ૧૦૦૦ જણાવવામાં આવી રહી છે. એ પણ જણાવી દઈએ કે, ગાંજાનાં પેડલરો રોજ ૨૦ ગ્રાહકોને ૧૦૦થી ૨૦૦નાં ભાવે પડીકી વેંચે છે. ઉપરાંત હાઈ પ્રોફાઈલ ડ્રગ્સનાં પેડલરો રોજ ૨૦ ગ્રાહકોને ૨૫૦૦નાં ભાવે ડ્રગ્સ વેંચે છે. રાજ્યમાં રોજનું ૮ કરોડ એટલે કે મહિને ૨૪૦ કરોડનું ડ્રગ્સ વેંચાતું હોવાની આશંકા છે.

રાજ્યમાં તાજેતરમાં ઝડપાયેલ ડ્રગ્સનો જથ્થો

સુરતમાં એમડી ડ્રગ્સનો ૫૮.૫૩૦ ગ્રામ જથ્થો ઝડપાયો, મુંદ્રા પોર્ટ ઉપરથી ૨૧ હજાર કરોડનું ૨૯૮૮ કિલો હેરાઈન ઝડપાયું, ૨૪ ઓકટોબરે અમદાવાદમાં ૨૫ લાખનું ડ્રગ્સ ઝડપાયું, ૧૨ ઓકટોબરે ડીસામાંથી ૧૫ લાખનું ડ્રગ્સ ઝડપાયું, ૨૫ સપ્ટેમ્બરે સુરતથી ૧૯.૬૨ લાખનું એમડી ડ્રગ્સ જપ્ત, ૨૦ સપ્ટેમ્બરે પોરબંદર ડ્રગસ સાથે ૭ ઈરાની નાગરિકો ઝડપાયા, ૪ ઓગસ્ટે વલસાડથી એમડી ડ્રગ્સ બનાવતી કંપની ઝડપાઈ, પોલીસ અને એનસીબીએ ૬.૬ કરોડનાં માદક દ્રવ્યો જપ્ત કર્યા છે.

દેશમાં ઈલેક્ટ્રોનિકસ ચીજવસ્તુઓના ભાવો હજુ પણ વધવાની સંભાવના

નવી દિલ્હી તા.૧૧

દિવાળીના તહેવારો દરમ્યાન ખરીદી વખતે ગ્રાહકોને ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. સામાન્ય ચીજવસ્તુઓની અછતને કારણે લોકોએ વધુ કિંમત ચૂકવી ખરીદી પણ કરી હતી. હજુ પણ ફુગાવો વધવાની સંભાવના બની છે. જે અંગે નિષ્ણાંતોનું કહેવું છે કે, વૈશ્વિક અર્થવ્યવસ્થામાં સપ્લાય ચેઈનમાં અડચણ ઉભી થઈ છે. જેના કારણે લોકોને મોંઘી ચીજવસ્તુઓ ખરીદવા મજબૂર થવુ પડે છે.

કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડીયા ટ્રેડર્સના જણાવ્યા પ્રમાણે દિવાળી દરમ્યાન ભારતીયોએ કન્ઝયુમર ગુડસ ઉપર ૧.૨૫ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો પરંતુ કન્ઝયુમર ઈલેક્ટ્રોનિકસ એન્ડ એપ્લાયન્સ મેન્યુ. એસો.ના આંકડા અનુસાર અમારે હોમએપ્લાયન્સીસ અને ઈલેક્ટ્રોનિકસ સામાનની અછતનો સામનો કરવો પડયો જેની કિંમત એક વર્ષ પહેલાની તુલનામાં ૧૨ ટકા વધી ગઈ છે. સેમીકન્ડકટર્સ એટલે કે ચીપની અછતને કારણે કાર, એપ્લાયન્સીસ, મોબાઈલ ફોન અને ટીવી સેટના પ્રોડકશનને અસર કરી છે.

નિષ્ણાંતોનું કહેવું છે કે, ચીપ મેટર મહત્વના કોમ્પોનન્ટ બનાવવા માટે મથી રહ્યા છે. આનો અર્થ એ પણ છે કે ભારતીય કારખાના અને ગ્રાહકો પ્રોડકટસની કિંમતો વધારવા માટે આવું કરી રહ્યા હોય જેની અસર દિવાળી દરમ્યાન પણ જોવા મળી. ઈલેક્ટ્રોનિકસ રીટેલર જણાવે છે કે દિવાળી બાદ સ્ટોક ઘટી ગયો છે. દિવાળી ઉપર પણ ઓછો હતો. આઈફોન સહિત હાઈએન્ડ મોબાઈલ ફોનની સપ્લાયમાં અડચણ હતી. રીઝર્વ બેન્કના આંકડાઓ અનુસાર હાલના મહિનાઓમાં ફુગાવો ઘટયો છે પરંતુ તે વધવાની શકયતા છે.

ધો. ૧ થી પાંચનાં શિક્ષણ વર્ગો આવતા મહીનાથી શરૂ થાય તેવી શકયતા

ગાંધીનગર તા. ૧૧

ગુજરાત રાજય સરકર ધો. ૧ થી પાંચનાં શાળાનાં વર્ગો શરૂ કરે તેવી શકયતાઓ સેવાઈ રહી છે. કોરોના વાયરસનાં કહેર અને લોકડાઉન પછી બીજી લહેર બાદ સરકારે સ્કુલ-કોલેજનાં વર્ગો શરૂ કરી દીધા છે. હવે ધો. ૧ થી પાંચનાં વર્ગો શરૂ થાય તેવી ચર્ચા પણ થઈ રહી છે. શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણીએ કહયું કે શિક્ષણ જગતનાં તજજ્ઞો તેમજ વાલીઓ સાથે વિચાર વિમર્શ કર્યા બાદ જ બાળકોની શાળાઓ શરૂ કરવા અંગે આખરી નિર્ણય લેવાશે.

ધુનડાનાં સંત

પૂ. જેન્તીરામ બાપાનો આજે જન્મ દિવસ

દેશ વિદેશમાં સેવક સમુદાય દ્વારા ભવ્ય ઉજવણી

જૂનાગઢ તા. ૧૧

જામજોધપુર નજીક આવેલ ધનુડા સતપુરણધામ આશ્રમ અને મુંબઈ જે ભગવાન સત્સંગ સાગરનાં સંસ્થાપક પૂ. જેન્તીરામ બાપાનો આજે ૬૪મો જન્મ દિવસ છે. ભજન સત્સંગનાં માધ્યમથી અનેક લોકોનાં જીવન પરીવર્તન કરાવનાર દેશ વિદેશમાં બહોળી અનુયાયી વર્ગ ધરાવતા પૂ. જેન્તીરામ બાપાનો આજે જન્મ દિવસ છે. ત્યારે સૌરાષ્ટ્ર-કચ્છ, ગુજરાત, મુંબઈ અને દેશ વિદેશનાં લોકો ફેશબુકમાં ઓનલાઈન જોડાઈ સેવક સમુદાય પૂ. બાપાને જન્મ દિવસની શુભેચ્છા પાઠવી તેઓનું આરોગ્ય નિરામય રહે અને દિર્ઘાયું આયુષ્ય ભોગવે તેવી શુભકામના પાઠવી રહયા છે. તેમજ સાધુ સંતો પૂ. બાપાને મો. નં. ૯૮૭૯૨ ૪૨૩૫૫ ઉપર શુભેચ્છા પાઠવી રહયા છે.

ગુજરાત રાજયમાં કોઈપણ રીતે ડ્રગ્સનાં દુષણને ચલાવી નહીં લેવાય : ગૃહ રાજયમંત્રી



ગાંધીનગર તા. ૧૧

ગુજરાતનું ગૃહ વિભાગ અને પોલીસ છેલ્લા કેટલાય સમયથી ગુજરાતને ડ્રગ્સનાં દુષણથી દૂર રાખવા માટે સતત કામ કરી રહયું છે.

ગુજરાત રાજયમાં યુવાધનને બરબાદ કરવા તરફ ચાલી રહેલા સૌથી મોટા ડ્રગ્સ રેકેટને લઈને ગૃહ રાજયપ્રધાન હર્ષ સંઘવીએ મહત્વનું નિવેદન આપ્યું છે. ડ્રગ્સનું દુષણ વેસ્ટર્ન દેશોમાં વધ્યું છે. અને યુવાધનને આદલદલમાં ફસાવવામાં આવી રહયા છે. ડ્રગ્સનાં દુષણની ભારતમાં કેવી રીતે કંટ્રોલ કરવું તે અંગેની કડક નિતી પણ બનાવાઈ છે.

રામ નામ મે લિન હૈ, દેખત સબ મેં રામ, તાકે પદ વંદન કરૂ જય જય જલારામ

જૂનાગઢ તા. ૧૧

સંત શિરોમણી પરમ પૂ. જલારામ બાપાની ૨૨૨મી જન્મ જયંતિની આજે સમગ્ર સૌરાષ્ટ્રમાં ભાવભેર ઉજવણી કરવામાં આવી રહી છે. સૌરાષ્ટ્રનાં પ્રત્યેક ગામો અને શહેરોમાં જય જલ્યાણનો નાદ ગુંજી ઉઠયો છે.

આજે પૂ. જલારામ બાપાને અન્નકુટ પ્રસાદ ધરાવવામાં આવેલ છે તેમજ સમૂહ નાત પ્રસાદ તો કયાંક પ્રસાદી વિતરણ, રકતદાન શિબિરો સહિત સેવાકીય કાર્યો હાથ ધરવામાં આવેલ છે.

જૂનાગઢ શહેરમાં પણ વિવિધ સોસાયટી, મહોલ્લાઓમાં આજે જલારામ જયંતિની ઉજવણી થઈ રહી છે. પૂ. જલારામ બાપાનાં કર્મભૂમિ એવા મુખ્ય ધામ એવા વિરપુર જલારામ મંદિરે અનેરા ઉત્સાહ સાથે ઉજવણીનો માહોલ શરૂ થયો છે. આજે સેવાની, ધર્મની અને અન્નદાન, સામૂહ પ્રસાદ સહિતની જયોત પ્રગટી રહી છે અને સર્વત્ર સંત શિરોમણી પૂ. જલારામ બાપાની જન્મ જયંતિની ભાવપૂર્ણ ઉજવણી થઈ રહી છે.

ખતરાની આલબેલ

કોરોનાના દર્દી માટે દિલ્હીની હવા બની શકે છે જીવલેણ, શ્વાસના દર્દીઓમાં ૨૦ ટકાનો વધારો

નવી દિલ્હી તા.૧૧

દિવાળી અને સ્ટબલ બર્નિંગને પગલે દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં હવાને ખરાબ અસર થઈ છે. સતત ઘટતી હવાની ગુણવત્તાની અસર લોકોના સ્વાસ્થ્ય ઉપર દેખાવા લાગી છે. રાજધાનીના ડોકટરોએ શોધી કાઢયું છે કે, શ્વાસની સમસ્યાઓના દર્દીઓમાં ૨૦ ટકાનો ઉછાળો આવ્યો છે. વધુમાં નિષ્ણાંતોનું કહેવું છે કે, એકયુઆઈના હાલના સ્તરની ગંભીર અસર એવા દર્દીઓ ઉપર પણ થઈ શકે છે જેઓ તાજેતરમાં કોવિડ-૧૯માંથી સાજા થયા છે. બીએલકે-મેક્સ હોસ્પિટલના રેસ્પિરેટરી મેડિસિન વિભાગના પ્રમુખ ડો. સંદીપ નાયરે જણાવ્યું હતું કે, "ફેફસાની સમસ્યાથી પીડાતા દર્દીઓમાં ૨૦ ટકાનો વધારો થયો છે.

હવામાનમાં ફેરફારને કારણે છેલ્લા ૧૫-૨૦ દિવસમાં આ દર્દીઓને ગંભીર લક્ષણોનો સામનો કરવો પડી રહ્યો છે. તેમણે કહ્યું કે, દિવાળી બાદ પ્રદૂષણનું સ્તર વધ્યું છે અને હવે તે સ્ટબલ બર્નિંગ, કારનો ધુમાડો અથવા ફટાકડા સળગાવવાને કારણે હોય, અમે છેલ્લા કેટલાક દિવસોમાં દર્દીઓની સંખ્યામાં ૧૦ ટકાનો વધારો જોયો છે.

ઈન્દ્રપ્રસ્થ એપોલો હોસ્પિટલના ડો. રાજેશ ચાવલાએ જણાવ્યું હતું કે, દિવાળીથી શ્વાસની સમસ્યાઓના કેસોમાં વધારો થયો છે. ડોકટરોનું કહેવું છે કે, જે દર્દીઓ કોરોના વાયરસમાંથી સાજા થયા છે અથવા હજી પણ આઈસીયુમાં દાખલ થયા છે તેમને પ્રદૂષણને કારણે શ્વાસ લેવામાં મુશ્કેલી પડી શકે છે એચટીના અહેવાલ મુજબ ડો. ચાવલાએ કહ્યું હતું કે, કેટલાક લોકોને અસ્થમા જેવી બ્રોક્રિયલ હાઈપર એક્ટિવિટી જોવા મળી શકે છે. કોવિડ-૧૯માંથી સાજા થયેલા લગભગ ૨૦ થી ૩૦ ટકા દર્દીઓને અસર થશે. આ વર્ષ સુધી મર્યાદિત નહીં રહે, પરંતુ આવનારા સમય સુધી ચાલશે. તેમણે કહ્યું કે પ્રદૂષણની નબળા ફેફસાં ઉપર વધુ અસર પડશે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

પાક.ના અઢારેય વાંકા પરંતુ એનએસએ બેઠકમાં ભાગ ન લેવા વાંક કાઢે ભારતનો !

દેશની સરહદ ઉપર ચીન અને પાકિસ્તાનની મીલીભગત સાથે વિવિધ પ્રકારના ઉશ્કેરણીજનક ઉબાડીયા ચાલી રહ્યા છે. આવા સમયમાં જ ભારતની નેશનલ સિકયોરિટી કાઉન્સિલે અફઘાનિસ્તાનના પડોશી દેશની સુરક્ષાને લઈને ઉભી થયેલ ચિંતાને કારણે તેમજ અફઘાનિસ્તાનમાં પ્રવર્તમાન અને તેના ભવિષ્યને લઈને માન્યતા આપવા બાબતે તથા અફઘાનિસ્તાનમાં વધી રહેલા ઉગ્રવાદ અને ચરમપંથી ખતરા તથા ક્રોસ બોર્ડર આતંકવાદ સહિતના પ્રશ્નોની ચર્ચા માટે અફઘાનિસ્તાન સરહદી દેશોની એક મિટિંગનું આયોજન કર્યું છે. આ મીટીંગમાં ઈરાન, કજાકિસ્તાન, કિર્ગિસ્તાન, તાજિકિસ્તાન, તુર્કમેનિસ્તાન, ઉઝબેકિસ્તાન તેમજ રશિયા હાજર રહેવાના છે. જ્યારે કે ચીન અને પાકિસ્તાન હાજર રહેવાના નથી. આ બે દેશો સિવાય સાતેય દેશો બેઠકમાં હાજર રહેવાની સહમતિ આપી દીધી છે. ચીનની આવવાની સંભાવના સોમવાર પહેલા બતાવાઈ રહી હતી પરંતુ આખરે ચીને મિટિંગમાં હાજર રહેવા અસમર્થ હોવાનું જણાવેલ અને તેના કારણમાં જણાવ્યું કે શિડ્યુલીંગથી જોડાયેલ તકલીફને લઈને તે આ મીટીંગમાં હાજરી આપવા માટે અસમર્થ છે. દરમ્યાન સૂત્રોના જણાવ્યા અનુસાર ચીન અને ભારત વચ્ચે આ મુદ્દા ઉપર દ્વિપક્ષી રીતે વાતચીત ચાલું રાખવાની વાત કરી છે. જ્યારે કે પાકિસ્તાન હાજર ન રહેવા બાબતે સરકારથી જોડાયેલા સૂત્રોનું કહેવું છે કે, પાકિસ્તાનનો NSA બેઠકમાં હાજર રહેવાનો ઈન્કાર તેની અફઘાનિસ્તાનને લઈને માઈન્ડ સેટને બતાવે છે કે જ્યાં તેને વિનાશકારી ભૂમિકા ભજવી છે. જોકે પાકિસ્તાને અગાઉની આ પ્રકારની બેઠકમાં ભાગ લીધો ન હતો.....!

પાકિસ્તાને એનએસએની આ બેઠકમાં હાજર ન રહેવાના કારણમાં પાકિસ્તાનના નેશનલ સલાહકારે ગત સપ્તાહમાં જણાવી દીધુ હતું કે, પાકિસ્તાન મિટિંગમાં હાજર નહીં રહે તે સાથે તેઓએ આક્ષેપ કરેલ કે અફઘાનિસ્તાનમાં ભારતે નકારાત્મક ભૂમિકા ભજવી છે એ કારણે આ મિટિંગમાં પાકિસ્તાન હાજર નહીં રહે. અમે એટલા માટે નથી જતા કે ચીજો બગાડવા વાળા ક્યારેય શાંતિદૂત નથી બની શકતા. આ ક્ષેત્રની મુશ્કેલીઓ બધાની સામે છે તેના ઉપર વાત કરવાની કોઈ જરૂર નથી. તેમણે કહેલ કે, અફઘાનિસ્તાનમાં શાંતિ સ્થપાઈ જાય તો તે એક મોટું બજાર બની શકે છે. બીજી તરફ વસુધૈવ કુટુમ્બકમની ભાવના ધરાવતા ભારતે અફઘાનિસ્તાનમાં વિકાસના અનેક કામો કરાવ્યા છે. સેન્ટ્રલ એશિયા અને અફઘાનિસ્તાનની વચ્ચે કનેક્ટિવિટીના પ્રોજેક્ટમાં પણ ભારતે મોટી ભૂમિકા ભજવી હતી, ઈરાનમાં ચાબહાર પોર્ટ પ્રોજેક્ટ હોય કે તુર્કમેનિસ્તાન-અફઘાનિસ્તાન-પાકિસ્તાન તથા ભારતની વચ્ચે ગેસ પાઈપલાઈન પ્રોજેક્ટ હોય આ બધામાં ભારતની અગત્યની ભૂમિકા રહેલી છે. આના ઉપર લાગેલ બ્રેક ઉપર મિટિંગમાં વાત થઈ શકે છે. ત્યારબાદ આ પ્રોજેક્ટોનું ભવિષ્ય નક્કી થઈ શકે છે. પરંતુ જ્યાં ઊંટના અઢારેય વાંકા તેમ પાકિસ્તાનની ભારત સાથે નિતી રહી છે એટલે તેની આંખે ભારત માટે કાયમ પીળા ચશ્મા જ રહે છે. જો કે મિટિંગમાં અફઘાનિસ્તાનને વિશ્વના દેશો સાથે જોડવા, ત્યાં શાંતિ સ્થાપવા તથા બોર્ડર ક્રોસ આતંકવાદ તેમજ દરેક દેશની સુરક્ષાના મુદ્દા ઉપર ચર્ચા થવાની શક્યતા વધુ છે ત્યારે ચિન અને પાકિસ્તાનની ખુંધી અને પલાયન બાદ હેરાન કરવાની વૃતિ ખૂલ્લી પડી ગઈ છે...!!!

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

અહંકારરૂપી રાક્ષસથી દૂર રહેવું.

-શ્રી રામ શર્મા આચાર્ય

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૮, શા. શાકે. ૧૯૪૩, પા.ખોરદાદ-૧૩૯૧, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૮, કચ્છી સં. ૨૦૭૮, કારતક સુદ-૭ સંત શ્રી જલારામ જયંતિ, આઠમનો ક્ષય છે, દૂર્ગાષ્ટમી, ગોપાષ્ટમી, પંચક (રાત્રે ૨:૫૩ ક.થી પ્રારંભ) તા.૧૧ નવેમ્બર ૨૦૨૧, ગુરૂવાર, પારસી તા.૨૮, મુસ્લિમ તા.૫, શ્રવણ નક્ષત્ર, વૃધ્ધિ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૭:૦૩, સૂ.અ.૧૮:૦૭

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ), રાત્રે ૨:૫૩ ક. પછી જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ ષ સ) છે.

-કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : સામાજીક માન, પ્રતિષ્ઠા મળે. કર્મચારીઓને લાભ અપાવી શકશો.
વૃષભ : હિતશત્રુઓથી સાવધ રહેવું. વડીલવર્ગ તરફથી ઠપકો મળે.
મિથુન : ભાગીદારીથી સમજીને વ્યવહાર કરવો. માન, પ્રતિષ્ઠા અને યશ મળે.
કર્ક : મન પ્રસન્ન રહે. સંતાનો માટે ખરીદી થાય.
સિંહ : મિલ્કતના પ્રશ્નો અંગે ચિંતા રહે. આકસ્મિક ચિંતા ઉદભવે.
કન્યા : સંદેશો મેળવવા-આપવામાં અનુકુળતા રહે. કાર્યસફળતા મળે.
તુલા : વડીલોનો સહકાર મળે. નાણાંકીય બોજ હળવો બને.
વૃશ્ચિક : જૂના આયોજનોને અમલમાં મૂકી શકાય.
ધન : ખર્ચનો પ્રસંગ બને. ઉતાવળ ન કરવી હિતાવહ.
મકર : મિત્રોથી આર્થિક લાભ મળે. નવા સંબંધો લાભદાયી નીવડે.
કુંભ : ધંધાકીય ક્ષેત્રે પ્રગતિ થાય. મિલ્કતના પ્રસંગો અંગે નિર્ણય લઈ શકાય.
મીન : અધ્યાત્મિક ક્ષેત્રે ખર્ચ થાય. વ્યર્થ દોડા-દોડી થાય.

જૂનાગઢ સહીત સૌરાષ્ટ્રમાં

સંત શિરોમણી પૂ.જલારામબાપાની ૨૨૨મી જન્મજયંતિની ભાવભેર ઉજવણી

પૂજન, અર્ચન, આરતી સહીતના વિવિધ કાર્યક્રમો, ઠેર ઠેર જલીયાણનો ગુંજી ઉઠીયો નાદ

જૂનાગઢ, તા.૧૧

લોહાણા રઘુવંશી સમાજના પ્રાતઃ સ્મરણીય સંત શિરોમણી પૂ.જલારામબાપાની ૨૨૨મી જન્મ જયંતિની આજે જૂનાગઢ સહીત સમગ્ર સૌરાષ્ટ્રમાં ભાવભેર-ભકિતભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી રહ્યું છે. અને પૂજન-આરતી સહીતના કાર્યક્રમો યોજવામાં આવ્યા છે જો કે, કોરોનાને ધ્યાને લઈ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે. આજે રઘુવંશી પરીવારોમાં ઘરે ઘરે પૂજય બાપાની જન્મ જયંતિની ભવ્યતિ ઉજવણી થઈ છે. ઘરે ઘરે રંગોળી બનાવવામાં આવી છે અને ઉત્સવ મનાવવામાં આવી રહ્યો છે.

જૂનાગઢ-રાજકોટ વચ્ચે આવેલું વિરપુર ગામ કે જે સંત શિરોમણી જલારામબાપાના વિરપુર તરીકે ઓળખાય છે. આજથી ૨૨૩ વર્ષ પહેલા લોહાણા પરીવારમાં પૂ.જલારામબાપાનું અવતરણ થયું હતું. નાનપણથી જ જલારામબાપામાં ભકિતભાવ, દયાભાવ અને સૌનું કલ્યાણ કરવાની ભાવના રહેલી હતી. સમય જતા ગુરૂએ શુભઆશીષ આપ્યા હતા અને આ સંતે સેવાનો માર્ગ અપનાવ્યો હતો. પૂ.જલારામબાપાનો સંદેશ હતો કે ટુકડો ત્યાં હરી ઢુકડો ની કહેવતને સાર્થક કરવાના સનિષ્ઠ પ્રયાસો કર્યા હતા. વિરબાઈ માતાજીના સંગાથે આ દંપતીએ સેવાની એક અવરીત ધારા વહેતી કરી હતી અને એક સમયે સાધુ સ્વરૂપે આવેલા ભગવાને પણ આ દંપતિની ભકિતની કસોટી કરી અને આખરે પ્રસન્ન થઈ અને આર્શીવાદ પાઠવ્યા હતા અને જોળી અને ધોકો આજે પણ વિરપુરની જગ્યામાં પૂજા સ્થાને રહેલા છે અને આ સંતના આર્શીવાદને પગલે ખુબજ ટુંકા સમયમાં પૂજય જલારામબાપાની સેવાકીય પ્રવૃતિની સુવાસ સતત ફેલાઈ રહી છે. સૌરાષ્ટ્ર-ગુજરાત અને દેશભરમાં લાખોની સંખ્યામાં જલારામબાપાના ભકતો છે. માતા વિરબાઈમાં અને જલારામબાપાની ભકિત અને સેવાકીય કાર્યોની સુવાસ સતત પ્રસરેલી છે. લોહાણા રઘુવંશી સમાજના સંત શિરોમણી એવા પૂ.જલારામબાપાની ૨૨૨મી જન્મજયંતિ પ્રસંગે વિરપુર ખાતે આજે સવારથી જ ધાર્મિક કાર્યક્રમો યોજાય રહ્યા છે. વર્તમાન ગાદીપતી પૂ.રઘુરામબાપાના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રના અનેક શહેરોમાં પૂ.જલારામબાપાના પૂજન-અર્ચના, આરતી, અન્નકોટ સહીતના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જૂનાગઢ શહેરમાં પણ જુદા જુદા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

જૂનાગઢમાં કડીયાવાડ જલારામ મંડળ દ્વારા કાર્યક્રમો

જૂનાગઢમાં કડીયાવાડ જલારામ મંડળ દ્વારા પૂ.જલારામબાપાની જન્મ જયંતિ પ્રસંગે ધર્મપ્રેમી જનતા માટે કડીયાવાડમાં પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. કડીયાવાડ મેઈનરોડ ખાતે આજે બપોરના ૧૧ થી ૨ દરમ્યાન સર્વે ભકતોને પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જૂનાગઢ ઉપરાંત બિલખા, વિસાવદર, તાલાળા, સાવરકુંડલા, વેરાવળ, સહીતના અનેક ગામો અને શહેરોમાં પણ જલારામ જયંતિની ભાવભેર ઉજવણી કરવામાં આવી રહી છે.

પૂ.શ્રી જલારામબાપાની જન્મ જયંતિ નિમિત્તે જૂનાગઢમાં મહા રકતદાન શિબીર યોજાઈ

જલારામ મંદિર સેવા ટ્રસ્ટ અને વિવિધ સંસ્થાઓ-મંડળોના સંયુકત ઉપકમે કાર્યક્રમ યોજાયો : જલિયાણ નગરી ખાતે આયોજીત મહા રકતદાન શિબીરની સાથે અન્નકુટ અને મહાઆરતીનો કાર્યક્રમ

જૂનાગઢ, તા.૧૧

સંતો શિરોમણી પ.પૂ.શ્રી જલારામબાપાની ૨૨૨મી જન્મ જયંતિ નિમિત્તે શ્રી જલારામ મંદિર સેવા ટ્રસ્ટ તથા જૂનાગઢની વિવિધ સંસ્થાઓ, મંડળોના સંયુકત ઉપકમે જૂનાગઢની સિવીલ હોસ્પીટલમાં દાખલ થયેલા અને લોહીના અભાવે જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા દર્દીઓની જીંદગી બચાવવા ઉપયોગી બની શકાય તેવા મહા રકતદાન શિબીરનું આયોજન કરાયું છે. આજ તા.૧૧ નવેમ્બરને ગુરૂવારના રોજ સવારે ૯ થી બપોરના બે દરમ્યાન જૂનાગઢમાં પોસ્ટ ઓફીસ રોડ ઉપર આવેલ શ્રી જલીયાણ નગરી (શ્રી જલારામ મંદિર વાળુ પટાંગણ) ખાતે મહારકતદાન શિબીર યોજાઈ છે. પૂ.શ્રી જલારામબાપાની જન્મ જયંતિ નિમિત્તે યોજાઈ રહેલા મેગા બ્લડ ડોનેશન કેમ્પની સાથે જલિયાણ નગરી ખાતે બપોરે ૧૨ કલાકે અન્નકુટનો થાળ ધરવામાં આવ્યો હતો અને મહાઆરતી કરવામાં આવી હતી. મહા રકતદાન શિબીરના કાર્યક્રમને સફળ બનાવવા માટે આયોજકો તરફથી ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. નિતિનભાઈ તન્ના, મો.૯૮૨૫૨ ૨૦૭૨૧, દિપકભાઈ રૂપારેલીયા મો.નં.૯૮૨૫૩ ૬૭૧૦૧, ખમીર મજમુદાર મો.નં.૯૮૨૫૦ ૨૭૧૫૧, અનિલભાઈ વ્યાસ મો.નં.૯૪૨૬૨ ૧૮૭૫૭, પંકજભાઈ પલાણ મો.નં.૯૪૨૬૯ ૮૯૬૩૩, ધવલભાઈ પટેલીયા મો.નં.૮૧૫૫૦ ૦૩૫૭૨, રવિભાઈ કારીયા મો.નં.૯૭૨૪૩ ૮૫૫૫૫, હિમાંશુભાઈ કારીયા મો.નં.૯૪૨૭૨ ૨૯૫૭૩ અથવા કેતનભાઈ ચોલેરાના મો.નં.૯૪૨૮૭ ૬૬૦૦૦ વગેરેદ્વારા ખુબજ જહેમત ઉઠાવી હતી અને ઘણા લોકોએ આ રકતદાન શિબીરનો લાભ લીધો હતો.

જૂનાગઢમાં જલારામ ભકિત ધામ ખાતે

જલારામ જયંતિની અલૌકિક અવસરો સાથે ઉજવણી કરાઈ

જૂનાગઢ તા. ૧૧

જૂનાગઢના બાયપાસ સ્થિત જલારામ મંદિરમાં દર વર્ષે ભવ્યાતિભવ્ય રીતે જલારામ જયંતિની ઉજવણી થાય છે. જૂનાગઢ શહેરની સમગ્ર લોહાણા જ્ઞાતિ તેમજ અન્ય જલારામ ભકતો માટે સમુહ ભોજન, સેવાકીય, સાંસ્કૃતિક અને સન્માનના ભવ્ય કાર્યક્રમો વગેરે યોજાય છે પરંતુ ચાલુ વર્ષે પરિસ્થિતીને અનુરૂપ સમુહ ભોજન અને રાત્રીના કાર્યક્રમો બંધ રાખવામાં આવ્યા છે. છતાં આખો દિવસ મંગલમય અને જલારામમય બની રહે તેવું ભાતીગળ આયોજન કરાયું છે. આજે સવારના ૭ વાગ્યે મંગલા આરતી અને અર્ચન-પૂજન, ત્યારબાદ જલારામ બાપાની ધજાજી ચઢાવવામાં આવી હતી. ૯ વાગ્યે દાતાશ્રીની તકતીઓની અનાવરણ વિધી મુખ્ય દાતા વસંતભાઈ રાજાના વરદહસ્તે કરવામાં આવી હતી. બપોરે ૧૨ વાગ્યે રાજભોગ આરતી પછી ચંદ્રકાંતભાઈ કકકડ પરિવાર દ્વારા ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું અને સાંજના ૭ વાગ્યે ૨૨૨ દીપ શૃંખલા સાથે અભુતપુર્વ દેદિપ્યમાન સંધ્યા, આરતી થશે. સવારથી સાંજ સુધી ભવ્ય અન્નકુટના દર્શન થશે, અન્નકુટના દર્શનના મનોરથી બનવાનો લ્હાવો હસમુખભાઈ નાગજીભાઈ મુલીયા (વિશ્વાસ ટ્રેડીંગ) લેશે. સમુહ ભોજનના સ્થાને આખો દિવસ દર્શનાર્થીઓને જલારામ બાપાની પ્રસાદીના પેકીંગનું વિતરણ કરવામાં આવશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

જૂનાગઢમાં જગન્નાથ મંદિર ખાતે અન્નકોટ યોજાઇ ગયો

જૂનાગઢ, તા.૧૧

જૂનાગઢમાં છાયા બજાર ખાતે આવેલ જગન્નાથ મંદિર ખાતે દર સાલ મુજબ સોરઠીયા વાણંદ સમાજ દ્વારા ભગવાનને પ્રસાદ (અન્નકોટ)નું આયોજન કરવામાં આવેલ હતું. નૂતન વર્ષના દિવસે યોજાયેલ આ કાર્યક્રમમાં ભાવિકો દર્શન કરવા સહ પરિવાર ઉપસ્થિત રહ્યા હતા. આ મંદિર નવાબી કાળનું પૌરાણિક છે. વર્ષ દરમ્યાન અહીં ધાર્મિક કાર્યક્રમ થતા રહે છે. આ તકે જ્ઞાતિ આગેવાન રાજુભાઈ ચુડાસમા, ધનશુકભાઈ ચુડાસમા, નીરૂભાઈ પરમાર, વિજય ચુડાસમા, અમુભાઈ વાઢેર, ભીખુભાઈ રાઠોડ, સાગર વાજા સહીતના ઉપસ્થિત રહેલ હતા.

જૂનાગઢમાં જલારામ જયંતિ નિમિત્તે સમુહ જ્ઞાતિ પ્રસાદનો કાર્યક્રમ યોજાયો

જૂનાગઢ, તા.૧૧

શ્રી લોહાણા યુવા સંગઠન જૂનાગઢ તથા સમસ્ત લોહાણા સમાજ દ્વારા આયોજીત પ.પૂ.શ્રી જલારામબાપાની ૨૨૨મી જન્મ જયંતિ નિમિત્તે આજ તા.૧૧/૧૧/૨૦૨૧ ગુરૂવારે બપોરે ૧૧ થી ૩ દરમ્યાન લોહાણા વિદ્યાર્થી ભવન ભુતનાથ મંદિર પાસે સમુહ જ્ઞાતિ પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે અને જ્ઞાતિ પરીવારોએ પ્રસાદનો લાભ લીધો છે. લોહાણા યુવા સંગઠન જૂનાગઢના પ્રમુખ ઘનશ્યામભાઈ મશરૂ અને ઉપપ્રમુખ નિલેશભાઈ દેવાણીના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનો સફળ બનાવવા જહેમત ઉઠવવામાં આવી હતી.

વંથલીનાં પત્રકાર અને નગરપાલિકાના વિરોધ પક્ષના નેતા સામે થયેલી ફરીયાદ રાજકીય ઈશારે થયા હોવાનો કોંગ્રેસનો આક્ષેપ

જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જીલ્લા પોલીસ વડાને પત્ર પાઠવી તટસ્થ તપાસની માંગ કરી

જૂનાગઢ, તા.૧૧

જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ નટુભાઈ પોંકીયા અને મહામંત્રી વી.ટી. સીડાએ જૂનાગઢ જીલ્લા પોલીસ વડાને એક આવેદનપત્ર પાઠવી અને જૂનાગઢ જીલ્લા કોંગ્રેસના અગ્રણી અને વંથલી શહેરના રહેવાસી એવા વંથલીના પત્રકાર શિરાજભાઈ વાજા વિરૂધ્ધ ગુન્હો દાખલ કરવામાં આવેલ છે તેનો વિરોધ કરી અને જવાબદારો સામે પગલા ભરવાની માંગણી કરી છે. જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ નટુભાઈ પોંકીયા અને મહામંત્રી વી.ટી. સીડાએ જૂનાગઢ જીલ્લા પોલીસ વડાને આપેલા આવેદનપત્રમાં વધુમાં રજૂઆત કરતા જણાવેલ છે કે, જૂનાગઢ જીલ્લાના વંથલી ખાતે રહેતા અને જીલ્લા કોંગ્રેસ અગ્રણી અને વંથલીના પત્રકાર શિરાજભાઈ વાજા પત્રકારના નાતે બિના પ્રતિબંધીક માહિતી લેવા માટે ગયા હતા ત્યારે તેમને માહિતી આપવાને બદલે રાજકીય ઈશારે તેમના ઉપર ગુન્હો દાખલ કરી અને પત્રકારનો અવાજ દબાવી દેવાનું પગલું પોલીસો ભર્યું હોવાનો આક્ષેપ કરી અને વધુમાં જણાવેલ છે કે, શિરાજભાઈ વાજા વંથલી નગરપાલિકાના ત્રણ ત્રણ વખત પ્રમુખ તરીકે સેવા આપી ચુકયા છે અને હાલ વંથલી નગરપાલિકામાં વિરોધ પક્ષના નેતા તરીકે સેવા આપે છે અને તેઓએ કયાં કાયદો હાથમાં લીધો નથી તેમ છતાં તેમની સામે ગુન્હો દાખલ કરવામાં આવેલ છે તે વખોડવાને પત્ર છે. આ બનાવના અનુસંધાને જૂનાગઢ જીલ્લા પોલીસ વડાને રજૂઆત કરતા જણાવેલ છે કે, સીસી ટીવી ફુટેજની તપાસ કરવામાં આવશે તો બધી બાબતા સામે આવશે. આ બનાવની તટસ્થ અને નિપક્ષ તપાસ કરાવી અને ઉપરોકત ગુન્હામાં સિસકારી ભરવા વિનંતી કરી છે અને આ બાબતે યોગ્યન્યાય કરવાની માંગણી પત્રના અંતે કરવામાં આવી છે.

ડાર્ક ફેન્ટસી વેનિલા ફિલ્સ સાથે સનીફસ્ટ ડાર્ક શેલ વેનિલા ક્રીમ બિસ્કિટસને નવા રૂપ સાથે રજૂ કરે છે

અમદાવાદ, તા.૧૧

ITC લી.ની ભારતમાં સૌથી લોકપ્રિય એકએવી પ્રિમિયમ કુકી બ્રાન્ડ સનફીસ્ટ ડાર્ક ફેન્ટસીએ ડાર્કફેન્ટસી વેનિલા ફિલ્સ લોન્ચ કરી છે. વેનિલા ક્રીમ અને ડાર્કશેલ બિસ્કીટ વિભાગને વિશિષ્ટ ફિલ્સ અનુભવ આપવા માટે વેનિલા ફિલ્સને ઉત્સાહપૂર્વક રચવામાં આવ્યા છે. ડાર્ક ચોકલેટ શેલમાં વીંટળાયેલી વેનિલા ક્રીમની ભારોભાર ફિલીંગ સ્વાદના જબરદસ્ત વિસ્ફોટનો અનુભવ કરાવે છે. નિલ્સનના આંકડા મુજબ, ભારતમાં ક્રીમ બિસ્કીટ કેટેગરીના બજારનું કદ આર્થિક વર્ષ ૨૧ માટે રૂા.૬,૧૨૩ કરોડ જેટલું હતું. ચોકો ફિલ્સ કુકીઝ સાથે સનફીસ્ટ ડાર્ક ફેન્ટસી, સેન્ટર ફિલ્ડ ક્રિમ બિસ્કીટ કેટેગરીમાં અગ્રણી રહ્યું છે. ડાર્ક ફેન્ટસી વેનિલા ફિલ્સના લોન્ચ સાથે તેમણે અદભુત વેનિલા ફિલ્ડ કુકીઝ રજૂ કરી છે અને ડાર્ક શેલ વેનિલા ક્રીમ બિસ્કીટ વિભાગમાં એક નવો અનુભવ લઈ આવ્યા છે. ૭૫ ગ્રામ માટે રૂા.૨૦ની કિંમતમાં ઉપલબ્ધ સનફિસ્ટ ડાર્ક ફેન્ટસી વેનિલા ફિલ્સ તમામ રિટેલ દુકાનોમાં તથા દક્ષીણ અને પશ્ચિમ ક્ષેત્રોમાં કેટલાક પસંદગીના મોડર્ન ટ્રેડ સ્ટોર્સ ઉપરાંત www. itcstore. in ઉપર પણ ઉપલબ્ધ થશે. સનફીસ્ટ ડાર્ક ફેન્ટસી વેનિલા ફિલ્સના લોન્ચ સાથે ૩૬૦ અંશના સંવાદ અભિયાન પણ હશે જેનો આશય બ્રાન્ડના નવીનતમ નાવીન્યને આગળ કરવાનો રહેશે.

વિક્રમ સવંત ૨૦૭૮નું રાશિ ભવિષ્ય

ગતાંકથી ચાલુ.....

આ ગુરૂ તમને અનેક વિટંબણાંઓ અને સમસ્યાઓ મુશ્કેલીઓમાંથી બહાર કાઢી દેશે. ગુરૂના સાથથી આપ અનેક કાર્યોને પાર પાડી શકો તેમ છો. આ ગુરૂના સાથમાં જો આપ વિચારી વિચારીનેં શાંતિથી લાભ લેશો તો તમારે કોઈ સમસ્યા જ રહેશે નહીં તેવો સમય પણ આવી શકે છે. ગુરૂનો સાથ તમારે માટે પરિવર્તનકારી પસાર થઈ શકે છે. એટલે ગુરૂનો મળતો બધોજ લાભ ઘર ભેગો કરી લેવો. ગુરૂ કુંભ રાશિમાં પ્રવેશતાં તમારે માટે જે રાહતના સમાચાર બની શકે છે તેમાં આપનાં વિદેશ ગમનનાં કાર્યો પાર પડી શકે. સંતાનોના પ્રશ્નો અને તેઓના વિદ્યાભ્યાસ અંગેની મુંઝવણ આપના જીવનમાંથી દૂર થઈ શકે છે. તેમાં રાહુ આપને ગજા બહારનાં ખર્ચાઓ કરાવીનાં દે તેનું ખાસ ધ્યાન રાખવું. નહીંતર 'દેવું કરીનેં ઘી પીવાહ્ન જેવું થઈ શકેછે. નાણાંભીડ આવી પડે નહીં તેનું ખાસ ધ્યાન રાખજો. વાહન ચલાવવામાં પુરેપુરી કાળજી રાખજો. આ વર્ષ આપને આગ-અકસ્માતથી સંભાળવા જેવો સમય બની શકે છે. કોર્ટ-કચેરીનાં કાર્યોમાં પણ આપે ધ્યાન રાખવું પડશે. ગુરૂ સિવાય આપને કોઈ ગ્રહ સાથ કે સહકાર આપતાં નથી. તેને કારણેઆપ ભીડામણ અનુભવો. વર્ષનાં આરંભથી એપ્રિલ માસ સુધીબધીજ રીતે ધ્યાન રાખવું ત્યાર પછી એપ્રિલથી આપને નવું વર્ષ શરૂ થતું લાગશે. જેમાં આપ ઉત્સાહ સાથે આગળ વધી શકશો અને દરેક કાર્યો પાર પડતાં શાંતિનો અનુભવપણ કરી શકશો. કોઈ મોટી યાત્રા-પ્રવાસનું પણ આયોજન થાય અને આપ ફરવા પણ નિકળી પડો. નવાં ધંધા માટે રાહુ મહારાજ તમને સાથ આપી દે. સારા નરસા સમયમાં આપે એક વાત યાદ રાખવી પડશે જેમાં સ્વાસ્થ્યને જાળવીનેં આગળ વધજો. કોઈ જુનાં રોગ ઉથલો મારે નહીં અને નવો રોગ પ્રવેશે નહીં તેનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે. સ્વાસ્થ્ય અંગે વર્ષ સારૂં કહ્યી શકાય તેમ નથી. આપ કોઈ પણ સારા કાર્યોને એપ્રિલ-૨૦૨૨થી આગળ વધારજો. ત્યાં સુધી જે ચાલતું હોય તેને ચલાવે રાખજો. એપ્રિલ સુધી કોઈ નવાં કાર્યો હાથ ઉપર લેતાં નહીં આ માસથી આપને ગુરૂ અને શનિ પરિવર્તનકારી બનીનેં તમને મદદ કરી દેશે. તા.૧૪-૦૪-૨૦૨૨થી ગુરૂ મીન રાશિમાં તેમજ તા.૨૯-૦૪-૨૦૨૨થી શનિ કુંભ રાશિમાં પ્રવેશ કરશે એટલે આ સમયથી આપને સફળતાનો સમય શરૂ થયો બની રહેશે. ત્યાં સુધી શાંતિ જ જાળવવી અને શાંતિ જ તમારી સફળતા માનજો. કરવા જશો સારૂં અને થઈ જશે ઊંધું તેનાં કારતાં સમયને પસાર થવા દેજો. એપ્રિલ-૨૦૨૨થી ધન સંપત્તિ પ્રાપ્ત થઈ શકે તેમ છે. આ વર્ષે આપને નવાં ધંધા અને નોકરીની તક પણ મળી શકે છે. વર્ષનાં મધ્યભાગથી સુધારો જોવા મળશે. શનિ મહારાજ તમારાં ધન સ્થાનમાંથી પસાર થશે જે નાણાંકીય સહાય પુરી પાડી શકે છે. આ બધામાં આપે ઘર-કુટુંબ અને પરિવારમાં વાદ-વિવાદથી દૂર રહેવું. સાચા થવાના કોઈ પ્રયાસ કરવા નહીં. 'ન બોલવામાં નવગુંણ માનવાહ્ન ધંધાકીય બાબતોમાં પણ આપને હરિફ ધંધાદારીઓની સામે ટકવા માટે તમારી જીવનશૈલીમાં પરિવર્તન લાવવું પડશે. આ આપનું પરિવર્તન તે આપની પ્રગતિ બની શકેછે. ધંધામાં બદલાવના યોગપણ આપ જોઈ શકશો તેમાંજે સારૂં અને લાંબાગાળાની ફળદાયું હોય તે સમજી વિચારીનેં અપનાવી લેવું. બાકીનું છોડી દેવું કોઈ લાલચમાં આવવું નહીં. આ વર્ષે આપે શાંતિ જાળવીનેં આગળ વધવું પડશે અને સમયને પસાર કરવો તે જ તમારે માટે યોગ્ય લેખાશે.

● વાર્ષિક રાશિ ફળ :

● કારતક માસ :-તા.૦૫-૧૧-૨૦૨૧ને શુક્રવારથી વિક્રમ સંવત ૨૦૭૮નો આરંભ થશે તેમાં આપ કેતુની દશામાં આગળ વધતાં હશો. આ કેતુની દશામાં આપે સ્વાસ્થ્ય અને આગ-અકસ્માતથી સંભાળવું. કોઈ જુનાં રોગ ઉથલો મારે તો તેનો ઈલાજ કરાવી લેવો. ક્યાંક દવાખાનું જોવાય જાય નહીં તેનું પણ ખાસ ધ્યાન રાખજો. માનસિક ટેન્શન લેવું નહીં. આપને શનિની સાડાસાતી પનોતી ચાલી રહ્યી છે અને તેમાં આવી કેતુની દશા એટલે શાંતિ જાળવીનેં સમયને પસાર થવા દેજો. આ પ્રારંભીક માસમાં આપને તા.૧૭-૧૧-૨૦૨૧થી શુક્રની દશા શરૂ થશે. જે બે માસ ભોગવાશે.

● માગશર માસ :-તા.૦૫-૧૨-૨૦૨૧ને રવિવારથી માગશર માસનો આરંભ થશે જેમાં આપ શુક્રના સુખમાં આગળ વધતાં હશો. આ શુક્રની દશા આખો માસ ચાલશે. આ સમયમાં આપ સુખ અને શાંતિની ઝંખના સાથે આગળ વધતાં હશો. સમય શાંતિથી પુરો થાય તેવો છે. સારા સમયમાં સારા કાર્યો કરી લેવા.

● પોષ માસ :-તા.૦૩-૦૧-૨૦૨૨ને સોમવારથી પોષ માસનો આરંભ જેમાં આપ હજુ પણ શુક્રની દશાના સુખ ભોગવતાં હશો. આ દશા આપને અડધો માસ એટલે તા.૧૪-૦૧-૨૦૨૨ સુધી ભોગવાશે અને તા.૧૫-૦૧-૨૦૨૨થી સૂર્યની દશા શરૂ થશે. જે સૂર્યની દશા સોળ દિવસ ભોગવવી પડશે. પોષની ઠંડીના ચમકારમાં અચાનક ભર ઉનાળાનો આકરો તાપ સહન કરવા જેવો સમય તમારે બની શકે છે. તેમાં શાંતિ જાળવવી અને બધીજ બાબતોનું પુરેપુરૂં ધ્યાન રાખવું. અફડા-તફડીનો સમય કહ્યી શકાય. વાદ-વિવાદ અને લડાઈ-ઝઘડાંથી દૂર રહેજો. આ સમય આપને માસના છેલ્લા દિવસ સુધી ભોગવાશે.

● મહા માસ :-તા.૦૨-૦૨-૨૦૨૨ને બુધવારથી મહા માસનો આરંભ તેમાં આપને ગઈ કાલથી સૂર્યની દશા પૂર્ણ થયેલ હશે અને તેના બદલે ચંદ્રની દશા શરૂ થઈ હશે. આ ચંદ્રની દશા આપને આ આખો માસ ચાલશે. સૂર્યની દશામાં આપ તપ્યા હશો જ્યારે ચંદ્રની દશામાં શિતળતા મેળવીનેં થતાં કાર્યોને પાર પાડી દેજો. આગળ વધવાનાં ચાન્સ મળે તેને ઝડપીનેં આગળ વધી જવું. સારા સમયની રાહ જોવી નહીં. સમયને સમજીનેં તેનો સદઉયોગ કરી લેવો.

● ફાગણ માસ :-તા.૦૩-૦૩-૨૦૨૨ને ગુરૂવારથી ફુલ ગુલાબી ઠંડીના દિવસો ફાગણનો આરંભ થશે જેમાં આપ આરંભે મંગળની દશામાં આગળ વધશો. આ મંગળ આપને પોતાની રાશિમાંથી પસાર થશે. તેમાં આપે બધીજ રીતે પુરેપુરૂં ધ્યાન રાખવું પડશે. આ દશા ૨૧ દિવસ ભોગવાશે એટલેઆ દિવસોમાં કોઈ કાર્યોમાં કોઈ પ્રકારની ઉતાવળ કરવી નહીં શાંતિના જપ જપે રાખો અને સમયને પસાર થવા દો. આ મંગળ આપનાં જીવનમાં ક્યાંક અમંગળ કરીનાં દે તેનું જ ધ્યાન રાખવું પડશે. આપનુંમન અને મગજ ગરમ રહ્યાં કરતાં હશે તેમાં અશાંતિ જીવનમાંનાં સર્જાય તે જોજો. તા.૨૪-૦૩-૨૦૨૨થી રાહુની દશા શરૂ થશે. જે આ માસનું છેલ્લું સપ્તાહ હશે. રાહુ આપને પાંચમાં સ્થાનમાંથી પસાર થશે. તેમાં સફળતા મળે તેવું છે. નાણાંકીય રોકાંણમાં પુરતું ધ્યાન રાખવું.

● ચૈત્ર માસ:-તા.૦૨-૦૪-૨૦૨૨ને શનિવારથી ચૈત્રી માસનો આરંભ જેમાં આપ રાહુની દશામાં જ આગળ વધતાં હશો. આ રાહુ આખો માસ અને આવતાં માસનાં પંદર દિવસ ભોગવશો તેમાં ધ્યાન રાખજો. સમયને સમજો અને આગળ વધો. કોઈ ઉતાવળ કરવી નહીં અને થતાં કાર્યો અને કરતાં કામ કરે જાવ. થાય કે નાં થાય તેની ચિંતા કરવી નહીં. આ માસના અંતભાગમાં આપ શનિની પનોતીના છેલ્લા તબક્કામાં પહોંચશો.

● વૈશાખ માસ :-તા.૦૧-૦૫-૨૦૨૨ને રવિવારથી વૈશાખ માસનો આરંભ થશે. જેમાંઅડધોમાસ આપને રાહુની દશાભોગવવી પડશે. તા.૧૮-૦૫-૨૦૨૨થી આપને ગુરૂની દશા શરૂ થશે. આ ગુરૂ આપનાં પરાક્રમ સ્થાન ત્રીજેથી પસાર થતો હશે. તે તમને કામ-કાજમાં ધંધાના કાર્યોમાં અને નવાં રોકાંણમાં સાહસ કરાવી દે. નવાં ધંધા-રોજગાર ઉભાં કરી દે. તમારી પ્રગતિ પણ કરાવે તેમાં આપે ઘર-કુટુંબ અને પરિવારમાં બોલવા-ચાલવા, વાદ-વિવાદમાં કાળજી રાખવી. નહીંતર 'વાતનું વતેસરહ્ન થઈ શકે છે.

● જેઠમાસ:-તા.૩૧-૦૫-૨૦૨૨ને મંગળવારથી જેઠનોઆરંભમાં આપ ગુરૂની દશા જ ભોગવતાં હશો. આ ગુરૂ દશા આખો માસ ભોગવાશે. આ ગુરૂ તમારાં કાર્યોને પાર પાડે તમને આગળ વધારવાના આયોજનો કરાવે અને તમારી પ્રગતિ પણ કરાવી દે તેવો સમય આવી પહોંચ્યો છે. એટલે તેનો મળતો બધોજ લાભ ઘર ભેગો કરી લેવો. નાણાંને જમીનમાં વાવી દેવા. નવાં નવાં આયોજનો કરો અને વણઉકેલ કાર્યોને ઉકેલી લો. સમય આવ્યો છે કે આવશે તેમાં આવો સમય ફરી ફરી આવતો નથી.

● અષાઢ માસ :-તા.૩૦-૦૬-૨૦૨૨ને ગુરૂવારથી અષાઢ માસનો આરંભ આપ ગુરૂની દશામાં આગળ વધતાં હશો. જે આ માસના પ્રથમ સપ્તાહે પુરી થાય. ત્યાર પછી તા.૦૮-૦૭-૨૦૨૨થી શનિની દશા શરૂ થશે. શનિની પનોતી ચાલી રહ્યી છે અને તેમાં તેની દશા શુભફળદાયી તો માની શકાય નહીં. આ શનિની દશા આપને લગભગ બે માસ જેટલો સમય ભોગવવી પડશે તેમાં આપે બધીજ બાજુનું પુરેપુરૂં ધ્યાન રાખવું. સમયને શાંતિથી પસાર થવા દેવો. કોઈ નવાં કાર્યો કે નવાં સાહસ કરવા નહીં. જે મળે તેમાં સંતોષ માનવો.

● શ્રાવણ માસ :-તા.૨૯-૦૭-૨૦૨૨ને શુક્રવારથી શ્રાવણ માસનો આરંભ આપને ચિંતામાંજ થશે. શનિની દશામાં આપ ઘેરાયેલાં હશો અને શિવની આરાધનાનો આ માસ શરૂ થશે તેમાં આપ આપની મુંઝવણોમાંથી ઊંચા આવતાં નહીં હોવ તેને કારણે શિવની સ્તુતિ પણ શાંત ચિત્તે કરી શકશો કે કેમ તે વિચારવા લાયક માની શકાય. આ આખો માસ શનિની દશાનો આપે સામનો કરવો પડશે. શનિના પ્રકોપથી બચવા માટે આપે મહાદેવની સાથે શનિ મહારાજને શાંત કરવા તેના જપ-તપ કરવા અને સિંદૂર સાથે તેલ અર્પણ કરીનેં શનિ દેવને પ્રસન્ન કરવા તે તમારાં અટકેલાં કાર્યોને પાર પાડશે. શનિ તમારી રાશિમાં બીજા સ્થાનમાં હોવાથી શનિની પનોતી તાંબાનેં પાયે શુભ બની શકે છે. ધનલાભકારક ક્હેવાય.

● ભાદરવા માસ :-તા.૨૮-૦૮-૨૦૨૨ને રવિવારથી ભાદરવા માસનો આરંભ થશે. જેમાં આપ શનિની દશામાં આગળ વધતાં હશો. શનિ દશા પછી તા.૦૫-૦૯-૨૦૨૨થી આપને બુધની દશા શરૂ થશે. આ બુધની દશા આ વર્ષ સુધી ચાલશે. દોઢ માસ બુધની દશા ચાલશે. આ સમય આપને માટે શાંતિ અને પરિવર્તનકારી બની રહેશે. એટલે સમયનો લાભ લઈનેં આગળ વધવાનાં આયોજનો કરો. થતાં કાર્યોને પાર પાડી લો. નવાં વર્ષને સારૂં બનાવી લો.

● આસો માસ :-તા.૨૬-૦૯-૨૦૨૨ને સોમવારથી આ વર્ષનો છેલ્લો મહિનો અને તેમાં તહેવારો નવરાત્રિ, ધનતેરસ, કાળી ચૌદસ, દિવાળીની ઉજવણીનો મહિનો તેમાં આપને બુધની દશા હશે. આપ નવાં વર્ષને વધાવવા માટે થનગનતા હશો નવાં વર્ષનાં આયોજનો કરી લેવાનો સમય પણ કહેવાય. બુધની દશા આપને સારા પરિણામો આપી દેશે એટલે આ સમયને બને તેટલો લાભ લઈનેં નવાં વર્ષનાં આયોજન કરવા માંડો. કરેલ કાર્યો સફળ થઈ જશે અને ભવિષ્યનું સારૂં આયોજન પણ કરી શકશો. નવાં વર્ષને સારી રીતે વધાવી શકશો અને આખું વર્ષ શાંતિથી પસાર થાય તેવા કાર્યો પણ આપ આ સમયમાં પાર પાડી શકશો. બુધની દશા આપને આ વર્ષના છેલ્લા દિવસ સુધી ચાલશે. તેમાં આરોગ્યની ખાસ કાળજી દાખવજો. નવાં વર્ષને આવકારવામાં ક્યાંક સ્વાસ્થ્ય બગડે નહીં અને દવાખાનું જોવાય જાય નહીં તેનું ધ્યાન રાખીનેં કાર્યો કરી લેજો નવાં વર્ષને વધાવી લેજો. સમય સારો છે. બુધની દશા મદદ કરી દેશે તેનો લાભ લઈ લેવો અને ભવિષ્યને સવાંરી દેવું.

● કુંભ (ગ.સ.શ.) : ● મહાશય આપે ગત્ વર્ષે શનિની પનોતીમાં પણ કાર્યોને પાર પાડ્યા તે તમારી રાશિની બુદ્ધિક્ષમતા માનવા જેવીછે. હવે વિક્રમ સંવત ૨૦૭૮નું નવું વર્ષ કેવું પસાર થશે તે અંગે વિચારીએ તો આપે ગત્ વર્ષની બુદ્ધિક્ષમતાને વધુ તેજ કરવી પડશે અને આગળ વધવું પડશે. વર્ષના આરંભથી આપને એપ્રિલ-૨૦૨૨ સુધી તો શનિની સાડાસાતી મોટી પનોતીનો પ્રથમ તબક્કો છાતીનાં ભાગેથી પસાર થશે જે રૂપાના પાયે હોવાથી લાભ તો આપી દે તેમ છતાં પનોતીનું ધ્યાન રાખવું સારૂં. આપની રાશિથી આ શનિ બારમેં હશે. જે તા.૨૦-૦૪-૨૦૨૨થી આપની કુંભ રાશિમાં પ્રવેશ કરશે. એટલે તે આ અઢી વર્ષનો પ્રથમ તબક્કો પૂર્ણ કરીનેં બીજા તબક્કામાં પ્રવેશશે. તા.૨૯-૦૪-૨૦૨૨ સુધી નોકરી-ધંધામાં સાવચેતી રાખજો. કોઈનેં કોઈ તકલીફો આવી શકે છે. એટલે 'ચેતતા નર સદા સુખીહ્ન આ કહેવતને યાદ રાખજો. કોઈ પણ નિર્ણય લો કે કોઈ પણ કામ કરો તેમાં બહુજ શાંતિથી વિચારી વિચારીનેં આગળ વધવું. જેમાં તા.૧૨-૦૭-૨૦૨૨થી શનિ વક્રી થતાં તે મકર રાશિમાં પ્રવેશ કરશે તેમાં આપને આ શનિની મોટી પનોતી માથેથી પસાર થશે અને તે પણ સોનાનેં પાયે ચિંતાકારક બની શકે છે એટલે વર્ષમાં કરતાં કાર્યો બહુજ શાંતિથી ધ્યાન પૂર્વક કરશો તો વાંધો આવશે નહીં. તા.૦૫-૧૧-૨૦૨૧ને શુક્રવારથી નવા વર્ષનો આરંભ થશે જેમાંઆપને આરંભે બુધની દશા હશે જે આપને માટે શુભ બની રહે. આ બુધ આપને સુખાકારી આપવા આવ્યો હોય તેવું લાગે છે. આપનાં વ્યવસાયીક કાર્યોમાં બુધ મદદ કરીનેં તમને આગળ ધપાવશે. વર્ષના આરંભથી જ બુધ તુલા રાશિમાં હશે. તે તા.૨૦-૧૧-૨૦૨૧ રહેશે. ત્યાર બાદ આ બુધ વૃશ્ચિક રાશિમાં પ્રવેશ કરશે જે તમારાં દશમાં કર્મ સ્થાનમાંથી પસાર થતાં નોકરી-ધંધા અને રોજગારને લાભ આપી દેશે. મંગળ આપને શરૂઆતમાં તુલા રાશિનો હશે તે તમારાં ભાગ્ય સ્થાનમાંથી પસાર થશે. માટે આ મંગળના સમયમાં આપ જમીન-મકાન, સ્થાવર મિલકત કે વાહન યોગ કરી દે એટલે તમને લક્ઝરી આઈટમ ખરીદવામાં આગળ વધારે. નાણાંનાં સ્ત્રોત માટે માર્ગ મોકળો કરી દે. નાં વેચાતી સંપત્તિનું તે વેચાણ પણ કારવી દે. અગાઉનાં અટકી પડેલાં કાર્યો વણઉકેલ કાર્યોનો ઉકેલ લાવીનેં તમને ગમે તે રીતે આગળ વધારવાનાં બધાજ પ્રયત્નો કરશે. અને તમને સફળતા પણ અપાવી દે તેવો પનોતીકારક સમયમાં આ સારા ગ્રહો તમને તક આપી દેશે. એટલે મળતો બધોજ લાભ ઘર ભેગો કરી લેજો. લોભ-લાલચમાં આવ્યા વગર લાંબાગાળાના ફાયદાકારક કાર્યોને ઉકેલી લેજો. તા.૨૦-૧૧-૨૦૨૧થી ગુરૂ કુંભ રાશિમાં પ્રવેશતાં તે પણ લાભ કરાવી દે. તેમજ અણધાર્યા કાર્યોમાં સફળતા અપાવીનેં તમનેમદદ કરી દે. તમારાં કાર્યોને પાર પાડે તમને આગળ વધારે. આકસ્મીક ધનલાભ આપી દે તેવો આ ગુરૂનો સમય કહેવાય. નોકરી-ધંધાનાં કાર્યોનો ઉકેલમળી આવે. વર્ષનીશરૂઆતમાં આ ગુરૂ તમારી રાશિથી બારમાંસ્થાનમાં ચાલશે જે શુભ કહી શકાય નહીં. છતાં આ ગુરૂ આખું વર્ષ તમારી રાશિમાં રહ્યીનેં સંતાન-ભાગ્ય અને પારિવારિક જીવનમાં મહત્વનાં સ્થાને દૃષ્ટિ કરતો હોવાથી તેની દૃષ્ટિ સુખ આપી દેશે. આ બધી બાબતોમાં આપે રાહુનું ધ્યાન રાખવું પડશે. તે તમારી રાશિમાં ચોથા સ્થાને ભ્રમણ કરશે. તે તેનો ભાગ ભજવી જાય ખરાબ સમય રાહુનો બની શકે છે. આ રાહુના સમયમાં આપે સ્વાસ્થ્ય શરીર અને ભાઈ-ભાગીદારીમાં પુરતી કાળજી રાખવી. વિદ્યાર્થીઓને તેમની મહેનત પ્રમાણેનું ફળ નાં પણ મળે. જમીન-મકાન અને સંપત્તિના કાર્યોમાં પણ આપે ધ્યાન રાખવું પડશે. તેમાં વિચારી વિચારીનેં પગલાંભરવા. ઉતાવળે કરેલ નિર્ણય કે ખોટા કદમ તમારે માટે અયોગ્ય બની શકે છે. તેનું પરિણામ આપે આખું વર્ષ ભોગવવું પડશે. એટલે આવી બાબતોમાં શાંતિ જાળવીનેં જ આગળ વધો તે તમારે માટે ઉત્તમ સમય બની રહેશે. આ બધી વિષમ પરિસ્થિતિમાં એક સારી બાબતે એ મનાય છે કે, વિદેશ જવા ઈચ્છુકો અને વિદેશમાં કામ-ધંધો કરવા ઈચ્છતા આ રાશિના જાતકો માટે ઉત્તમ તક બની શકે છે. વિદેશ ગમનથી આપને લાભ થઈ શકે છે. નવાં વર્ષમાં આપનાં નાના-મોટા પ્રવાસ લાભદાયી બની રહે તેમ છે. તેમાં આપે તો ખાસ સ્વાસ્થ્યની કાળજી રાખવી પડશે. આગળ વધવામાં સ્વાસ્થ્ય ખોરવાય નહીં તેનું ખાસ ધ્યાન રાખજો. વિદેશયાત્રા નોકરીની તક આપી શકે છે. આ વર્ષે તમારી રાશિમાં ચોથો રાહુ હશે તે તમારૂં આરોગ્ય બગાડે નહીં તેની કાળજી રાખીનેં થતાં કાર્યો અને મળતાં લાભ ઘર ભેગા કરી લેવા. રાહુ જે ચોથા સ્થાનમાં હશે તે હૃદય સ્થાન મનાય છે. એટલે હાર્ટએટેકથી સંભાળવું કે હૃદયના કોઈ પણ ભાગમાં સહેજ પણ દુ:ખાવો થાય તો તેનો તરતજ ઈલાજ કરાવી લેવો. હાર્ટની તકલીફને કારણે આપને માનસિક બેચેની પણ જણાંય શકે છે અને તે તમારાં થતાં કાર્યો ઉપર સીધી અસર કરે નહીં તે જોજો. શોર્ટમાં આ વર્ષે તમને રાહુ સિવાય અન્ય ગ્રહો સાથ આપી દેશે. એટલે શાંતિ જાળવીનેં થતાં કાર્યોને ઉકેલી લેવા. સામાજિક અને જાહેરક્ષેત્રમાં તમારા કામની કદર થશે તમને માન-સન્માન મળી શકે છે. પારિવારીક માંગલિક પ્રસંગ પણ માંણી શકશો. સમય તો સાનુકૂળ બની શકે છે તેમાં આપે વિચલિત થયા વગર ધાર્યા કામને પાર પાડવા માટે લાગી જવું પડશે અને ધ્યેયલક્ષી બની આગળ વધશો તો જ વર્ષને સારૂં બનાવી શકશો. તેમાં આપને શનિની પનોતીમાં વર્ષ શરૂ થશે તે મોટી પનોતી રૂપાના પાયે છાતીએથી પસાર થશે. એટલે એટલે હૃદયના રોગથી સંભાળવું. જ્યારે તા.૧૨-૦૭-૨૦૨૨થી આ શનિની પનોતી આપને માથાના ભાગથી પસાર થશે અને તે સોનાનેં પાયો હશે એટલે આગ-અકસ્માતથી સંભાળવું પડશે.

● વાર્ષિક રાશિ ફળ :

● કારતક માસ :-મહાશય વિક્રમ સંવત ૨૦૭૮નું નૂતન વર્ષ તા.૦૫-૧૧-૨૦૨૧ને શુક્રવારથી શરૂ થઈ રહ્યું છે. જેમાં આપ ગત્ વર્ષથી બુધની દશા ભોગવી રહ્યાં હશો તેમાંજ આગળ વધવાનું છે. આ દશા આપને ૨૦ દિવસ ચાલશે. અને તે ઉત્તમ છે. એટલે વર્ષનો પ્રારંભ સુખ-શાંતિ અને ઉત્સાહથી કરી શકશો.આપને દરેક નવું વર્ષની શરૂઆત ઉત્તમ દશામાં થાય છે. એટલે આ સમયમાં નવાં કાર્યોનો આરંભ કરીનેં નવાં આયોજનો કરી લો. તા.૨૬-૧૧-૨૦૨૧થી આપને કેતુની દશા શરૂ થશે. આ કેતુ આપનાં દશમાં કર્મ સ્થાનમાં ચાલશે. આ સમયમાં મન-મગજને શાંત રાખજો અને શાંતિથી થતાં કાર્યો કરવા કોઈ બાબતોમાં ઉતાવળ કરવી નહીં.

● માગશર માસ :-તા.૦૫-૧૨-૨૦૨૧ને રવિવારથી માગશર માસનો આરંભ આપને કેતુની દશામાં આગળ ધપાવશે. સમય તો યોગ્ય મનાતો નથી કેતુની દશામાં કાર્યો કરવામાં સંભાળવું પડશે. આ દશા આપને તા.૧૫-૧૨-૨૦૨૧ સુધી ભોગવાશેઅને ત્યાર પછી તા.૧૬-૧૨-૨૦૨૧થી શુક્રની દશા શરૂ થશે. જે બે માસમાં થોડા દિવસ ઓછી રહેશે. શુક્ર સુખકારક છેએટલેઆ સમયનો લાભ લઈનેં થતાં કાર્યો પાર પાડી દેવા. સુખ ભોગવવાની લાલસા દાખવ્યા વગર કામમાં મન પરોવી આગળ વધવાનું કારજો. સમય આવ્યો છે કે આવશે તેમ માનીનેં નવાં આયોજનો કરી લેવામાંજ તમારી ભલાય માની શકાય. સમય સારો હોવથી તેમાં સામાજિક-વ્યવસાયીક અને નોકરીના બધાજ કાર્યો ઉકેલાય જાય તેવું છે.

● પોષ માસ :-તા.૦૩-૦૧-૨૦૨૨ને સોમવારથી પોષની ઠંડીનો ચમકારો અનુભવશો. તેમાં આપ તો શુક્રની દશામાં આગળ વધતાં હશો. સમય સારો છે. આ સમય સુખકારક કહ્યી શકાય. એટલે બધાજ સુખ ભોગવવાની ઈચ્છા થશે અને આરામ કરવાનું મન પણ થશે તેમાં 'આરામ હરામહ્ન માનીનેં ભવિષ્યને ઉજવળ કરવાનું કામ કરજો. કોઈ લક્ઝરી આઈટમ ખરીદવાનો ઉત્તમ સમય છે અને તે આપ મેળવી પણ શકશો.

● મહા માસ :-તા.૦૨-૦૨-૨૦૨૨ને બુધવારથી મહામાસનોઆરંભ આપને શુક્રની દશામાંજ આગળ વધારે. આ શુક્ર દશા આ માસની તા.૧૨-૦૨-૨૦૨૨ સુધી ભોગવાશેતેમાં થતાંબધાજ કાર્યો અને બધાજ સુખ ભોગવી લેજો. તા.૧૨-૦૨-૨૦૨૨થી સૂર્ય આપનીરાશિમાંપ્રવેશ કરશે. એટલેતા.૧૩-૦૨-૨૦૨૨થી સૂર્યની દશા શરૂ થશે. આ સૂર્ય આપના જીવનમાં અંગારા વરસાવે નહીં તે જોજો. બોલવા-ચાલવા અને વાતમાં પણ બહુજ ધ્યાન રાખવું. અફડા-તફડીનો સમય કહ્યી શકાય તેવો છે. અંગારા જેવો સમય હોવાથી 'નબોલવામાં નવગુણહ્ન માનીનેં ગમ ખાઈ જવામાંજ તમારી પ્રગતિ બની શકે છે.

● ફાગણ માસ :-તા.૦૩-૦૩-૨૦૨૨ને ગુરૂવારથી આપ સૂર્યની દશાના તાપથી ધખીનેં શિતળતાનો છાંયડો મેળવવા મથતા હશો ત્યાં આ માસના આરંભે તમારા મનમાં ફાગણનાં ફાગ ખિલતાં હોય તેમ તા.૦૩-૦૩-૨૦૨૨થી આપને સૂર્યના તાપમાંથી ચંદ્રની શિતળતા સમાન ચંદ્રની દશા શરૂ થશે. જે એક માસ જેટલો સમય અનુભવી શકશો. આ સમય આપને માટે શાંતિ અને સુખદાયક બની રહે. વેપાર-ધંધા અને નોકરીમાં આગળ વધી શકશો. ઘર-પરિવાર, જમીનના કાર્યો થાય. આપને દોડવું હતું ને ઢાળ મળ્યા જેવો સમય આવ્યો માનવો. આ ચંદ્રની દશા આખો ફાગણ માસ ભોગવાશે.

● ચૈત્ર માસ:-તા.૦૨-૦૪-૨૦૨૨ને શનિવારથી ચૈત્રી માસનો આરંભે આપને મંગળની દશા શરૂ થશે. આ મંગળ દશા આપને આ માસના ૨૨ દિવસ ચાલશે. મંગળ અમંગળકારી બની શકે છે એટલે આપે બહુજ બધીજ રીતે ધ્યાન રાખવા જેવો સમય આપની પરીક્ષાનો સમય બની શકે છે. તા.૦૭-૦૪-૨૦૨૨થી મંગળ આપની રાશિમાં પ્રવેશ કરશે અને તેની દશા એટલેસમયને સમજીનેંઆગળ વધવું. તા.૨૪-૦૪-૨૦૨૨થી આપને રાહુની દશા શરૂ થશે. જે રાહુ તમારી રાશિના ચોથા સ્થાનમાં હશે. તેનાથી પણ આપે સંભાળવું પડશે.

● વૈશાખ માસ :-આપની રાશિમાં રાહુનો તાપ અને તેમાં વૈશાખી વાયરા તા.૦૧-૦૫-૨૦૨૨ને રવિવારથી શરૂ થશે. તેમાંઆપ રાહુની દશામાં જ આગળ વધતાં હશો. આ આખો માસ આપને રાહુ દશા સાથે પુરો કરવાનો હોવાથી શાંતિ જાળવવી અને કોઈ કાર્યોમાં ઉતાવળ કરવી નહીં. નવાં કોઈ વિચારો કે આયોજનો પણ કરવા હીતાવહ મનાતા નથી. આપનું અવિચારી પગલું આપનાં જીવનમાં ઘાતક બની શકે છે બસ એટલું વિચારીનેં કાર્યો કરશો તો વાંધો નહીં આવે અને ખરાબમાં ખરાબ સમય પણ પસાર થઈ જશે. કોઈનો એક જેવો સમય રહ્યો નથી કે રહેશે પણ નહીં તેમ તમારો આ સમય પણ સમયની સાથે પાણીના રેલાની જેમ વહી જશે. કરતાં હોવ તે કામ કરવા.

● જેઠ માસ :-તા.૩૧-૦૫-૨૦૨૨ને મંગળવારથી જેઠ માસનો આરંભઆપને રાહુ દશામાંથશે. આ દશા આપને હજુ ૧૯ દિવસ ભોગવવી પડશે એટલે માસના આરંભે બિલકુલ શાંતિ જાળવવી મગજ ઉપર બરફ મુકી દેવો. અશાંતિભર્યો સમય હોવાથી કોઈ જાતની અફડા-તફડી મચે નહીં તેનું પણ ધ્યાન રાખવું પડશે. વાણી-વિલાસમાં ક્યાંક અજુક્તું કે અણછાજતું બોલાય જાય નહીં તે જોજો. આ કઠીણ સમય પછી આપને તા.૧૯-૦૬-૨૦૨૨થી ગુરૂની દશા શરૂ થશે. રાહુની અગ્નિપરીક્ષામાંથી પસાર થયા પછી ગુરૂનો સમય આપને દાઝ્યા ઉપર મલમનું કામ કરી દેશે. આ ગુરૂની દશામાં આપ આગળ વધી શકશો.

● અષાઢ માસ :-તા.૩૦-૦૬-૨૦૨૨ને ગુરૂવારથી ગુરૂની દશામાં અષાઢ માસમાં આપ આગળ વધતાં હશો. આ ગુરૂની દશા ગત સમયમાં ગયેલ નુકશાન અને તમારાં કાર્યોમાં આવેલ રૂકાવટને આગળ ધપાવવાનું કાર્ય કરશે એટલે આપ 'ઊઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી લાગી રહ્યોહ્ન સમય સારો સરૂ થયો છે તેનો બની શકે એટલો લાભ આપ લઈ શકશો. ગત સમયનું વળતર આ સમયમાં વાળી લેજો. ભાગ્યોદયની ઉત્તમતક મળી રહે આપને માટે 'ગોલ્ડન પ્રિયડહ્ન સમાન સમય આવ્યો કહેવાય. જે આપના જીવનને બદલી શકશે. નોકરીમાં બદલી-બઢતી અને મનગમતી જગ્યાએ સેટ થવાનો મોકો મળી રહે. સમાજ-પરિવારમાં માન-સન્માન મળે. નવાં નોકરી-ધંધાના આયોજન પણ આપ કરી શકશો.

● શ્રાવણ માસ :-તા.૨૯-૦૭-૨૦૨૨ને શુક્રવારથી શ્રાવણ માસનો આરંભ શિવજીની આરાધના સાથે કરજો તેમાં આપને ગુરૂની દશા ભોગવાતી હશે. એટલે સમયનો સદઉપયોગ કરી લેવો અને બાકી રહેલાં કાર્યોને ઉકેલી પણ લેવાં. તા.૧૨-૦૭-૨૦૨૨થી શનિ મહારાજ વક્રી થતાં મકર રાશિમાં પ્રવેશ કરશે જેમાંઆપને શનિની મોટી પનોતી માથાના ભાગેથીપસાર થશે જે સોનાનેં પાયે રહે. તા.૦૮-૦૮-૨૦૨૨થી શનિની દશા શરૂ થશે. અને આપને શનિની મોટી પનોતી ચાલી રહ્યી છે. એટલે આ શનિની દશા અને તેની પનોતીથી ધ્યાન રાખી રાખીનેં બધાજ કાર્યો કરજો.

● ભાદરવા માસ :-તા.૨૮-૦૮-૨૦૨૨ને રવિવારથી ભાદરવા માસનો આરંભ થશે. જેમાં આપ શનિની દશામાં જ આગળ વધતાં હશો. ભાદરવાના આકરા તાપમાં શનિનો તાપ સહન કરવાનો સમય કહેવાય. આ સમયમાં આપ શનિની દશામાંજ આગળ વધતાં હશો. આ સમયમાં આપે બહુજ ધ્યાન રાખવું સાચવી સાચવીનેં કાર્યો કરવા કોઈ બાબતોમાં ઉતાવળ કરવી નહીં કે મગજ ગુમાવવું નહીં. નવાં કોઈ આયોજન હમણાં હાથ ઉપર લેતા નહીં. સમયની રાહ જુઓ આ સમય પણ વિતી જશે. જે ધંધા-રોજગાર કરતા હોવ તે કરે જજો નવાં કોઈમાં હાથ નાંખતાં નહીં નહીંતર દાઝી જવાય તેવો સમય બની રહેશે. આપ નવાં વર્ષને વધાવવા અને નવા આયોજન કરવા માંગતાં હશો પરંતુ તે તમારા વિચારો ઉપર હમણાં થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી નવાં જોખમમાંથી બચવાનું કરજો.

● આસો માસ :-તા.૨૬-૦૯-૨૦૨૨ને સોમવારથી આસોનવરાત્રિનો શુભારંભ થશે. આ સમયમાં આપ શનિની દશાજ ભોગવતાં હશો. એટલે માસના આરંભમાં બહુજ તકેદારી અને કાળજી રાખજો. તા.૦૬-૧૦-૨૦૨૨થી આપને બુધની દશા શરૂ થશે જે વર્ષાંત સુધી ચાલશે. એટલે આ સમય તમારે માટે રાહતનો માની શકાય. નવાં વર્ષને વધાવવા અને નવાં આયોજનો કરવામાં સમય સાનુકૂળ બની શકે છે. તેનો લાભ લઈનેં આવતાં વર્ષને ઉત્સાહ અને ઉમંગથી ઉજવી શકો તેવું કરજો. સમય તો ઉત્તમ છે અને તે આપને નવાં વર્ષના આરંભે પણ આગળ વધારી શકે તેવો છે. બુધની મદદથી આગળ વધો અને નવાંકાર્યો કરવા માંડો આવતું વર્ષ તમારૂં સુખરૂપ અને શાંતિમય વિતે તેવા કાર્યો હાથ ઉપર લઈ પાર પાડવા મચી પડો. આપને તો આ વર્ષ મિશ્રફળદાયી બનીનેં આવ્યું તેમાં તમારી સાવધાની અને સતર્કતા જ ઉપર બધો આધાર રહેશે.

● મીન (દ.ચ.ઝ.થ.) :

મહાશય આપ વર્ષભર જે કષ્ટો, માનસિક ચિંતા અને ખરાબીઓનો અનુભવ કરીનેં નવાં વર્ષને વધાવવા અડીખમ છો તે જ તમારે માટે સૌથી મોટી સિદ્ધિ માનવી. આ કષ્ટો અને મુશ્કેલીઓમાંથી આપે જીવનના પાઠ શિખવા પડશે. કોણ પોતાનું અને કોણ પારકું તે શિખવા માટેનો આ સમય બની રહ્યો માનજો. દુનિયાદારીનું ભાન થાય તે માટે આવો સમય આવ્યો માનવો. જ્યારે હવે તા.૦૫-૧૧-૨૦૨૧ને શુક્રવારથી વિક્રમ સંવત ૨૦૭૮નું નૂતન વર્ષ શરૂ થઈ રહ્યું છે તેના ઉપર નજર કરીએ તો વર્ષનો આરંભ આપને બુધની દશામાં થશે. આ બુધની દશા સારી માની શકાય. જ્યારે શનિ મહારાજ તમારી રાશિના અગ્યારમાં સ્થાનમાંથી પસાર થશે. આરંભે આપને આકસ્મીક સામાજિક અને રાજકીય પ્રતિષ્ઠામાં વધારો થાય તેવું છે. આ અગ્યારમાં સ્થાનમાં રહેલ શનિ મહારાજ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરાવી શકે તેવા સક્ષમ આવી ગયાં છે. તે વિશેષ સફળતા પણ અપાવી દેશે. ધંધા-રોજગારની બાબતોમાં આપ જો સમય ઓળખીનેં આગળ વધશો તો ચોક્કસ લાભ મેળવી શકશો. મહત્વકાંક્ષિ બનો અને આગળ વધવાનાં બધાજ પ્રયત્નો કરજો તેમાં બુદ્ધિનો સદઉપયોગ કરજો. કોઈ લોભ-લાલચમાં આવવું નહીં. આ વર્ષના ફેબ્રુઆરી-માર્ચ માસ તમારે માટે વિશેષ લાભદાયી બનીનેં આવે તેવું લાગી રહ્યું છે. ગત્ વર્ષનાં અધુરાં રહેલ કે વણઉકેલ કાર્યો હોય તે હવે પુરાં કરવા માંડજો અને તે ઉકાલાય પણ જાય તમે આગળ વધી શકો તેમ છો. નવાં કાર્યો કોઈ મોટા પ્રોજેક્ટ હાથ ઉપર લઈ નવાં ધંધા-રોજગારના દ્વાર ખોલી નાંખજો. નાણાંકીય સ્ત્રોત મળી રહે તેવો સમય આવી રહ્યો છે એટલે કોઈ પણ નવા રોકાંણ કરવામાં હીચકીચાહટ મનમાં લાવશો નહીં. ગત્ વર્ષે આપે ભોગવેલ નાણાંકીય મુશ્કેલીઓમાં ઘટાડો પણ થશે. આપે વ્યવસાયીક પ્રગતિની વાતોની સાથે શારીરિક બાબતોમાં ધ્યાન રાખવું પડશે. 'પહેલું સુખ તે જાતે નર્યાહ્ન માનજો. જો તમે સ્વસ્થ હશો તો હરકોઈ કામ સ્વસ્થ મને કરી શકશો. એટલે માર્ચ-એપ્રિલ માસના સમયમાં સ્વાસ્થ્યની તકેદારી રાખવી. સંતાનોના વિદ્યાભ્યાસમાં અને તેઓના પ્રશ્નોમાં આપે ખાસ કાળજી રાખવી પડશે. તા.૨૯-૦૪-૨૦૨૨થી શનિ મહારાજ કુંભ રાશિમાં પ્રવેશતાં આપને સાડાસાતી પનોતીનો પ્રથમ તબક્કો શરૂ થતો હોવાથી વાહન ચલાવવામાં કે કોર્ટ-કચેરીનાં કાર્યોમાં ખુબજ કાળજી રાખવી. ખર્ચાઓને કન્ટ્રોલમાં કરવા પડશે. આવા મુશ્કેલભર્યા સમયમાં આપને સમસ્યાઓમાં ઘેરવા માટે વિરોધીઓ પણ આગળ આવી શકેછે અને તેવા લોકો દ્વારા તમારી મુશ્કેલીમાં વધારો કરે તેપહેલાં સતર્ક રહેવું. કોઈ અનિચ્છનિય ખરાબીઉભી થાય નહીં તેનું ખાસ ધ્યાન રાખજો. આ વર્ષનાં જુલાઈ-૨૦૨૨થી સપ્ટેમ્બર-૨૦૨૨ સુધી તો આપે વિરોધીઓથી સંભાળી સંભાળીનેં ચાલવાનો સમય કહેવાય. વિક્રમ સંવત ૨૦૭૮ના વર્ષમાં રાહુનું પરિભ્રમણ તમારા ત્રીજા સ્થાનમાંથી થશે. તે તમને સામાજિક, કૌટુંબીક અને પારિવારીક શાંતિ આપે. અગાઉ ઘર-પરિવાર અને કુટુંબમાં કોઈ બાબતોથી મનદુ:ખ થયું હોય તેમાં ગેરસમજ દૂર થાય અને સુમેળ બની રહે તેવો સમય બની રહેશે. આ રાહુનો સમય આપને આકસ્મીક અચાનક નાણાંકીય લાભ પણ કરાવી દે તેવો છે. શેર-સટ્ટા, લોટરી, જમીન-મકાન કે પ્રોપર્ટીના કાર્યોમાં આ રાહુ મહારાજ આપને ન ધારેલ સફળતા અને લાભ અપાવી દેશે. એટલે તમારા માટે 'ગોલ્ડન પ્રિયડહ્ન લઈનેં રાહુ આવ્યા હોય તેમ માનજો. રાહુના સાથથી આપ અનેક કાર્યો પાર કરી નવો રાહ અને નવી દિશા અપનાવી જીવનને આગળ ધપાવી શકશો. આપના જન્મનો રાહુ હશે તો 'સોનામાં સુગંધ' બનીનેં આપનાં જીવનને દીપાવી દેશે. નવાં ઉદ્યોગ-ધંધામાં રોકાંણ દ્વારા લાભ મેળવીનેં આપ આગળ વધી શકો તેવો રાહુનો સાથ માનવો. આ સમય રાજકીય દૃષ્ટિએ લાભદાયી બનીને આવે તેવો છે. એટલે રાજકીય મહેચ્છા હોય તો તે બર આવે અને પાર પણ પડે. રાજકીય વગ અને માન-સન્માન મળવાનું માનવું. રાહુ મહારાજ તમારા ઉપર ઓવારી ગયાં હોય તેમ મહેરબાન બનીનેં તમને આગળ ધપાવવા તમારી પ્રગતિ કરાવવા આવી પહોંચ્યાં હોય તેવું છે. એટલે ખરાબ ગ્રહોની વચ્ચે જે આશાનું કિરણ રાહુ તરીકે સામે આવ્યું છે તેનો બને તેટલો લાભ લઈ આગળ વધો. ગુરૂ મહારાજ આપની રાશિમાંથી પરિભ્રમણ કરશે. તે સારા પરિણામદાયી બની શકે છે. આ ગુરૂના સમયમાં આપને સ્નેહીજનોનું મિલન અને સાથ-સહકાર મળી રહે. આ ગુરૂ મહારાજની દૃષ્ટિથી આપનાં અટકી પડેલાં કાર્યોનો ઉકેલ આવી શકે છે. સંતાનોના પ્રશ્નો ઉકેલી લેવા સગપણ કે અભ્યાસમાં ગુરૂ મહારાજ મદદ કરી તમને આગળ ધપાવશે. ગુરૂને કારણે આપને આ વર્ષમાં માન-સન્માનનો યોગ પણ જોવા મળે. તેને કારણે આપ સામાજિક અને જાહેરક્ષેત્રોમાં રાકીય બાબતોમાં તમારા બોલનું વજન પડે અને તમે પાંચમાં પુચ્છાતા થાવ તેવો સમય આવશે. માર્ચ માસ સુધી તો ગુરૂ તમને બધીજ રીતે સાથ આપી દેશે અને દરેક કાર્યો પાર પાડી વિજય અપાવશે. પરંતુ તા.૧૪-૦૪-૨૦૨૨થી આ ગુરૂ મહારાજ મીન રાશિમાં પ્રવેશ કરશે તેમાં ગુરૂ આપની મીન રાશિનો સ્વામીપતિ છે એટલે તે કોઈ ખરાબીઓ કે નુકશાન પહોંચાડશે નહીં. તેમ છતાં માર્ચ પછી એપ્રિલથી આપે ધ્યાન રાખવું જરૂરી છે. કાર્યોમાં સરળતા નહીં રહે અને ગુરૂનું બળ પહેલાં જેવું નહીં મળે તેને કારણે ધ્યાન રાખી રાખીનેં આગળ વધશો તેમાં તમારાં કાર્યો તો સફળ થશે. એપ્રિલ-૨૦૨૨ની ૧૪મી તારીખ પછી જે કામ વ્યવસાય કરતાં હોવ તેને જાળવી રાખવા. ગુરૂ મહારાજ નાણાં કમાવવાની તક આપશે. પોતાની તાકાત અને કાર્યક્ષમતાને અનુરૂપ સાહસ કરજો. 'ચાદર એટલા પગ ફેલાવજોહ્ન નહીંતર ગજા બહારનાં સાહસમાં તમારાં પગ ચાદર બહાર નિકળી જાય અને લોકો જુએ તેવું ખોટું સાહસ કરતા નહીં. કોઈ પણ લાલચમાં આવવું નહીં અને કોઈ જાતનું અવિચારી મૂડી રોકાંણ કરવું નહીં. ગુરૂ મહારાજ તમને આગળ વધવાની તકઆપશે તેમાંતમારી બુદ્ધિની પરીક્ષા પણ લેવાય જશે એટલે કોઈ લાલચમાં આવ્યા વગર બુદ્ધિનો સદઉપયોગ કરજો. આ વર્ષ તમારે માટે સારો સમય લઈનેં આવ્યું માનવું આગળ વધાય અને કાર્યો થાય તેવો સમય આવી પહોંચ્યો છે. ચિંતા જેવું નથી પરંતુ તેમાં તકેદારી અને સાવધાની પણ જરૂરી માનવી. જો તે ભૂલ્યા તો 'જો ડર ગયા સો મર ગયાહ્ન જેવું એટલે નોકરી-ધંધા-વ્યવસાયમાં કાળજી રાખીનેં આગળ વધશો તો તમારૂં ભવિષ્ય બનાવી શકશો. બસ વિચારો અને સારા સમયનો સારો લાભ લઈ લેવો.

● વાર્ષિક રાશિ ફળ :

● કારતક માસ :- મહાશય તા.૦૫-૧૧-૨૦૨૧ને શુક્રવારથી વિક્રમ સંવત ૨૦૭૮નું નૂતન વર્ષ શરૂ થઈ રહ્યું છે જેમાં આપ વર્ષનાં આરંભથી જ બુધની દશામાં આગળ વધશો. બુધની દશા આપને સુખ આપે કાર્યો કરાવે અને વર્ષને વધાવવામાં ઉત્સાહીત કરે તેવો સારો સમાય આવી પહોંચ્યો માનવો. બુધ આપનાં નોકરી-ધંધા અને સામાજિક કાર્યોનો ઉકેલ લાવી તમારી પ્રગતિ કરાવી દેશે. નવાં નવાં કાર્યો હાથમાં આવે અને તમે આગળ વધી શકશો. બુધ તમારી રાશિના નવમાં સ્થાનમાંથી પસાર થતાં તે શુભ ફળદાયી બનીનેં તમારો સમય યાદગાર બનાવી દેશે. એટલે તમારે દોડવું હોય એટલું દોડીલો અને નવાં આયોજનો અને કાર્યોપાર પાડી ભવિષ્યનું સારૂં આયોજન કરી લેજો.

● માગશર માસ :-તા.૦૫-૧૨-૨૦૨૧ને રવિવારથી માગશર માસનો આરંભ થશે તેમાં પણ આપ બુધની દશામાં જ આગળ વધતાં હશો. આ બુધની દશા આપને તા.૨૪-૧૨-૨૦૨૧ સુધી સમય સારો કહ્યી શકાય તેવો માનજો. એટલે આ સારા સમયનો સદઉપયોગ કરીનેં પડતર કાર્યો અને નવાં આયોજનો કરી લેવાં. તા.૨૫-૧૨-૨૦૨૧થી આપને કેતુની દશા શરૂ થશે. આ કેતુ પણ આપની રાશિના નવમાં સ્થાનમાં હોવાથી આપને માટે સારો સમય લઈનેં આવ્યો માનજો. બુધની દશા અને હવે કેતુની દશા આપને તો લોટરી લાગવા સમાન બની રહેશે. કેતુની દશા આપને માગશર માસ આખો પુરો કરાવશે. કેતુ આપને પરિવર્તન અને પરાક્રમ કરાવી દે જેમાં આપ 'હિંમતે મર્દા તો મદદે ખુદાહ્ન માનજો અને કૂદી પડશો તો વીરનર્મદનું વાક્ય 'ફતેહ છે આગેહ્ન ભૂલતાં નહીં. સમય આવ્યો છે કે આવશે તેનો લાભ લઈ શકાય એટલો લઈ લેજો.

● પોષ માસ :- તા.૦૩-૦૧-૨૦૨૨ને સોમવારથી ઠંડીના ચમકારા સાથે પોષ માસનો આરંભ જે આપને કેતુની દશામાં આગળ વધારશે. આ કુદરતી ઠંડીના ચમકારામાં આપ ઠરી જતાં નહીં. કે ઠુંઠવાતા નહીં. કેતુની હૂંફ મળી રહ્યી છે તેનો સદઉયોગ કરીનેં બને તેટલા આગળ વધી જજો જે તમારે માટે ઉત્તમ સમયને આવકારવા સમાન બની રહેશે. આ કેતુની દશા આપનેઆ માસની તા.૧૪-૦૧-૨૦૨૨સુધી જ ચાલશે એટલે મકરસંક્રાંત સુધી. ઉત્તરાયણ પછી તા.૧૫-૦૧-૨૦૨૨થી શુક્રની દશા શરૂ થશે. જે શુક્રનોસમય આપને બે માસ ભોગવાશે. લો તમને તો ખરે ખર લોટરી જેવો સમય વર્ષના આરંભથી શરૂ થયો છે. આ શુક્ર આપની રાશિના દશમાં સ્થાનમાંથી પસાર થશે. તે આપને માટે સાનુકૂળ બની રહેશે. શુક્ર સુખ આપે અને આરામ કરવાનુંપણ મન મનાવે તેમાં સુખ ભોગવવાની લ્હાય અને આરામનું કાર્ય કરતાં નહીં સમય આવ્યો છે કે આવશે તેમ માનીને નવા નવા આયોજનો કરવા માંડજો.

● મહા માસ :- તા.૦૨-૦૨-૨૦૨૨ને બુધવારથી મહા માસનો આરંભ તમારા જીવનમાં મહાન બની રહેશે. બુધની દશા, કેતુની દશા અને હવે શુક્રના સુખની દશામાં આપ આગળ વધી રહ્યાં છો. તેમાં આપનાં કાર્યો ઉકેલાતા હશે આપ નવાં આયોજનો પાર પાડતાં હશો અને કોઈ લક્ઝરી આઈટમ ખરીદવાના મૂડમાં હશો તો તે પણ મનોઈચ્છા પાર પડશે. નવાં નવાં સુખનો અનુભવ કરવામાં કાર્યો કરવાનું છોડી દેતા નહીં. ભવિષ્યનું વિચારીનેં થતાં બધાંજ કાર્યો પાર પાડવા લાગી જજો. સમયને સમજો અને આગળ વધો બસ બીજું કંઈ આ દશાના સમય માટે કહેવું નથી.

● ફાગણ માસ :- તા.૦૩-૦૩-૨૦૨૨ને ગુરૂવારથી ફાગણીયા ફાગ ખેલવા તમારૂં મન થનગનતું હશે. સારા સમયમાં આ બધા શોખ જાગે અને તેમાં શુક્રની દશા હોય એટલે સુખનો સમય બની રહે. આ સારા સમયનો સારો ઉપયોગ કરી લેજો. સમય ક્યારે બદલાય છે તે કાંઈ કહ્યી શકાય નહીં એટલું મગજમાં વિચારી લેજો. તા.૧૫-૦૩-૨૦૨૨થી આપને સૂર્યની દશા શરૂ થશે. આ સૂર્યની દશા આપને ફાગણ માસના અંત ભાગ સુધી ચાલશે. વર્ષનાં આરંભથી માર્ચ માસના મધ્યભાગ સુધી સારા સમયમાં આગળ વધેલ તમારી હવે કસોટી સમાન સૂર્યનો સમય શરૂ થશે જે તમને તપાવે અને અંગારાની જેમ ધખાવે નહીં તે જોજો. ધ્યાન રાખવાનો બધીજ રીતે કાળજી રાખવાનો અને કોઈ વાતમાં ઉતાવળ નહીં કરવાનો સમય ધીરજ ધરવાનો સમય શરૂ થયો માનવું તેમાં થતાં કાર્યો શાંતિથી કરી લેવાં. અફડા-તફડીનો સમય મનાય છે. ઘણાં નવાં કાર્યો થાય અને ઘણાં જુનાં કાર્યો હાથ ઉપરથી સરકી પણ જાય તેવું કહેવાય. સમયને સમજીનેં આગળ વધવું.

● ચૈત્ર માસ :-તા.૦૨-૦૪-૨૦૨૨ને શનિવારથી ચૈત્રી માસનો આરંભ જેમાં આપ સૂર્યના ધમધખતા આકરા તાપમાં બરાબરના શેકાયા હશો ક્યાંક દાઝ્યા હશો તેના ઉપર શિતળા સમાન ચંદ્રની દશા માસના પ્રથમ દિવસથી શરૂ થશે. આ ચંદ્રની દશા એક માસ સુધી ભોગવાશે. નવાં નવાં નોકરી-ધંધા અને જમીનના કાર્યો ઉકેલાય જાય. યાત્રા-પ્રવાસ અને મુસાફરીનું આયોજન પણ કરી શકો. વિદેશ જવા ઈચ્છુકો માટે સમય સારો બની રહેશે. એટલે મળતો બધોજ લાભ ઘર ભેગો કરી લેવો.

● વૈશાખ માસ :- તા.૦૧-૦૫-૨૦૨૨ને રવિવારથી વૈશાખી વાયરાના દિવસો શરૂ થશે જેમાં આપ આરંભે બે દિવસ ચંદ્રની દશામાં હશો ત્યાર પછી તા.૦૩-૦૫-૨૦૨૨થી મંગળની દશા શરૂ થશે. આ મંગળ અમંગળ કરે નહીં તેનું ખાસ ધ્યાન રાખજો. કોઈ જાતની અફડા-તફડી મચીનાં જાય તે જોજો. સમયને સમજીનેં આગળ વધવું. 'ન બોલવામાં નવ ગુંણલ્ન માનજો. જેટલી શાંતિ જાળવશો એટલો આપને ફાયદો બની રહેશે. આ માસમાં તા.૨૫-૦૫-૨૦૨૨થી આપને રાહુની દશા શરૂ થશે. જે લગભગ બે માસમાં પાંચ દિવસ ઓછા રહેશે. આપનો સમય વર્ષનાં આરંભ કરતાં બદલાતો લાગી રહ્યો છે. મંગળની દશાથી રાહુની દશા સુધી આપે ધ્યાન તો રાખવું પડશે.

● જેઠ માસ :- તા.૩૧-૦૫-૨૦૨૨ને મંગળવારથી જેઠ માસનો આરંભ જેમાં આપ રાહુની દશામાં આગળ વધતાં હશો. આ દશા આપને આખો જેઠ માસ ભોગવવી પડશે. પોંણા બે માસ ચાલનાર આ રાહુની દશામાં આપને અશાંતિ જેવું લાગશે મનમાં ઉચાટ અને ઉદ્વવેગ રહ્યાં કરે અકારણ ચિંતા પણ રહે. અશાંતિભર્યો સમય કહેવાય. સામાજિક કાર્યોમાં બદલાવનો યોગ બની રહે.

● અષાઢ માસ :- તા.૩૦-૦૬-૨૦૨૨ને ગુરૂવારથી અષાઢ માસનો આરંભ જેમાં આપ રાહુની દશામાં આગળ વધતાં હશો. આ રાહુ આપને આ માસના અંત ભાગ સુધી માની શકાય. રાહુ આપનાં પરાક્રમ ત્રીજા સ્થાનમાં હોવાથી કાર્યો અને નવાં આયોજનોમાં સાહસ કરાવી દે. નવાં ધંધા-રોજગાર કે રાજકીયક્ષેત્રે સારી સફળતા પણ અપાવી દે. આવા સમયનો સદ્દબુદ્ધિથી ઉપયોગ કરી લેવો અને મળતો બધોજ લાભ લઈ લેવો. તા.૨૦-૦૭-૨૦૨૨થી આપને ગુરૂની દશા શરૂ થશે.

● શ્રાવણ માસ :- તા.૨૯-૦૭-૨૦૨૨ને શુક્રવારથી શ્રાવણનો આરંભ જેમાં આપ ગુરૂની દશામાં આગળ વધતાં હશો. આ ગુરૂની દશા આપને આખો માસ ભોગવાશે. આ ગુરૂ આપને બળ પ્રદાન કરનાર સાતમાં સ્થાનમાંથી પસાર થશે. તેનો બને તેટલો લાભ લઈ શકો છો. પછી કહેતાં નહીં કે, 'લક્ષ્મી ચાંદલો કરવા આવી અને મ્હોં ધોવા ગયાલ્ન સમજાય તેને વંદન...સારો સમય આપને ઘણુંબધું આપી દેશે.

● ભાદરવો માસ :-તા.૨૮-૦૮-૨૦૨૨ને રવિવારથી ભાદરવા માસનો આરંભ જેમાં આપ ગુરૂની સારી દશામાં આગળ વધશો. આ ગુરૂની દશા તા.૦૭-૦૯-૨૦૨૨ સુધી ચાલશે. એટલે ત્યાં સુધીમાં ગુરૂનો મળતો બધોજ લાભ લઈ લેજો. ગુરૂ આપે તે કોઈ નાં આપે તેવું છે અને ગુરૂબીના જ્ઞાન નહીં એટલે ગુરૂનો મળતો બધોજ લાભ લઈનેં ભવિષ્યનું આયોજન પણ કરી શકાય. તા.૦૮-૦૯-૨૦૨૨થી આપને શનિની દશા શરૂ થશે. આ સમયમાં આપે દોડવામાં બ્રેક મારવી પડશે. શાંતિ જાળવવી પડશે.

● આસો માસ :- વિક્રમ સંવત ૨૦૭૮નો છેલ્લો મહિનો આસો જે માતાજીની આરાધના સાથે શરૂ થાય અને દિવાળીની ઉજવણી સાથે વર્ષ પુરૂં થાય તેવા આ માસમાં આપ શનિની દશામાં જ આગળ વધતાં હશો. નવાં વર્ષને પણ આપ શનિની દશામાંજ આવકારશો એટલે આ શનિનો સમય આપને ધીરજ રાખવાની અને મક્કમતાથી આગળ વધવાનું સૂચન કરી રહ્યો છે. શનિ મહારાજ આપને સફળતા તો આપી દેશે પરંતુ તે તમારા કર્મોનો હિસાબ કરીનેં. એટલે કોઈ લાલચમાં આવ્યા વગર આગળ વધો જે મળે તે ભાગ્ય સમજીનેં સ્વીકારી લેજો. આ વર્ષે તમે ગુરૂ, શનિ અને રાહુના સાથથી ઘણાં કાર્યો પાર પાડી શક્યા હશો અને વર્ષને ઉજવળ બનાવી ભવિષ્યનાં આયોજનો કર્યા હશે તેમાં આવતું નવું વર્ષ આપને સુખમય અને સમૃદ્ધિમય બની રહે તેવી શુભેચ્છા...

વાર્ષિક રાશિ ભવિષ્ય

વિક્રમ સંવત ૨૦૭૮

: જ્યોતિષી :

ચિંતામણી જ્યોતિષ કાર્યાલય

સી-૩૫, સૂર્યા કોમ્પલેક્ષ, બી.કે. સિનેમા રોડમહેસાણા-૩૮૪૦૦૨

મો.નં.૯૯૨૪૦ ૨૫૮૯૧, ૮૦૦૦૦૧૧૮૫૦

મહેશભાઈ શાસ્ત્રી

જામીનના આદેશો પહોંચાડવાના વિલંબથી કેદીઓની આઝાદીને અસર થાય છે, તેનું 'યુદ્ધના ધોરણે' નિવારણ કરવાની જરૂર છે : સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ ચંદ્રચુડ

નવી દિલ્હી તા.૧૧

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચુડે જેલ સત્તાવાળાઓને જામીનના આદેશો પહોંચાડવામાં વિલંબને ખૂબ જ ગંભીર ગણાવી છે અને તેને યુદ્ધના ધોરણે સંબોધવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો છે કારણ કે તે દરેક ટ્રાયલ કેદીની માનવ સ્વતંત્રતાને સ્પર્શ કરતો મુદ્દો છે. ન્યાયાધીશ ચંદ્રચુડ અલાહાબાદ હાઈકોર્ટ દ્વારા આયોજિત એક ઓનલાઈન ઈવેન્ટમાં બોલી રહ્યા હતા, જેમાં વકીલોને ઓનલાઈન કાનૂની સહાયતાની સુવિધા આપવા માટે વર્ચ્યુઅલ કોર્ટ અને ઈ-સેવક કેન્દ્રોનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે "ફોજદારી ન્યાય પ્રણાલીમાં ખૂબ જ ગંભીર ઉણપ એ જામીનના આદેશોના સંચારમાં થતો વિલંબ છે, જેને આપણે યુદ્ધના ધોરણે સંબોધિત કરવાની જરૂર છે. કારણ કે આ દરેક અંડર-ટ્રાયલની માનવ સ્વતંત્રતાને સ્પર્શે છે. તાજેતરમાં, બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાનના પુત્ર આર્યન ખાનને, ડ્રગ્સ-ઓન-ક્રૂઝ કેસમાં બોમ્બે હાઈકોર્ટમાંથી જામીન મળી ગયા હોવા છતાં, મુંબઈની આર્થર રોડ જેલમાં વધારાનો એક દિવસ પસાર કરવો પડ્યો હતો. આ પહેલા, સીજેઆઈ એન.વી. રમનાની આગેવાની હેઠળની બેન્ચે જામીનના આદેશોના અમલીકરણમાં વિલંબના અહેવાલો ઉપર પોતાની સખત નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે તે ઓર્ડરના પ્રસારણ માટે એક સુરક્ષિત, વિશ્વસનીય અને અધિકૃત ચેનલ સ્થાપિત કરશે. ખંડપીઠે કહ્યું હતું કે ડિજિટલ યુગમાં પણ, જાણે અમે હજી પણ કબૂતરોને આવા ઓર્ડર આપવા માટે આકાશ તરફ જોઈ રહ્યા છીએ એવું લાગે છે. ત્યારબાદ સુપ્રીમ કોર્ટે ઝડપી સંચાર અને તેના આદેશોનું પાલન કરવા માટે એક પ્રોજેક્ટ — ફાસ્ટ એન્ડ સિક્યોર ટ્રાન્સમિશન ઓફ ઈલેક્ટ્રોનિક રેકોર્ડ્સના અમલીકરણનો આદેશ આપ્યો હતો અને તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને દરેક જેલમાં પૂરતી ઝડપ સાથે ઈન્ટરનેટ સુવિધા સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં બોલતા, જસ્ટિસ ચંદ્રચુડે ઓરિસ્સા હાઈકોર્ટની એક પહેલનો ઉલ્લેખ કર્યો હતો જે દરેક અન્ડર-ટ્રાયલ કેદી અને જેલની સજા ભોગવી રહેલા દોષિતને ઈ-કસ્ટડી પ્રમાણપત્ર આપવાની જોગવાઈ કરે છે. તે પ્રમાણપત્ર અમને પ્રારંભિક રિમાન્ડથી લઈને દરેક કેસની અનુગામી પ્રગતિ સુધી તેચોક્કસ અંડર-ટ્રાયલ અથવા દોષિતના સંબંધમાં તમામ જરૂરી ડેટા આપશે. આનાથી અમને એ સુનિશ્ચિત કરવામાં પણ મદદ મળશે કે જામીનના આદેશો તરત જ આપવામાં આવે છે, જ્યાંથી તેનું સંચાર કરવામાં આવે છે ત્યાંથી, તાત્કાલિક અમલીકરણ માટે જેલોમાં મોકલવામાં આવે છે." જસ્ટિસ ચંદ્રચુડે વર્ચ્યુઅલ કોર્ટના મહત્ત્વનો પણ ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે ટ્રાફિક ચલણના નિર્ણય માટે ૧૨ રાજ્યોમાં તેમની સ્થાપના કરવામાં આવી છે. દેશભરમાં ૯૯.૪૩ લાખ કેસ પૂર્ણ થયા છે. ૧૮.૩૫ લાખ કેસ માટે દંડ વસૂલવામાં આવ્યો છે. કુલ દંડની રકમ ૧૧૯ કરોડ રૂપિયાથી વધુ છે. લગભગ ૯૮,૦૦૦ ઉલ્લંઘનકારોએ કેસ લડવાનું પસંદ કર્યું છે. હવે તમે કલ્પના કરી શકો છો કે ટ્રાફિક ચલણ ધરાવનાર સામાન્ય નાગરિક માટે, દૈનિક વેતન ગુમાવું અને ટ્રાફિક ચલનની ચૂકવણી માટે કોર્ટમાં જવું તે યોગ્ય નથી. જસ્ટિસ ચંદ્રચુડે કહ્યું હતું કે દેશની જિલ્લા અદાલતોમાં ૨.૯૫ કરોડ ફોજદારી કેસ પેન્ડિંગ છે અને ૭૭ ટકા કેસો એક વર્ષથી વધુ જૂના છે. આરોપીઓ વર્ષોથી ફરાર હોવાથી ઘણા ફોજદારી કેસ પેન્ડિંગ છે. ફોજદારી કેસોના નિકાલમાં વિલંબનું મુખ્ય કારણ એ છે કે આરોપીઓ ફરાર રહે છે, ખાસ કરીને જામીન મળ્યા પછી, અને બીજું, પુરાવા રેકોર્ડ કરવા માટે ફોજદારી ટ્રાયલ દરમ્યાન સત્તાવાર સાક્ષીઓની ગેરહાજરીને કારણે, પણ વિલંબ થાય છે. અમે અહીં માહિતી અને સંચાર ટેકનોલોજીનો પણ ઉપયોગકરી શકીએ છીએ, જેના ઉપર અમેહાલમાં સુપ્રીમકોર્ટની ઈ કમિટીમાં કામ કરી રહ્યા છીએ.

ઓક્ટોબરમાં ઉત્પાદકતામાં વધારો થયો પરંતુ રોજગારમાં ઘટાડો નોંધાયો

નવી દિલ્હી તા.૧૧

ભારતમાં સપ્ટેમ્બરમાં આઈએચએસએ માર્કિટ ઉપર ચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ ૫૩.૭ હતું જે ઓક્ટોબરમાં વધીને ૫૫.૯ ઉપર પહોંચવાની સાથે ભારતના ઉત્પાદન ક્ષેત્રમાં સતત ચોથા મહિને વધારો થયો છે. જોકે, મેન્યુફેક્ચરિંગ જોબમાં હજુ પણ ઘટાડો ચાલુ રહ્યો છે. ઉત્પાદકોએ ફેબ્રુઆરીથી એકંદર ઓપરેટિંગ સ્થિતિમાં સૌથી મજબૂત સુધારો નોંધાવ્યો હતો અને બિઝનેસ અંગેનો આશાવાદ છ મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. પીએમઆઈનું રીડિંગ આઉટપુટ સ્તરોમાં સ્પષ્ટ ફેરફાર સૂચવે છે. એકંદરે નવા ઓર્ડર માટે છેલ્લા સાત મહિનામાં સૌથી ઝડપી ગતિએ વધારો થયો છે, જ્યારે ફેક્ટરી આઉટપુટ પણ માર્ચ પછી સૌથી ઝડપી ગતિએ વધ્યો છે અને નવા નિકાસ ઓર્ડરો પણ નક્કર ગતિએ વધી રહ્યા છે, જે છેલ્લા ત્રણ મહિનામાં સૌથી ઝડપી છે, એમ આઈએચએસ માર્કેટે જણાવ્યું હતું. ઈનપુટ ખરીદીઓ પણ એપ્રિલથી ઝડપી ગતિએ વધી રહી છે કારણ કે ઉત્પાદકો વધારાના નવા ઓર્ડરનો સામનો કરવા માટે તૈયાર છે. જો કે, ઈનપુટ્સની કિંમતમાં ઘટાડો થવા લાગ્યો છે, તેમના માટે એકંદર ફુગાવો ૯૨-મહિનાના ઉચ્ચ સ્તરે પહોંચી ગયો છે. આઈએચએસએ નોંધ્યું હતું કે, "આ પુરાવાઓ ઉચ્ચ રાસાયણિક, ફેબ્રિક, મેટલ, ઈલેક્ટ્રોનિક ઘટકો, તેલ, પ્લાસ્ટિક અને પરિવહન ખર્ચને પ્રકાશિત કરે છે. અને ઉત્પાદક ક્ષમતાઓનો હજુ પણ સંપૂર્ણ ઉપયોગ થયો નથી અને શિફ્ટ વર્કના સરકારી ધોરણો અમલમાં છે, જો કે, રોજગારમાં સતત ઘટાડો થઈ રહ્યો છે અને આ ઓક્ટોબરમાં નોકરીઓ ઘટવાનો દર સાવ નજીવો હતો. કંપનીઓ તેમની માંગમાં વધુ સુધારા કરવા માટે તૈયારી કરી રહી છે, એવું લાગે છે કે જો રોગચાળો નિયંત્રણમાં રહેશે તો, ૨૦૨૧-૨૨ના ત્રીજા ત્રિમાસિક ગાળા દરમ્યાન મેન્યુફેક્ચરિંગ પ્રવૃત્તિ વિસ્તરણ ચાલુ રહેશે." આઈએચએસ માર્કેટના અર્થશાસ્ત્રના સહયોગી ડિરેક્ટર પોલિઆના ડી લિમાએ જણાવ્યું હતું કે, આ ઉત્સાહ જે વ્યવસાયિક ક્ષેત્રમાં જોવા મળે છે તે વિશ્વાસ અને પ્રોજેક્ટ્સ આગામી મહિનાઓમાં ઉત્પાદન આધારશે એવું લાગે છે પરંતુ ઓક્ટોબરમાં નોંધપાત્ર રીતે ઈનપુટ કોસ્ટ ફુગાવો ચિંતાનો વિષય છે. ઈનપુટ કોસ્ટ ફુગાવો લગભગ આઠ વર્ષની ઊંચી સપાટીએ છે કારણ કે દુર્લભ કાચા માલની વૈશ્વિક માંગ આ વસ્તુઓના ભાવમાં સતત વધારો કરી રહી છે. કેટલાક ઉત્પાદકોએ પ્રતિભાવરૂપે તેમની ફીમાં વધારો કર્યો હતો, પરંતુ હાલમાં ફુગાવાનો એકંદર દર મધ્યમ હતો." આઈએચએસ માર્કેટના શ્રીમતી ડી લિમાએ એક નોંધમાં જણાવ્યું હતું કે વ્યવસાયિક પરિસ્થિતિઓ વધુ સુધરશે તેવી આગાહીઓથી ઉત્પાદકોમાં આત્મવિશ્વાસ વધ્યો હતો. કંપનીઓ આગામી વર્ષમાં આ વૃદ્ધિને ટેકો આપવા માટે નવા ઉત્પાદનો વિકસાવવા, માર્કેટિંગમાં રોકાણ કરવા અને ગ્રાહકના સંબંધો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનો પણ ઈરાદો ધરાવે છે. આ આશાવાદ છ મહિનાની ઊંચી સપાટીએ છે. આઈએચએસ માર્કેટ ઈન્ડિયા મેન્યુફેક્ચરિંગ પીએમઆઈ લગર્ભ ૪૦૦ પરચેઝિંગ મેનેજરોને મોકલવામાં આવેલા પ્રશ્નાવલિના જવાબોમાંથી સંકલિત કરવામાં આવે છે. પેનલને જીડીપીમાં યોગદાનના આધારે વિગતવાર ક્ષેત્ર અને કંપનીના કર્મચારીઓના કદ દ્વારા સ્તરીકરણ કરવામાં આવ્યું છે. આ નવીનતમ ઈન્ડેક્સ ૧૨ અને ૨૫ ઓક્ટોબરની વચ્ચે ઉત્પાદકો દ્વારા આપવામાં આવેલા પ્રતિસાદ ઉપર આધારિત હતા.

૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો ઉત્સર્જન સિધ્ધ કરવાનો વડાપ્રધાન મોદીનો સંકલ્પ : તેનો ખરેખર શું અર્થ થાય છે ?

નવી દિલ્હી તા.૧૧

ગ્લાસગો ખાતે કોપ-૨૬ શિખર સંમેલનમાં વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે ભારત ૨૦૭૦ સુધીમાં શૂન્ય ઉત્સાર્જન હાંસલ કરશે. ક્લાયમેટ ચેન્જ વાતચીતનો જેઓ નવા છે તેમના માટે નેટ ઝીરો એ એક એવો તબક્કો છે કે જે પર્યાવરણીય શબ્દકોષમાં સામાન્ય બની ગયો છે. નેટ ઝીરો અથવા કાર્બન ન્યૂટ્રલનો અર્થ થાય છે કે હવે વાતાવરણમાં ગ્રીનહાઉસ ગેસમાં ઉમેરો થશે નહીં. હજુ અત્યાર સુધી ભારત એક માત્ર ઉત્સાર્જક દેશ હતો જેણે નેટ ઝીરો હાંસલ કરવા માટે કોઈ સમયમર્યાદા નિર્ધારીત કરી ન હતી. ગ્લાસગો ખાતે ક્લાઈમેટ ચેન્જની બેઠકમાં પાંચ મોતી એટલે કે પંચામૃત જાહેરાતો કરતા મોદીએ શૂન્ય ઉત્સાર્જનનો લક્ષ્યાંક માટેની વૈશ્વિક માંગણીનો સ્વીકાર કર્યો હતો અને ૨૦૭૦ સુધીમાં તે સિધ્ધ કરવાનાધ્ સંકલ્પ કર્યો હતો. ભારત એક એવો સૌથી મોટો ઉત્સર્જક દેશ છે અને જી-૨૦નો એક માત્ર એવો દેશ છે કે જેમણે હજુ સુધી નેટ ઝીરો ટાર્ગેટની જાહેરાત કરી નથી. આખરે આ નેટ ઝીરો શું છે ? નેટ ઝીરો એવી સ્થિતિનો નિર્દેશ આપે છે કે જેમાં દેશ દ્વારા ઉત્પાદિક કાર્બન ડાયોક્સાઈડે ગ્રીન ગેસ કુદરતી ઉકેલ દ્વારા સંપૂર્ણપણે દહન કરવામાં આવે છે અથવા તો એડવાન્સ્ડ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. કાર્બન ડાયોક્સાઈડ એક એકમાત્ર એવો ગેસ છે કે તે સરળતાથી વાતાવરણમાંથી દૂર થઈ જાય છે. નેટ ઝીરોની એક વ્યાખ્યા એવી પણ છે કે 'કાર્બન ન્યૂટ્રલ ગેસ.' આથી વાતાવરણમાંથી માનવસર્જીત ગેસ ઉત્સર્જનને હટાવવાની કામગીરીની જવાબદારી દરેક દેશ ઉપર છે. નેટ ઝીરો શા માટે મહત્વપૂર્ણ છે ? વૈજ્ઞાનિકોએ જણાવ્યું છે કે વૈશ્વિક ઉત્સર્જન ૨૦૩૦ સુધીમાં ઘટાડીનો લગભગ અડધું કરવા અને ૨૦૫૦ સુધીમાં નેટ ઝીરો સુધી પહોંચવું. ચીન આ લક્ષ્યાંક ૨૦૬૦ સુધીમાં સિધ્ધ કરવા માંગે છે. નિષ્ણાંતો કહે છે કે નેટ ઝીરો ઉત્સર્જન હાંસલ કરવું એ મહત્વપૂર્ણ છે કારણ કે ગ્લોબલ વોર્મિંગ ઘટાડીને ક્લાઈમેટ ચેન્જ સામે કામ લેવાની આ સર્વશ્રેષ્ઠ સિસ્ટમ છે. નેટ ઝીરો લક્ષ્યાંક સિધ્ધ કરવા માટે બે પગલા લેવાની જરૂર છે. પ્રથમ પગલું ઉત્સર્જન ઘટાડવાની છે. પ્રથમ પગલું ઔદ્યોગિક પ્રક્રિયાઓની પ્રવૃત્તિ વીજ ઉત્પાદન પરિવહન અને કૃષિ જેવી પ્રવૃત્તિઓમાંથી આપણે જે ઉત્સર્જન વાતાવરણમાં મોકલીએ છીએ તે ઘટાડવાનું છે જ્યારે બીજું પગલું વાતાવરણમાંથી જ ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જનને હટાવી લેવાની જરૂર છે.

મુકેશ અંબાણી ભારત છોડી રહ્યા નથી પરંતુ શા માટે મોટી સંખ્યામાં ધનાઢ્ય બિઝનેસમેન અને ઉદ્યોગપતિઓ દેશ છોડી રહ્યા છે ?

૨૦૧૮થી દર વર્ષે પશ્ચિમના દેશોમાં સેટલ થવા માટે ૫૦૦૦થી ૬૦૦૦ લાખોપતિઓ ભારત છોડી ગયા છે

નવી દિલ્હી તા.૧૧

મુકેશ અંબાણી પોતાના પરિવાર સાથે લંડન શીફ્ટ થઈ રહ્યાં છે એવી અફવાઓનો મુકેશ અંબાણીએ રદિયો આપ્યો છે પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી પોતાના ભારતીય પાસપોર્ટ સરન્ડર કરી રહેલા તેમના જેવા અન્ય હાઈ નેટવર્થ ઈન્ડિવિજયુઅલ્સના કિસ્સામાં આવું નથી. ૨૦૦૮થી પશ્ચિમના દેશોમાં સેટલ થવા માટે દર વર્ષે લગભગ ૫૦૦૦થી ૬૦૦૦ લાખોપતિઓ ભારત છોડી ગયાં છે. મોટા ભાગના અન્ય દેશો કરતાં ભારતમાં દર વર્ષે લાખોપતિ બિઝનેસમેન અને ઉદ્યોગપતિઓનો ઉમેરો થઈ રહ્યો છે પરંતુ તેમાંના બધાં લોકો તેમને ધનિક બનાવનાર દેશમાં રહેવા માગતાં નથી. ધનાઢ્યો આ રીતે દેશ છોડી જવા પાછળનું ખરેખર કારણ શું છે ? ૨૦૧૪થી ૨૦૨૧ વચ્ચે ભારતીય પાસપોર્ટનું રેંકિંગ હેન્ડલી પાસપોર્ટ ઈનડેક્ષમાં ૯૦ ઉપર હતું તે ઘટીને ૭૬ પર આવી ગયું છે. ગઈ સાલ પણ આ રેંકિંગ ૮૪માં ક્રમે હતું તે વધુ ૬ પોઈન્ટ ગગડ્યું હતું. હવે ભારતીય પાસપોર્ટ ઉપર માત્ર ૫૮ જ દેશો વિઝા મુક્ત પ્રવાસની મંજૂરી આપે છે. બીજું ૨૦૧૬માં જ્યારથી નોટબંધી કરવામાં આવી છે ત્યારથી આર્થિક વિકાસમાં નાટકીય રીતે ઘટાડો થયો છે. મધ્યમ સ્તરની મોટા ભાગની કંપનીઓએ બિઝનેસ ગુમાવી દીધો છે. ૨૦૧૧થી ૨૦૨૦ વચ્ચે વર્તમાન દરે પીપીપીના આધારે ગણતરી કરતાં ભારતની માથાદીઠ જીડીપીમાં માત્ર ૪.૩ ટકાનો જ વધારો થયો છે. તેના અગાઉના દાયકામાં જીડીપીનો વૃદ્ધિ દર વાર્ષિક ૭.૨ ટકા હતો. આ ઉપરાંત છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતમાં ટેલિકોમ, કોલસા, બેંકિંગ અને સંરક્ષણ ક્ષેત્રમાં મોટા અને ચોંકાવનારા કૌભાંડો સામે આવ્યાં છે. સૌથી મોટું કૌભાંડ એ ૨-જી કૌભાંડ હતું જેના કારણે ભારતીય કેબિનેટ પ્રધાનો બ્યુરોક્રેટ્સ અને બિઝનેસમેન સહિત ૧૯ હાઈપ્રોફાઈલ લોકોની ધરપકડ કરાઈ હતી. આ ઉપરાંત કેટલાક બિઝનેસમેન અને ઉદ્યોગપતિઓ દેશમાં ટેક્સ ટેરરીઝમથી ત્રાસી ગયાં છે. ૨૦૧૯માં કાફે કોફી ડેના સંસ્થાપક વી જી સિદ્ધાર્થે ટેક્સ અધિકારીઓ દ્વારા થતી પજવણીનો આક્ષેપ કરીને આત્મહત્યા કરી હતી. તાજેતરમાં કોવિડ-૧૯ મહામારીએ પણ અર્થતંત્ર અને ઉદ્યોગોને પ્રભાવિત કર્યા છે. આ બધા કારણોસર મોટી સંખ્યામાં ઉદ્યોગપતિઓ અને બિઝનેસમેન દેશ છોડી રહ્યાં છે. શું આગામી વર્ષોમાં ભારતીય પાસપોર્ટ વધુ પાવરફુલ બનશે? દરેક ભારતીય આશાવાદી છે.

વેક્સિનનો ડોઝ લેતાં પહેલા કોરોનાથી સંક્રમિત થનાર લોકોમાં વધુ એન્ટિબોડીઝ ડેવલપ થાય છે

કોરોના સંક્રમણ અને વેક્સિનના પ્રથમ ડોઝ વચ્ચેના લાંબા અંતરાલથી એન્ટિબોડીઝનો પ્રતિસાદ વધે છે એવું એક અભ્યાસમાં બહાર આવ્યું છે

(એજન્સી) તા.૧૧

કોવિડ-૧૯ જેના કારણે થાય છે તે વાયરસ સાર્સ-સીઓવી-૨ સામે એન્ટિબોડીનું લેવલ એવા લોકોમાં ટકાઉ હોય છે કે જેઓ આ રોગ દ્વારા પહેલા સંક્રમિત થયાં હોય અને ત્યારબાદ વેક્સિનના બે ડોઝ લીધાં હોય. આમ જે લોકોનું સંક્રમિત થયા વગર માત્ર વેક્સિનેશન થયું હોય તેમની તુલનાએ આવા લોકોમાં વધુ એન્ટિબોડી હોય છે એવું એક અભ્યાસમાં જણાવાયું છે. મેડિકલ એસોસિએશનના એક પ્રમુખ દ્વારા સાંશોધન હેઠળ ફાઈઝર-બાયોએન્ટેક અથવા મોડર્ના બંને ડોઝ લીધાં હોય એવા અમેરિકાના ૧૯૬૦ હેલ્થ કેર વર્કર્સને આવરી લેવામાં આવ્યાં હતાં તેમાંના ૭૩ લોકો સાર્સસીઓવી-૨થી સંક્રમિત થઈ ગયાં હતાં. આ ૭૩નું બે ગ્રુપમાં વિભાજન કરાયું હતું. એક ગ્રુપમાં એવા લોકોને આવરી લેવામાં આવ્યાં હતાં કે જેઓ વેક્સિનનો પ્રથમ ડોઝ લીધાંના ૯૦ દિવસ પહેલા કોરોનાથી સંક્રમિત થયાં હતાં. વેક્સિનનો પ્રકાર, ઉંમર, લિંગ અને એન્ટિબોડી લેવલ સાથે પૂર્વ સંક્રમણ મેચ કરીને તુલના કરવામાં આવી હતી. આ માટે જુદા જુદા સમયગાળાના અંતરે અને પ્રથમ અને બીજા ડોઝ વચ્ચેના અંતર સાથે તુલનાત્મક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. આ અભ્યાસ પરથી એવું બહાર આવ્યું છે કે સંક્રમણ અને પ્રથમ વેક્સિન ડોઝ વચ્ચેના લાંબા અંતરાલથી એટલે કે લાંબા સમયગાળાથી એન્ટિબોડી પ્રતિસાદ વધે છે એવું જ્હોન્સ ઓપકિન્સ યુનિવર્સિટી આર્સ મેડિકલ ખાતેના પ્રોફેસર અને અભ્યાસના વરિષ્ઠ લેખક આરોન મિલ્સ્ટોને જણાવ્યું હતું. હવે અગાઉથી સંક્રમિત લોકોમાં વેક્સિનેશન બાદની સક્ષમતા વધી છે અને આ સક્ષમતા વાયરસ પ્રત્યે કેટલી વખત એક્સપોઝ થાય છે તેના કારણે છે અથવા બે એક્સપોઝર સમયગાળાના કારણે છે એ બાબત હજુ અનિર્ણિત છે. આ માટે વધુ સંશોધનો હાથ ધરીને અભ્યાસ કરવાની જરૂર છે. આમ કોરોનાના પૂર્વ સંક્રમણનો રેકોર્ડ ધરાવનાર અને કોવિડની વેક્સિન લેનાર લોકોમાં વધુ એન્ટિબોડીઝ વિકસી શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો જે લોકોએ કોરોનાની વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો હોય પરંતુ આવો પ્રથમ ડોઝ લીધા પહેલા જે લોકો સંક્રમિત થયા હોય તેમનામાં એન્ટિબોડી વધુ ડેવલપ થાય છે. આમ સંક્રમણ અને વેક્સિનના પ્રથમ ડોઝ વચ્ચેના લાંબા અંતરાલથી એન્ટિબોડીનો પ્રતિસાદ વધે છે.

'રાઈડ સાયકલ સેવ અર્થ ચેલેન્જ'ના સુત્ર સાથે

જૂનાગઢના યુવાન દ્વારા સાયકલ ચલાવી પ્રદુષણને રોકવા અંગેનું જનજાગૃત્તિ અભિયાન

જૂનાગઢ તા. ૧૧ ગ્લોબલ વોર્મિંગને કારણે પૃથ્વી ઉપર પ્રદુષણનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહયું છે. આ ઉપરાંત વિકસતી સ્થિતી વચ્ચે વાહનોનું પ્રમાણ પણ વધ્યું હોય, હવા પ્રદુષણ પણ ઝેર બનીને ભયંકર રોગચાળો લોકોમાં ફેલાવી રહયું છે. ત્યારે જૂનાગઢના સાયકલીસ્ટ અને ફોટોગ્રાફર યુવાન અલ્ફેઝ સાલીમભાઈ ભટ્ટીએ 'રાઈડ સાયકલ સેવ અર્થ ચેલેન્જ' ના સુત્ર સાથે એક અભિયાન હાથ ધર્યુ છે અને જે સોશ્યલ મિડીયા ઉપર આવકારદાયક બન્યું છે. આ અભિયાનમાં ફકત ભારતમાંથી નહીં પરંતુ ફોરેન કન્ટ્રીઝમાંથી પણ ચેમ્પીયનશીપ જીતેલા સાયકલીસ્ટોએ પણ સહકાર દાખવ્યો છે.

પોતાના અભિયાન 'રાઈડ સાયકલ સેવ અર્થ ચેલેન્જ' અંગે અલ્ફેઝ ભટ્ટીનું માનવું છે કે, અત્યાર સુધીમાં જે કંઈપણ કુદરતી આફતો આવી છે તે આપણી ભુલના કારણે અને બેકાળજી અને બેદરકારીના કારણે ઉદ્ભવી છે અને તેના ગંભીર પરિણામો પણ આપણે ભોગવી રહયા છીએ. આજે સતત નાના-મોટા વાહનોના વધતા પ્રમાણને કારણે હવા પ્રદુષણ પણ ભયાનક બનતું જઈ રહયું છે અને જેનો ભોગ લોકો બની રહયા છે. આજે આપણે મંગળ ગ્રહ અને ચંદ્ર ગ્રહ ઉપર જવાની વાતો કરી રહયા છીએ પરંતુ પૃથ્વી ઉપર કેટલું પ્રદુષણ ફેલાયું છે અને તેનો અંજામ શું આવશે? તે આપણે તદ્ન ભુલી ગયા છીએ. ત્યારે પ્રદુષણને અટકાવવા માટેનું એકજ સરળ પગલું છે જે છે 'સાયકલ.' આપણે રોજ જેટલી સાયકલ ચલાવીશું તેટલી કેલરી બનશે તેથી સ્વાસ્થ્ય સુધરશે. ઉપરાંત ઈંધણના ખર્ચા અને પ્રદુષણનું પ્રમાણ પણ ઘટશે જે જાગૃત્તિ થકી આપણે દુનિયા અને આવતી પેઢીને સારી રીતે જોઈ શકીશું. અલ્ફેઝ ભટ્ટીએ વધુમાં કહયું હતું કે, હું જૂનાગઢ અને આસપાસના વિસ્તારોમાં દરરોજ ૨૫ કિ.મી. સુધી સાયકલ ઉપર પરીભ્રમણ કરૂં છું અને લોકોમાં પ્રદુષણને રોકવા અંગેની જાગૃતિ આવે તે માટેનું અભિયાન ચલાવી રહયો છું.

લાડી લોહાણા સિંધી પંચાયત, જૂનાગઢના પરિવારજનોનું સ્નેહમિલન યોજાયું

સમાજના નિર્માણાધિન ભવન માટે રૂા. ૨૫,૦૦,૦૦૦ જેટલી માતબર રકમ દાતાશ્રીઓ તરફથી જાહેર કરાઈ

જૂનાગઢ, તા.૧૧ તારીખ ૦૯/૧૧/૨૦૨૧ને લાભપાંચમના શુભ દિવસે જૂનાગઢ લાડી લોહાણા સિંધી પંચાયતના પરિવારો માટે સ્નેહમિલનનો કાર્યક્રમ શામળદાસ ગાંધી ટાઉનહોલ ખાતે યોજવામાં આવેલ હતો. કાર્યક્રમના પ્રથમ દોરમાં અમરભાઈ ગંજવાણીએ તેમની ટીમ સાથે સિંધી ભજનો અને સિંધી લાડાની રમઝટ બોલાવી સમગ્ર વાતાવરણને સંગીતમય બનાવ્યું હતું. ત્યારબાદ સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષ ભાગચંદ સુખવાણી (કાળુભાઈ) એ તમામને દિવાળી અને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી અને સમાજહિતમાં અમુક જાહેરાતો કરી હતી. આ સ્નેહમિલનમાં મંચસ્થ મહાનુભવો તેમજ જૂનાગઢ શહેરના લાડી સિંધી પરિવારના ઉપસ્થિત સદસ્યોએ પરિવાર સાથે મંચ ઉપર આવી એકમેકને દિવાળી તેમજ નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

સમાજના નિર્માણાધીન વિશાળ ભવન માટે કનુભાઈ રામનાણી, મુકેશભાઈ બસરાણી, કનુભાઈ ઠક્કર (ગોકુલ એગ્રો રિસોર્સીસ, સિધ્ધપુર) તેમજ દેવીદાસ ગૌરાણીએ રૂા. પાંચ-પાંચ લાખ જેટલી માતબર રકમ જાહેર કરી સમાજના ટ્રસ્ટી બન્યા હતા. આ ઉપરાંત અન્ય દાતાશ્રીઓની રકમ મળીને નવા ભવન માટે રૂા. ૨૫,૦૦,૦૦૦/- જેટલી માતબર રકમ એકત્ર થઈ હતી. અંતમાં પ્રોજેકટ ચેરમેન અને શહેરના ઉપપ્રમુખ અનિલભાઈ તલવાણીએ આભારવિધી કરી હતી અનેતમામ સદ્સ્યો ભોજન લઈ છૂટા પડ્યા હતા.

કાર્યક્રમને સફળ બાનાવવા રાષ્ટ્રીય અધ્યક્ષ ભાગચંદ સુખવાણી (કાળુભાઈ) ના માર્ગદર્શન હેઠળ શહેર અધ્યક્ષ લાલચંદ ગેહનાણી, પ્રોજેકટ ચેરમેન અને ઉપપ્રમુખ અનિલ તલવાણી, પ્રોજેક્ટ કો-ચેરમેન રમેશભાઈ શેવકાણી, યુવા શાખાના પ્રમુખ યોગેશ ઢાલાણી સહિતની સમગ્ર ટીમે જહેમત ઉઠાવી હતી.

જો ડોકટરો પ્રમાણિકતા અને નિષ્ઠાથી, નિઃસ્વાર્થ પણે પોતાનું કાર્ય કરે તો

આજના સમયમાં પણ ડોક્ટર અને દર્દીઓ વચ્ચે વિશ્વાસ અને લાગણીના સંબંધો સ્થપાઈ શકે છે

ડોકટરની નિઃસ્વાર્થ સેવાથી પ્રભાવિત થઈ એક દર્દીએ કારની ભેટ આપી

જૂનાગઢ તા. ૧૧

'ના સાહેબ, ના તમારાથી આવી ખખડધજ ગાડી તો વપરાય જ નહીં. તમે તો અમારા ભગવાન છો અમારા કુટુંબના તમામ સભ્યોની માંદગીમાં તમે એક ડોકટર, મિત્ર અને માર્ગદર્શક તરીકે હંમેશા અમારી પડખે ઉભા રહ્યા છો. સુપાસી ગામના ખમતીધર આહીર ગોવિંદભાઈ સોલંકી આંખમાં ઝળઝળિયા સાથે બોલી ઉઠ્યા હતા.

જૂનાગઢ જિલ્લાના સૌથી સિનિયર ફિઝિશિયન ડો. પૂર્ણેન્દુ બુચ સાથે મેડિકલ માર્ગદર્શન અને સારવાર માટે સંપર્કમાં રહેલ ગોવિંદભાઈ સોલંકી વર્ષોના પરિચયથી દર્દીમાંથી દોસ્ત બની ગયેલઅને આવી એક મુલાકાત વખતે ડોકટર બુચની જૂની પુરાણી કાર જોઈને ખૂબ વ્યથિત થઈ ગયા હતા. પણ 'ગોવિંદભાઈ, મારે આ ઉમરે આવા ઠાઠ કરવા નથી અને સગવડ પણ નથી' એવું ડોકટર બૂચએ કહ્યું, પણ ગોવિંદભાઈએ તે સાંભળ્યું ન સાંભળ્યું કર્યું અને બે જ દિવસના ટૂંકાગાળામાં નવી નકોર હોન્ડા એમેઝ ઓટોમેટીક - કાર તેમના બારણે ઉભી કરી દીધી અને કહ્યું કે, 'સાહેબ આજથી આ કાર તમારી અને આ તમારે વાપરવાની જ છે.' આ વાત પૈસાની કે ભેટની નથી પણ એક ડોકટર અને દર્દી વચ્ચેની આત્મીયતા, વિશ્વાસ અને ઋણ ચૂકવવાની લાગણીની છે. જો ડોકટરો પ્રમાણિકતા અને નિષ્ઠાથી, નિઃસ્વાર્થ પણે પોતાનું કાર્ય કરે તો આજના સમયમાં ડોકટર અને દર્દીઓ વચ્ચે અવિશ્વાસની ખાઈ થઈ છે તે પ્રેમ વિશ્વાસ અને કૃતજ્ઞતાથી છલકાઈ જશે. જે બાબત ડો. બુચ અને ગોવિંદભાઈ સોલંકીના દર્દી અને ડોકટરના સંબંધો ઉપરથી જોઈ શકાય છે.

કવિ વીરૂભાઈ પુરોહીતના દ્વિઅંકી નાટક 'લા-માર' તથા વાર્તાસંગ્રહ 'બ્રાહ્મમુર્હૂત'નો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

જૂનાગઢ તા. ૧૧ જૂનાગઢ જનવાણી ૯૧.૨ એફએમ રેડીયો સ્ટેશન ખાતે સવારે ૧૧ કલાકે 'લા-માર' નાટ્ય સંગ્રહ અને 'બ્રાહ્મમુર્હૂત' વાર્તા સંગ્રહ લોકાર્પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આકાશવાણી રાજકોટના ભુતપુર્વ ઉદ્ઘોષક અને જાણીતા નાટયકાર ભરતભાઈ યાજ્ઞીકે 'લા-માર' નાટ્ય સંગ્રહનું વિમોચન કરેલ અને વીરૂભાઈ પુરોહીતની નાતી કુ.રચિત ત્રિવેદીએ 'બ્રાહ્મમુર્હૂત' વાર્તા સંગ્રહનું વિમોચન કરેલ હતું. જૂનાગઢ કૃષિ યુનિ.ના કુલપતિ પ્રો. ડો.નરેન્દ્રકુમાર ગોટીયાએ વીરૂભાઈ પુરોહીત તેમજ ભરતભાઈ યાજ્ઞિકનું શાલ ઓઢાડી બહુમાન કરેલ હતું. આ કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત લતાબેન ત્રિવેદી અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન બિમલભાઈ વ્યાસે કરેલ હતું.

આ કાર્યક્રમમાં રેણુબેના યાજ્ઞિક, ડો.બલરામ ચાવડા, ગોવિંદભાઈ ગઢવી, રમેશભાઈ મહેતા અને જૂનાગઢ જનવાણી રેડીયો સ્ટેશનના સ્ટેશન ઈન્ચાર્જ પ્રો.વી.એમ. ભટ્ટ તેમજ તેમની ટીમ અને અન્ય મહાનુભાવો હાજર રહેલ હતા. આ સમગ્ર કાર્યક્રમ જૂનાગઢ જનવાણી ૯૧.૨ એફએમ રેડીયો સ્ટેશન યુ-ટયુબ ચેનલ ઉપરથી પ્રસારીત કરવામાં આવેલ હતો. પ્રસારણ દરમ્યાન ૧૦૦ થી વધુ લોકોએ આ કાર્યક્રમ નિહાળેલ હતો.

સોમનાથ ખાતે કાનુની સહાયતા કેન્દ્ર એક માસ સુધી કાર્યરત

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વાર)

પ્રભાસ પાટણ, તા.૧૧

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર દિવાળી અને આસપાસના તહેવારોમાં દેશ રાજ્ય અને સ્થાનિક કક્ષાએ માનવ મહેરામણ ઉમટે છે જેને લીધે પ્રજાજનોને અને ખાસ કરીને ગરીબો વંચીતો અને જરૂરતમંદો પરત્વે તેઓને કોર્ટ કચેરી અને ઓફિસમાં કોઈ મુશ્કેલીઓ ન પડે અને વિનામુલ્યે લીગલ સેવા પણ મળી રહે તથા પીડીત લોકોને કયા ક્યા કાયદાઓથી રક્ષણ મળી શકે તે માટે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ વેરાવળ-ગીર સોમનાથ જીલ્લા શાખા દ્વારા તા.૨૧ ઓકટોબરથી તા.૧૪ નવેમ્બર સુધી એક ખાસ સ્ટોલ સોમનાથ મંદિર પાસે જ ખોલવામાં આવ્યો છે જેમાં કાનુની સહાયનું સાહિત્ય વિતરણ ધરેલું હિંસા સબંધિત માર્ગદર્શન વ્યવસ્યા ક્ષેત્રે જાતીય સતામણી બાળ મજુરી તેમજ ગરીબ અને કોઈપણ જાતનો ખર્ચ કરવાની શકિત ન હોય તેને માટે નિઃશુલ્ક વકીલ સહાય ઘર સંસાર પ્રશ્નો સહિતના પ્રશ્નની મદદ માટેના કાનુની સરનામાઓ અને માહિતીસભર જુદી જુદી બુકલેટો પત્રિકા અને રૂબરૂ માર્ગદર્શન તુષારભાઈ ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ અપાઈ રહ્યાં છે અને આ માટે ખાસ પેરાલિગલ વોલીયન્સની ટીમ ખડેપગ રાખવામાં આવે છે. ટીમ હર્ષા બહેન, મહેન્દ્રભાઈ પુજારી તથા નયનાબહેન ભરડા કામ કરી રહ્યા છે. વેરાવળ બસ સ્ટેન્ડ વેરાવળ મોટી શાકમાર્કેટ માર્કેટ યાર્ડ કાજલી સહિત અન્ય સ્થળોએ પણ આવા માહિતી કેન્દ્રો ખોલીને લોકો ને જાણકારી અપાઈ રહી છે સાથે સાથ ડોરટુ ડોર ફરીને પણ આ વિગતોથી વાકેફ કરી જરૂરીયાતમંદો માટે ખુબ જ ઉપયોગી સેવા જનતા સુધી પહોંચાડાઈ રહી છે.

આવતીકાલે જૂનાગઢમાં ગુજરાત બીન-અનામત વર્ગના આયોગ દ્વારા શિબિર યોજાશે

જૂનાગઢ તા. ૧૧

જીલ્લા નાયબ નિયામક (વિ.જા.), જૂનાગઢની યાદી અનુસાર જૂનાગઢ ખાતે ગુજરાત બીનઅનામત વર્ગના આયોગ દ્વારા આયોગની કામગીરી, બિન-અનામત વર્ગના પ્રશ્નો તથા બિનઅનામત વર્ગના વિકાસ માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓની જાણકારી આપવા તેમજ તેમનો પ્રચાર-પ્રસાર કરવા માટે તા.૧૨-૧૧-૨૧ ના રોજ કલેકટર કચેરીના સભાખંડમાં સવારે ૧૧ કલાકે શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. આ શિબિરમાં ગુજરાત રાજય બીનઅનામત વર્ગના આયોગના અધ્યક્ષ હંસરાજભાઈ ગજેરા, સભ્ય સચિવ વિજયસિંહ વાઘેલા ઉપસ્થિત રહેશે. આ શિબિરમાં બીન-અનામત વર્ગના જુદીજુદી જ્ઞાતિના આગેવાનોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવેલ છે તેમ એક યાદીમાં જણાવેલ છે.

જૂનાગઢ એસટી વિભાગને માત્ર ૧૦ દિવસમાં રૂા.૫૫.૧૧ લાખની વધારાની આવક

દિવાળીના તહેવારને લઇને ૨૨૯૫૦૦ કિ.મી. એકસ્ટ્રા બસ દોડાવતા કુલ રૂા.૫.૨૬ કરોડની આવક

જૂનાગઢ તા.૧૧ દિવાળીના તહેવારને લઈને જૂનાગઢ એસટી વિભાગે ૧૦ દિવસ એકસ્ટ્રા બસ દોડાવી હતી. આથી માત્ર ૧૦ દિવસમાં જૂનાગઢ એસટી વિભાગને રૂા.૫૫.૧૧ લાખની વધારાની આવક થઈ છે. દિવાળીના તહેવાર દરમ્યાન મુસાફરોની અવર-જવર વધારે પ્રમાણમાં હોય જે ધ્યાને લઈ મુસાફરોને સવલત મળી રહે તે માટે જૂનાગઢ એસટી વિભાગે તા.૩૦-૧૦-૨૦૨૧ થી ૯-૧૧-૨૦૨૧ સુધી જૂનાગઢથી સુરત, અમદાવાદ, ભૂજ, રાજકોટ, જામનગર, ભાવનગર, સોમનાથ, દ્વારકા, મહુવા, સાવરકુંડલા, અમરેલી અને પાલીતાણાના માર્ગ ઉપર કુલ ૨૩૪ વાહનો વધારાના દોડાવી ૨૨૯૫૦૦ કી.મી.નું સંચાલન કર્યું હતું. આથી જૂનાગઢ એસટી વિભાગને રૂા.૫૫,૧૧,૦૦૦ની વધારાની આવક થઈ છે. તેમજ ૧૦ દિવસમાં કૂલ રૂા.૫,૨૬,૭૬,૬૭૭ની આવક મેળવી હોવાનું વિભાગીય નિયામક જી.ઓ.શાહે જણાવ્યું છે.

એચડીએફસી લાઈફનો સંચય ફિક્સ્ડ મેચ્યોરિટી પ્લાન

નાણાંકીય લક્ષ્યોની પરિપૂર્ણતા માટે ગેરન્ટેડ રિટર્ન આપે છે

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૧

ભારતની અગ્રણી જીવન વીમા કંપનીઓમાંની એક એચડીએફસી લાઈફ, પ્રોડકટ સ્પેસમાં ઈનોવેટર છે. આ દિવાળીએ, એચડીએફસી લાઈફ નવા યુગની, વિશેષતાઓથી ભરપૂર પ્રોડકટ, એચડીએફસી લાઈફ સંચય ફિક્સ્ડ મેચ્યોરિટી પ્લાન ઓફર કરી રહી છે જે ફિક્સ્ડ નાણાંકીય લક્ષ્યોની સિદ્ધિની ખાતરી આપે છે.

લોન્ચ પ્રસંગે એચડીએફસી લાઈફના ચીફ એક્ચ્યુઅરી શ્રીનિવાસન પાર્થસારથીએ જણાવ્યું કે, મહામારીએ વ્યકિતઓ માટે ભવિષ્ય માટે આર્થિક રીતે તૈયાર રહેવું જરૂરી બનાવ્યું છે –ટૂંકા ગાળાના અને લાંબા ગાળા બંન્ને માટે. ગ્રાહકો એવા ઉત્પાદનો શોધી રહ્યા છે જે લવચીકતા પ્રદાન કરે છે અને તેમની જરૂરિયાતોને પહોંચી વળવા કસ્ટમાઈઝ કરી શકાય છે. આ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અમે અમારી નવીનતમ પ્રોડકટ લોન્ચ કરી છે.

એચડીએફસી લાઈફ સંચય ફિક્સ્ડ મેચ્યોરિટી પ્લાન પ્રીમિયમ પેમેન્ટ ટર્મ તેમજ પોલિસી ટર્મના સંદર્ભમાં સંપૂર્ણ લવચીકતા આપે છે. આ પ્રોડકટ તરલતાની દ્રષ્ટિએ લલીચાપન પ્રદાન કરે છે, સાથે વય સંબંધિત રિટર્ન અને સંયુકત જીવન બચત વિકલ્પ આપે છે. એચડીએફસી લાઈફ સંચય ફિક્સ્ડ મેચ્યોરિટી પ્લાન વિવિધ વય જૂથોના ગ્રાહકોના નાણાંકીય ધ્યેયોને પૂરા કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે જે તેમને ઈચ્છિત કાર્યકાળ માટે ઉચ્ચ નિશ્ચિત ગેરેન્ટેડ રિટર્ન ઓફર કરે છે.

શ્રી વાઘેશ્વરી માતાજીના મંદિરે અન્નકુટ દર્શન

જૂનાગઢ તા. ૧૧

જૂનાગઢમાં દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ પ્રાચીન વાઘેશ્વરી માતાજીના મંદિર ખાતે અન્નકોટના દર્શન કારતક સુદ-૯ (નોમ) તા.૧૨-૧૧-૨૧ ને શુક્રવારના રોજ રાખેલ છે. અન્નકોટના દર્શન બપોરે ૩.૩૦થી સાંજના ૭ વાગ્યા સુધી રાખેલ છે. તો સર્વે દર્શનાર્થીઓ તથા માઈભકતોને અન્નકોટના દર્શનનો લાભ લેવા વાઘેશ્વરી માતાજીના ટ્રસ્ટીઓ મુકેશભાઈ રાજપરા, રમીલાબેન વેડીયા, વિજયભાઈ કિકાણીએ નિમંત્રણ પાઠવેલ છે.

ગુજરાતમાં બેરોજગારીનો રાફડો ફાટયો : લોક રક્ષક દળની ૧૦ હજાર જગ્યાઓ સામે ૧૧ લાખ કરતા પણ વધુ ફોર્મ ભરાયા

ગાંધીનગર તા.૧૧

ગૃહ વિભાગના ૧૦૦ દિવસમાં ૨૭ હજારથી વધુ જગ્યાની ભરતી પ્રક્રિયા શરૂ કરવાના લક્ષ્યાંક બાદ ગુજરાત પોલીસમાં એલઆરડી (લોકરક્ષક દળ)ની ૧૦,૪૫૯ જગ્યાની ભરતી જાહેર કરીહતી. જેમાં ફોર્મ ભરવાનો સોમવારે અંતિમ દિવસ હતો. સોમવારે રાતે ૧૨ વાગ્યે ફોર્મભરવાનુંબંધ થયું હતું. LRDની ૧૦ હજાર ૪૫૯ જગ્યાઓ સામે ૧૧ લાખ કરતા પણ વધુ ફોર્મ ભરાયા છે. જેમાંથી ૯ લાખ કરતા વધુ ઉમેદવારોએ કન્ફમ કર્યું છે. લોકરક્ષક દળમાં બિનહથિયારધારી કોન્સ્ટેબલની ૫,૨૧૨, હથિયારધારી કોન્સ્ટેબલની ૭૯૭ અને એસઆરપી કોન્સ્ટેબલની ૪,૪૫૦ જગ્યા માટે ભરતી થશે. જેમાં મહિલાઓ માટે એસઆરપી સિવાયની બંને કેટેગરીમાં મળીને ૧૯૮૩ જગ્યા અનામત રખાઈ છે. ૫ લાખ ૫૬ હજાર ૪૪૧ વધુ પુરૂષો ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે. જ્યારે ૨ લાખ ૦૬ હજાર ૨૬૬ જેટલી મહિલાઓએ ઉમેદવારી નોંધાવી છે. આગામી ૧ થી ૧૦ ડિસેમ્બર વચ્ચે શારીરિક કસોટી યોજાશે. લોક રક્ષક દળની ૨ મહિના સુધી ભરતી પ્રક્રિયા ચાલુ રહેશે. ૧૦ ફેબ્રુઆરી સુધી ભરતી પ્રક્રિયા પૂર્ણ થશે. માર્ચ મહિનાના પહેલા અઠવાડિયામાં લેખિત પરીક્ષા લેવાશે જયારે કે ૨૦ નવેમ્બર આસપાસ કોલ લેટર ઈસ્યુ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, સરકારે તમામ ભરતીઓ માટેની મહત્તમ વય મર્યાદામાં એક વર્ષનો વધારો કરવાનો નિર્ણય લીધો હોવાથી આ ભરતી માટે મહત્તમ વય મર્યાદા ૩૪ વર્ષ રાખી છે. ફિઝિકલ ટેસ્ટમાં પાસ થનારા ઉમેદવારો લેખિત પરીક્ષા આપી શકશે. જે ઉમેદવારોએ પો.સ.ઈની ભરતી માટે ફોર્મ ભરેલા હોય અને તેઓ લોકરક્ષક માટે પણ અરજી કરવા માંગતા હોય તો તેઓએ અલગથી અરજી કરવાની હતી. શારીરિક કસોટી બંનેની એકસાથે લેવામાં આવશે.

SI-LRDનો ફિઝિકલ ટેસ્ટ સાથે લેવાશે

જે ઉમેદવારોએ અગાઉ જાહેર થયેલી પીએસઆઈની ભરતીનું ફોર્મ ભર્યું હોય અને એલઆરડી માટે અરજી કરવા માંગતા હોય તો અલગથી અરજી કરી શકશે. પીએસઆઈ અને એલઆરડી બંનેનો ફિઝિકલ ટેસ્ટ એકસાથે લેવાશે.

૧૦૦ દિવસમાં ભરતીનું આયોજન કરાશે

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં બિનહથિયારી પોલીસ સબ-ઈન્સ્પેકટર, હથિયારી પોલીસ સબ-ઈન્સ્પેક્ટર, ઈન્ટેલિજન્સ ઓફિસર, બિનહથિયારી આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેકટર, લોકરક્ષક તથા મોટર ટ્રાન્સપોર્ટ અને વાયરલેસ જેવા ટેક્નિકલ સંવર્ગોના પોલીસ સબ-ઈન્સ્પેક્ટર અને ટેક્નિકલ ઓપરેટર તથા હોમગાર્ડ્સ અને ગ્રામ રક્ષકદળની મળીને અંદાજિત ૨૭૮૪૭ જગ્યા માટે ભરતીનું આયોજન આગામી ૧૦૦ દિવસમાં કરવાનો રાજ્ય સરકારે મહત્ત્વનો નિર્ણય કર્યોછે.

જન સુખાકારી માટે નિરામય ગુજરાત ઝુંબેશ શરૂ કરાશે, કેશોદ ખાતેથી આવતીકાલના રોજ શુભારંભ કરાશે

લોક જાગૃતતા તેમજ બિનચેપી રોગોની તપાસણી-સ્ક્રિનીંગ સારવાર ઝૂંબેશ યોજાશે

જૂનાગઢ તા.૧૧

ગુજરાત સરકાર દ્વારા લોકોના આરોગ્યની સુખાકારી માટે તેમજ લોક જાગૃતતા તેમજ બિનચેપી રોગોની તપાસણી-સ્ક્રિનીંગ સારવાર કરવાની કામગીરી માટે નિરામય ગુજરાત ઝુંબેશ શરૂ કરવામાં આવનારછે. જૂનાગઢ જિલ્લામાં કેશોદ ખાતેથી તા.૧૨-૧૧-૨૦૨૧ને શુક્રવારના રોજ કડવા પટેલ સમાજ ખાતે ૯ કલાકે પશુપાલન અને ગૌસંવર્ધન મંત્રી દેવાભાઈ માલમ દ્વારા ઝુંબેશનો શુભારંભ કરવામાં આવનાર છે. આ ઝુંબેશ અંતર્ગત કેશોદ કડવા પટેલ સમાજ ખાતે સવારે ૯ કલાકથી નિઃશુલ્ક મેગા હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવશે. આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરો અને પેરામેડિકલ સ્ટાફ દ્વારા લોહીનું ઊંચું દબાણ-બ્લડપ્રેશર, ડાયાબિટીસ, મોઢા-સ્તન-ગર્ભાશયના મુખનું કેન્સર, કિડનીની બીમારી, એનિમિયા, પાંડુરોગ, લોહીની ઉણપ તથા કેલ્શિયમની ઉણપ જેવા બિનચેપી રોગોની તપાસણી તથા તેને આનુસાંગિક જરૂરી તપાસો જેવી કે લોહી પેશાબની તપાસ, સગર્ભા બહેનોની સંપૂર્ણ તપાસ, જરૂરિયાત અનુસાર સોનોગ્રાફી તથા ઈ.સી.જી. દ્વારા તપાસની કામગીરી કરવામાં આવશે. સરકારના મહાઅભિયાન ગુજરાત અંતર્ગત જૂનાગઢ જિલ્લાના કેશોદ શહેર ખાતે યોજાનાર મેગા હેલ્થ કેમ્પનો બહોળા પ્રમાણમાં લોકોએ લાભ લેવા અને સરકારના મહાઅભિયાનમાં સહયોગ આપવા તથા નિરામય ગુજરાતને સાર્થક કરવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા અપીલ કરવામાં આવી છે.

ખંભાળિયામાં જલારામ મંદિરને અનેરા શણગાર વડે સુશોભિત કરાયું, ભાવપૂર્વક ઉજવણી



જામ ખંભાળિયા તા.૧૧

સંત શિરોમણી પુજય જલારામ બાપાની ૨૨૨મી જન્મજયંતિ નિમિત્તે ખંભાળિયામાં ધર્મમય માહોલ જોવા મળ્યો હતો. જલારામ જયંતિ પ્રસંગે આજે સવારથી અહીંના જલારામ મંદિર ખાતે ભક્તોની ભીડ જોવા મળી હતી. દર વર્ષની જેમ આ વર્ષે પણ જલારામ મંદિરને અનેરા સાજ-શણગાર વડે સુશોભિત કરવામાં આવ્યું હતું. વહેલી સવારથી જલારામ મંદિરની ૧૦૮ પ્રદક્ષિણા તથા આરતી અને દર્શન માટે મોટી સંખ્યામાં જલારામ ભક્તો ઉમટી પડ્યા હતા. આ ઉપરાંત અહીંના અંજલી કૌશિકભાઈ દાવડા, જાહ્નવી વિમલભાઈ દાવડા તથા કિંજલ ભાવેશભાઈ દાવડા દ્વારા તૈયાર કરવામાં આવેલી સુંદર રંગોળી આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ ઉપરાંત જલારામ જયંતી પ્રસંગે દર વખતની જેમ આ વખતે પણ અન્નકૂટ ઉત્સવ તથા નૂતન ધ્વજારોહણ સહિતના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. "દેને કો ટુકડો ભલો, લેને કો હરી નામ"થી વિશ્વ વિખ્યાત બનેલા સંતશિરોમણી પુ. જલારામ બાપાની સુંદર સુશોભિત શોભાયાત્રા આજરોજ સાંજે ચાર વાગ્યે અહીંના જલારામ મંદિર ખાતેથી નીકળશે અને જુદા જુદા માર્ગો ઉપર ફરી અને અત્રે જલારામ ચોક ખાતે આવેલી લોહાણા મહાજન વાડી ખાતે સંપન્ન થશે. અહીં સાંજે જ્ઞાતિજનોને પ્રસાદ વિતરણનું પણ આયોજન કરવામાં આવ્યુંછે. ખંભાળિયા લોહાણા મહાજનના નેજા હેઠળ અહીંના યુવા કાર્યકરોની ટીમ દ્વારા આ સમગ્ર કાર્યક્રમ માટે નોંધપાત્ર જહેમત કાબિલેદાદ બની રહી છે.

મંડલીકપુર પ્રાથમિક શાળામાં ભીતચિત્ર, સંયોજન ચિત્ર અને પ્રકૃતિ ચિત્ર કંડારવાની સ્પર્ધા યોજાઇ

ધો.૫ થી ૮ના ૩૫ બાળકોએ ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો : GIET આયોજિત ચિત્ર સ્પર્ધામાં બાળકોને માર્ગદર્શન સાથે સર્ટીફિકેટ આપી સન્માનિત કરાયા

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ તાલુકાના મંડલીકપુર ગામની પ્રાથમિક શાળામાં યોજાયેલ ચિત્ર સ્પાર્ધામાં બાળકોએ ભીતચિત્ર, સંયોજન ચિત્ર અને પ્રકૃતિ ચિત્ર કંડારવામાં આવ્યા હતા. અમદાવાદ GIET (ગુજરાત ઈન્સ્ટિટ્યુટ ઓફ એજ્યુકેશનલ ટેકનોલોજી)ના નિયામક ડો. પી.એચ. જલુના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ જિલ્લાની મંડલીકપુર પ્રાથમિક શાળામાં રાજયકક્ષાની ચિત્રસ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ધોરણ ૫ થી ૮ના ૩૫ જેટલા બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં ભાતચિત્ર, સંયોજન ચિત્ર અને પ્રકૃતિ ચિત્ર એમ ત્રણ વિભાગોમાં ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. આ શાળાના ભાષા શિક્ષક હીનાબેન દીક્ષિત દ્વારા દરેક બાળકોને ચિત્ર દોરવાની સમજૂતી આપવામાં આવી હતી તેમજ GIETના જૂનાગઢ તાલુકાના વિદ્યા વાહક અને શાળાના વિજ્ઞાન શિક્ષક તુષારભાઈ પંડ્યા દ્વારા સમગ્ર તાલુકામાં ચિત્ર સ્પર્ધા અને તેના વિવિધ શૈક્ષણિક કાર્યક્રમોનું માર્ગદર્શન આપવા આવ્યું હતું. આ સ્પર્ધામાં ભાગ લીધેલ દરેક બાળકોને GIET દ્વારા સર્ટિફિકેટ આપી સન્માન કરવામાં આવ્યા હતા. આ ચિત્ર સ્પર્ધા અંતર્ગત શાળાના આચાર્ય દિનેશભાઈ ગોસ્વામીએ દરેક બાળકોને શુભેચ્છા આપી હતી.

જૂનાગઢનાં જોષી અભિષેકે વિકલાંગો સાથે જન્મદિવસની ઉજવણી કરી ભોજન કરાવ્યું

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢનાં પત્રકાર સ્વ. સૂર્યકાંન્તભાઈ જોષી અને ગિરાબેન જોષીનાં પુત્ર અભિષેકએ તેનાં ૨૨માં જન્મદિવસની વિકલાંગો સાથે ઉજવણી કરી હતી. જૂનાગઢનાં બિલખારોડ, વિજાપુરનાંપાટીયા પાસે આવેલ સાંત્વન વિકલાંગોની સંસ્થામાં જઈ અભિષેક જોષીએ ત્યાંનાં વિકલાંગ બાળકો સાથે કેક કાપી મીઠુ મોં કરાવી, પાઉભાજીનું ભોજન અને મીઠાઈ ખવડાવી જન્મદિવસની સમાજને પ્રેરણા આપે તેવી ઉજવણી કરી હતી. આ તકે જોષી પરિવારનાં મોભી સ્વ. વિજયાબેન શિવલાલભાઈ જોષી, ગિરાબેન જોષી, મિતાબેન વિનુભાઈ જોષી, જૂનાગઢનાં પત્રકાર વિનુભાઈ જોષી, મૈત્રેય જોષી, મધુબેન દિનેશકુમાર તેરૈયા, ભૂમિકા શ્રેયાંકકુમાર ઓનલાઈન જોડાયા હતા તથા વિરલકુમાર વિનુભાઈ જોષી તેમજ સાઉદી અરેબીયાથી સ્વ. સૂર્યકાંતભાઈની પુત્રી પ્રકુષિતા તથા જમાઈ મહેશકુમાર ઘનશ્યામભાઈ જોષીએ અભિષેકનો જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી.

ઉનામાં જલારામ જયંતિ નિમિત્તે શોભાયાત્રા નીકળી

(નિરવ ગઢિયા દ્વારા) ઉના તા.૧૧

ઉનામાં રઘુવંશી સમાજે જલારામ બાપાની ૨૨૨મી જન્મ જયંતી નિમિત્તે શોભાયાત્રા કાઢી તથા મહાપ્રસાદનું આયોજન કરી ધામધૂમ પૂર્વક ઉજવણી કરી હતી. જયારે આ પ્રસંગે નિકિતા ગંગદેવ, રૂષાલી રૂપારેલીયા, રીધી મજેઠીયા તથા સાગર રાજપોપટએ રંગોળી બનાવી હતી.

જૂનાગઢ જેલનાં કેદીઓ માટે આરોગ્ય વિષે વિચાર વિમર્શ યોજાયો

જૂનાગઢ તા. ૧૧

જૂનાગઢ જેલનાં સુપરવીઝન ઓફીસર ડો. જગદીશ દવે દ્વારા જૂનાગઢ જેલમાં સુપરવીઝન કરવામાં આવેલ હતું. આ તકે બંદીઓના આરોગ્ય વિષે વિચાર વિમર્શ કરાયો હતો. તેમજ દવાઓનો સ્ટોક રાખવા સુચન કરાયુંહતું. અત્રે ઉલ્લેખનીય છે કે ડો. જગદીશ દવે તબીબી સેવાઓ માટે ૨૦૦૩માં રાજયપાલશ્રી દ્વારા સન્માનીત થયેલ છે. તેમજ ભારતનાં સ્વાતંત્ર્ય સંગ્રામ તથા આરઝી હકુમતનાં મુક સેવક રતીલાલ કાનજી દવે પરીવારનાં ડો. જગદીશ દવે સદસ્ય છે.

કોરોના મૃત્યું કેસમાં રૂા.૫૦ હજારની સહાય માટે રાજય સરકારે શરતો જાહેર કરી

જૂનાગઢ તા. ૧૧

કેન્દ્ર સરકારે કોરોનાથી મોતને ભેટેલા લોકો માટે રૂા.૫૦ હજારની સહાય જાહેર કરી છે. આ માટે રાજય સરકાર દ્વારા એક પરીપત્ર બહાર પાડી શરતો જાહેર કરી છે જે મુજબ કોરોના પોઝીટીવ આવ્યાનો રીપોર્ટ, કોરોના પોઝીટીવ બાદ એક મહિનાના સમયગાળામાં ઘરે મૃત્યુ થયું હશે તો પણ એમને કોવિડ ડેથ સર્ટીફીકેટ (એમસીસીડી) મળવાપાત્ર છે. કોરોનાની સારવાર માટે દાખલ થયેલ હોવું જરૂરી નથી, ઘરે સારવાર લીધી હોય એટલે કે ઓપીડી સારવાર લીધેલ હોય તો પણ માન્ય ગણાશે. હોસ્પીટલમાં કોવિડની સારવાર દરમ્યાન મૃત્યુ થયું હોય અને ડેથ સર્ટીફીકેટમાં જે તે વખતે મૃત્યુનું કારણ કોવિડ દર્શાવ્યું હોય તો પ્રથમ મૃત્યુનું સર્ટીફીકેટ (એમસીસીડી) બનાવવાનું રહેશે અને પછી સહાય ફોર્મ ભરી શકાય. આ શરતોની સંબંધીત વ્યક્તિઓએ નોંધ લેવા જણાવાયું છે.

જૂનાગઢમાં સાયકલ રેલી યોજાઈ

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, મયારામદાસજી આશ્રમના સંયુક્ત ઉપક્રમે તા.૯-૧૧-૨૦૨૧નાં રોજ જૂનાગઢ આઝાદ દિન તેમજ નેશનલ લીગલ સર્વિસ ડે નિમિતે સાયકલ રેલીનું આયોજન કરવામાં આવેલ હતું.

જેમાં જૂનાગઢ જીલ્લા ન્યાયાધીશ રીઝવાનાબેન બુખારી, પી.એમ. આટોદરિયા, સત્યમ સેવા મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજા, હરસુખભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહેલ હતા.

ગીર સોમનાથ જીલ્લા એસ.ટી. વિભાગને દિવાળીમાં ૧૫ લાખથી વધુની આવક થઈ

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૧૧

ગત વર્ષે કોરોનાથી પેસેન્જર સંખ્યા નિયંત્રણ અને પ્રવાસીઓના ઓછા આવાગમનને પગલે નિરસ રહેલ એસ. ટી તંત્રના પૈડા આ વરસે સલામત અને સસ્તી મનાતી એસ.ટીનો સોમનાથ તુલશીશ્યામ, દિવ ,સાસણ સંકુલને કારણે પ્રવાસીઓને ભારે પ્રવાહ રહ્યો હતો. સોમનાથ વિભાગીય એસ.ટી. ડેપો મેનેજર ભાવેશ રબારીએ જણાવ્યું કે, તા ૩૦ સપ્ટેમ્બરથી ૮ નવેમ્બર સુધી એસ.ટી.ને ૧૫૮૮૬૫૯ ની આવક થઈ અને ૧૮૭૮૨ મુસાફરોએ પરિવહન કર્યુ તથા ૬૩૨૧૭ કિલોમીટર સંચાલન કરાવ્યું જે એવરેજ આવક પ્રતિ ઈ. પી. કે. એમ ૨૫.૧૩ અને ચાલું બસો ઉપરાંત જુદા જુદા જીલ્લાઓને જોડ્તી બસો ઉપરાંત એક્સ્ટ્રા બસોને પણ લાભ લઈ એસ. ટી તંત્રએ પ્રજાની મુસાફરી સરળ બનાવી હતી.

રવિવારે દેવ દિવાળી તથા તુલસી વિવાહ

કારતક સુદ અગીયારસને રવિવાર તા. ૧૪-૧૧-૨૧ના દિવસે આખો દિવસ અને રાત્રી એકાદશી તિથિ હોવાથી આ દિવસે દેવ દિવાળી ઉજવાશે. સૌરાષ્ટ્ર-કચ્છમાં રિવાજ મુજબ અગીયારસનાં દિવસે દેવ દિવાળી ઉજવાયછે. તથા આજ દિવસે તુલસી વિવાહ કરવામાં આવે છે. પરંતુ ઉત્તર ભારતમાં આ ઉત્સવ પાંચ દિવસનો મનાવાય છે. અને પૂનમનાં દિવસે તથા દેવ દિવાળી મનાવાય છે. આ વર્ષે બે બારશ હોવાથી ઉત્તર ભારતમાં બારશનાં સોમવારથી દેવ દિવાળીનો ઉત્સવ ઉજવાશે. જયારે સૌરાષ્ટ્ર-કચ્છમાં રીવાજ મુજબ રવિવારે દેવ દિવાળી ઉજવાશે. દેવ દિવાળીનાં દિવસે તુલસી પુજા અને ભગવાન વિષ્ણુનાં સ્વરૂપ શાલીગ્રામની પૂજાનું મહત્વ વધારે છે. રવિવારે સવારે વહેલા ઉઠી અને નિત્યક્રમ કરી ત્યારબાદ તુલસીજીની પૂજા કરવી, તુલસીજીની આજુબાજુ બે શેરડીનાં સાઠાનો મંડપ બનાવવો, નીચે તુલસીજી રાખવા ત્યારબાદ સાથે તેમાં શાલીગ્રામ પધરાવવા તથા તુલસીજીને ચુંદળી ઓઢાડવી અને ચાંદલો-ચોખા શાલીગ્રામ અને તુલસીજીને કરવા, અબીલ-ગુલાલ, કંકુ, ફુલ પધરાવવા તથા ધુપ-દિપ અર્પણ કરી નૈવેધમાં મીઠાઈ અર્પણ કરી આરતી ઉતારવી અને એકાદશીની કથા વાંચવી. આમ રવિવારે પ્રબોધીની એકાદશી દેવ દિવાળીનાં દિવસે આ પૂજન સવારનાં અથવા સાંજનાં કરવું. વિધિવત તુલસી વિવાહ પણ સાંજનાં સમયે કરી શકાય છે. જે લોકોને દાંમ્પત્ય જીવનમાં વારંવાર ઝગડા થતા હોય તો શેરડીનાં મંડપ નીચે તુલસી વિવાહ કરવાથી દાંમ્પત્ય જીવનમાં મીઠાશ આવે છે. જેનાં વિવાહ થતા ન હોય તેવોએ તુલસી વિવાહ કરવાથી વિવાહનાં યોગ બને છે. ખાસ કરીને જેને ઘરે કુંવારી કન્યા મૃત્યુંપામી હોયતો તેની પાછળ તુલસી વિવાહ કરવામાં આવે છે. દેવ દિવાળીનાં દિવસે દેવતાઓ જાગે છે. અને આજ દિવસથી વિવાહ જેવા શુભપ્રસંગોની શરૂઆત થાય છે. દેવ દિવાળીનાં દિવસે સત્યનારાયણ ભગવાનની કથા કરાવી તુલસી વિવાહ ઉત્તમ અને શુભફળ અપાનાર છે. સતી વૃંદાએ રૂકમણીરૂપે અવતાર લીધો અને વિષ્ણુ ભગવાન કૃષ્ણરૂપે અવતર્યા આમ રૂકમણી અને કૃષ્ણનાં વિવાહ થયા. ખાસ કરીને દેવદિવાળીનાં દિવસે શેરડીના સાઠાનો મંડપ બનાવી અને તુલસી વિવાહનું મહત્વ વધારે છે.

- શાસ્ત્રી રાજદીપ જોષી (વેદાંત રત્ન)

:: અવસાન નોંધ ::

જૂનાગઢ નિવાસી પરજીયા પટણી સોની જમનાદાસ નાજાભાઈ સાગરના પુત્ર ઈશ્વરલાલ જમનાદાસ સાગર (કાકુભાઈ) (ઉં.વ. ૭૩) આજરોજ તા. ૧૧-૧૧-૨૧ને ગુરૂવારે શ્રીજીચરણ પામેલ છે. તેમનું ટેલીફોનીક બેસણું તા. ૧૨-૧૧-૨૦૨૧ શુક્રવારના રોજ સાંજે ૪ થી ૬ રાખેલ છે. લૌકિકક્રિયા બંધ છે. મો. નં. નટવરલાલ જમનાદાસ સાગર-૯૪૨૮૩ ૭૩૬૭૬, પંકજભાઈ સાગર-૯૯૨૫૮ ૫૦૫૫૫, ભાવેશભાઈ સાગર-૯૮૨૫૯ ૮૮૬૯૬. સાગર પરીવારનાં જયશ્રીકૃષ્ણ.

ગુજરાત સરકાર

નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,

જાહેર નિવિદા નં ૭ સને ૨૦૨૧-૨૨

નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી સિંચાઇ યોજના પેટા વિભાગ, નં.૨/૩, જીલ્લા સેવા સદન-૨ બ્લોક નં.૨/૩, બહુમાળી ભવન, સરદારબાગ, (ફોન. ૦૨૮૫-૨૬૩૧૩૦૧) જૂનાગઢની કચેરી દ્વારા સરકાર માન્ય યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ મજુર સહકારી મંડળીઓ તથા ઈજારદારશ્રીઓ પાસેથી મંડળીઓની માંગણી ન હોય તો નીચેના ક્રમ માટે જાહેરાત દૈનિક ન્યૂઝ પેપરમાં પ્રસિધ્ધીની તારીખથી નિર્દિષ્ટ કરેલ તારીખ સુધીમાં ટેન્ડર મંગાવવામાં આવે છે.

કામનુંનામ	અંદાજીત રકમ ટેન્ડર ફી મંડળી/ઈજારદાર ની વર્ગ	ટેન્ડર આપવાની છેલ્લી તારીખ (૧) તાલુકાની મંડળી (૨) જીલ્લાની મંડળી (૩) ઈજારદારમાટે	પરત કરવાની છેલ્લી તારીખ (૧) તાલુકાની મંડળી (૨) જીલ્લાનીમંડળી (૩) ઈજારદારમાટે
ઓઝત વિયર સંકલી સિં.યોજના [illegible]	૨૮૮૭૮૬.૦૦ વર્ગ "ગ"(સી) [illegible]	(૧) ૨૨/૧૧/૨૦૨૧ (૨) ૨૬/૧૧/૨૦૨૧ (૩) ૦૩/૧૨/૨૦૨૧	(૧) ૨૬/૧૧/૨૦૨૧ (૨) ૦૩/૧૨/૨૦૨૧ (૩) ૦૭/૧૨/૨૦૨૧

વધુ વિગતો માટે માહીતી ખાતાની વેબ સાઇટ www.statetenders.com પર જોવા તથા ઉકત કચેરીનો સંપર્ક સાધવા વિનંતી.

માહિતી/જૂના/૬૭૬/૨૦૨૧

ગીરનારની લીલી પરીક્રમા આ વર્ષે પણ ૪૦૦ વ્યકિતની મર્યાદામાં પ્રતિકાત્મક રીતે યોજાશે



ભાવિકોને પ્રવેશ નહી અપાય

સરકારશ્રીએ સુચવેલી ગાઈડલાઈન અનુસાર જૂનાગઢ જીલ્લા કલેકટર દ્વારા પરીક્રમા અંગેનો જારી કરેલ હુકમ

જૂનાગઢ તા. ૧૧

જૂનાગઢ નજીક આવેલા ગરવા ગીરનાર ખાતે જેનું અતિ મહત્વ છે તેવી ગીરનારની લીલી પરિક્રમા વર્ષો થયા યોજવામાં આવતી હોય છે અને ગત વર્ષે કોરોનાનાં ખતરાને કારણે શુકન પુરતી પ્રતિકાત્મક રીતે લીલી પરીક્રમા યોજવામાં આવી હતી જયારે આ વર્ષે ગુજરાત સરકારે નવરાત્રીથી લઈ દિપાવલી, નૂતન વર્ષ સહિતનાં તહેવારો દરમ્યાન ગુજરાતનાં શહેરોમાં છૂટછાટમાં રાહતો આપી છે તેવા સંજોગોમાં ગીરનારની લીલી પરીક્રમા યોજાશે કે કેમ તેવું ગઈકાલથી સસ્પેન્સ ભર્યુ વાતાવરણ ઉભુ થયું હતું અને અવનવી અટકળો અને ચર્ચાઓ થઈ રહી હતી. આ દરમ્યાન જૂનાગઢ જીલ્લા કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ રચિત રાજ દ્વારા સત્તાવાર રીતે ગીરનારની લીલી પરીક્રમા અંગેનો જે હુકમ જાહેર કરવામાં આવેલ છે તે મુજબ આગામી ગીરનારની પરીક્રમા માત્ર ૪૦૦ વ્યકિતની મર્યાદામાં સાધુ-સંતો દ્વારા પ્રતિકાત્મક રૂપે યોજાશે તેવો હુકમ જારી કરવામાં આવેલ છે.

ગીરનારની લીલી પરીક્રમા ચાલુ વર્ષે યોજવી કે કેમ તે અંગે અગાઉ જૂનાગઢ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા એક બેઠક પરીક્રમાનાં આયોજન માટેની મળી હતી આ બેઠકમાં જે નિર્ણય લેવાયો હતો તે અંગે મત મતાંતરો અને વિવાદો પણ ઉઠવા પામ્યા હતા અંતે ગીરનારની પરીક્રમા યોજવી કે નહી ? તે અંગેનો નિર્ણય ગુજરાત સરકાર ઉપર છોડી દેવામાં આવ્યો હતો અને એવું જાહેર કરવામાં આવ્યું હતું કે, સરકારશ્રીનાં માર્ગદર્શન મુજબ ગીરનારની લીલી પરીક્રમાનો નિર્ણય લેવાશે પરંતુ છેલ્લા મળતા અહેવાલો અનુસાર જૂનાગઢ જીલ્લા કલેકટરશ્રીએ સરકાર પાસે માર્ગદર્શન માંગ્યું છે પરંતુ ગૃહમંત્રી દ્વારા પરીક્રમાનો નિર્ણય કલેકટરશ્રી ઉપર છોડયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, કાતિર્કી પુર્ણિમા અને દેવદિવાળીનાં દિવસથી રાત્રીનાં ૧૨.૦૦ વાગ્યે ગીરનારની ૩૬ કી.મી.ની લીલી પરીક્રમાનો પ્રારંભ થતો હોય છે આ પરિક્રમામાં ગામે ગામથી ભાવિકો પોત પોતાનાં સંઘ સાથે ઉમટી પડતા હોય છે. વર્ષોથી ચાલી આવતી આ પરંપરામાં સેવાકીય મંડળો, સાધુ-સંતો અને જ્ઞાતી મંડળોનાં ઉતારા સાથે અન્નક્ષેત્ર સંબંધીત તંત્ર પણ જોડાતું હોય છે. દરમ્યાન ગત વર્ષે પણ તકેદારીનાં ભાગરૂપે ગીરનારની લીલી પરીક્રમા પ્રતિકાત્મક રૂપે યોજવામાં આવી હતી અને ચાલુ વર્ષે પણ ગીરનારની લીલી પરીક્રમા પ્રતિકાત્મક રૂપે યોજવામાં આવનાર હોવાનું જૂનાગઢ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા જણાવવામાં આવેલ છે. જૂનાગઢ જીલ્લા કલેકટરશ્રી રચિત રાજ દ્વારા અખબારી યાદી જાહેરમાં આવેલ છે અને જણાવેલ છે કે, હાલમાં પ્રવર્તી રહેલ કોવિડ-૧૯ની મહામારીને ધ્યાને રાખી ગુજરાત સરકારશ્રીનાં ૨૪-૯-૨૦૨૧નાં હુકમથી જાહેર કરાયેલ ગાઈડલાઈન મુજબ તમામ પ્રકારનાં રાજકીય, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમોજેવા જાહેર સમારંભોમાં તેમજ ધાર્મિક સ્થળોમાં કોરોનાની ગાઈડલાઈનનું પાલન કરવાની શરતે નિયત કરેલી એસઓપીને આધિન ખુલ્લામાં મહત્તમ ૪૦૦ વ્યકિતઓ પરંતુ બંધ સ્થળોએ જગ્યાની ક્ષમતાનાં ૫૦ ટકા અને મહત્તમ ૪૦૦ વ્યકિતની મર્યાદામાં વ્યકિતઓ એકત્રીત થઈ શકશે તેવી જોગવાઈ હોય, આ કચેરી ખાતે લગત ખાતા કચેરીનાં અધિકારીઓ, પદાધિકારીઓ અને સાધુ-સંતો સાથે તા. ૨૭-૧૦-૨૦૨૧નાં રોજ યોજાયેલ બેઠકમાં સરકારશ્રીની ગાઈડલાઈન અનુસાર માત્ર ૪૦૦ની મર્યાદામાં સાધુ-સંતો દ્વારા પ્રતિકાત્મક પરીક્રમા યોજવા અભિપ્રાય રજુ થયેલ અને આ બેઠકની કાર્યવાહી અંગેનો અહેવાલ સરકારશ્રીનાં ગૃહ વિભાગને મોકલવામાં આવતા સરકારશ્રીનાં તા. ૯-૧૧-૨૦૨૧નાં પત્રથી ઉકત ગાઈડલાઈન લક્ષ્યમાં રાખી નિર્ણય કરવા સુચના આપવામાં આવેલ હોય, જે અંતર્ગત રાજય સરકારશ્રીની પ્રવર્તમાન ગાઈડલાઈન તથા આ કચેરી ખાતે યોજાયેલ બેઠકમાં હાજર તમામ દ્વારા રજુ થયેલ અભિપ્રાય અનુસાર આગામી કારતક સુદ-



૧૧થી પુનમ (૧૪-૧૧-૨૦૨૧થી તા. ૧૯-૧૧-૨૦૨૧) સુધી પરંરાગત રીતે યોજાતી લીલી પરીક્રમા માત્ર ૪૦૦ વ્યકિતની મર્યાદામાં સાધુ-સંતો દ્વારા પ્રતિકાત્મક રીતે યોજાશે જેની જૂનાગઢ સાથે ગુજરાતનાં દરેક જીલ્લાની જાહેર જનતાએ નોંધ લેવા જૂનાગઢ જીલ્લા કલેકટરશ્રી દ્વારા અનુરોધ કરાયો છે.

જૂનાગઢ જિલ્લામાં કોરોના વેક્સિનના સેકન્ડ ડોઝની ૬૧ ટકા કામગીરી પૂર્ણ

જિલ્લામાં ૬.૩૬ લાખ લોકોએ રસીનો બીજો ડોઝ લીધો : લોકો સેકન્ડ ડોઝનો વધુ લાભ લે તે માટે કલેક્ટરની અધિકારીઓને સૂચના

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ જિલ્લામાં કોવિડ-૧૯ના વેક્સિનેશનની કામગીરી સમગ્ર રાષ્ટ્ર, રાજ્યની સાથે જ સરકારની સુચના અનુસાર જૂનાગઢ જિલ્લામાં પણ ચાલું કરવામાં આવી હતી. જેમાં જૂનાગઢ જિલ્લાના તમામ ગ્રામ્ય વિસ્તારમાં કોવિડ-૧૯ના રસીકરણ માટે આપવામાં આવેલ લક્ષ્યાંક ૧૦,૪૭,૫૦૨ મુજબ કોવિડ-૧૯ના વેક્સિનેશનના પ્રથમ ડોઝની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરેલ છે. તેમજ વેક્સિનના બીજા ડોઝની કામગીરીમાં પણ ૬,૩૬,૫૮૧ લોકોને વેક્સિનેશન કરીને પણ ૬૦.૭૭ ટકા કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. જિલ્લામાં કોરોના વેક્સિનના પ્રથમ ડોઝની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ થઇ છે. જ્યારે સેકન્ડ ડોઝની ૬૧ ટકા કામગીરી થઇ છે. લોકોને સેકન્ડ ડોઝનો મળે તે માટે જિલ્લા કલેકટર રચિત રાજે તબિબિ અધિકારીઓને માર્ગદર્શન આપી લોકોને સેકન્ડ ડોઝ લઇ કોરોનાથી મુક્તિ મેળવે તે અંગે કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી માટે જૂનાગઢ જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયતના પ્રમુખના માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી તેમજ ઈન્ડીયન મેડીકલ એસોસીએસન, ઈન્ડીયન પીડીયાટ્રીકટ એસોશીએસનના ડોકટરો દ્વારા લોકોને આપવામાં આવેલ યોગ્ય માર્ગદર્શન તથા ધર્મગુરૂઓની તેમના અનુયાયીઓને કરવામાં આવેલ અપીલ અને આરોગ્ય વિભાગના પાયાના કર્મચારી એવા આશા બહેનોથી માંડી તમામ પેરા મેડીકલ સ્ટાફ અને ડોકટરોની અથાગ મહેનતના કારણે શકય બનેલ છે.

જૂનાગઢ જિલ્લાના તમામ લોકોને અપીલ કરવામાં આવે છે કે, આપણી આજુ-બાજુમાં કે વાડી વિસ્તારમાં કોઈ બહારથી આવેલ હોય અને તેઓને કોવિડ-૧૯ રસીના પહેલા ડોઝમાં પણ જો હજુ સુધી બાકી રહેલ હોય તેઓને પહેલો ડોઝ લઈ લેવા માટે અને આપણી આજુબાજુ કે આપણાં વાડી વિસ્તારમાં બહારથી કોઈ મજુરો આવેલ હોય તો તેમને પણ આ રસીનો ડોઝ અપાવી તેઓને આ રોગ સામે રક્ષણ આપવા અને તે મુજબ આપણે પણ આ રોગથી રક્ષિત રહી શકીએ તે કાર્યવાહી કરવા અનુરોધ કરવામાં આવે છે. પ્રથમ ડોઝની કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ થયેલ છે તે મુજબ જ કોવિડ-૧૯ની રસીનો બીજા ડોઝ પણ તેનો સમય થાય ત્યારે લઈ લેવા માટે અપીલ કરવામાં આવે છે. તે મુજબ બીજા ડોઝમાં પણ ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરવા આરોગ્ય સ્ટાફના અથાક પ્રયત્નોમાં જૂનાગઢ જિલ્લાની તમામ જનતાને આ બીજો ડોઝ તેમના નિયત સમયમાં મેળવવા માટે મદદરૂપ થવા આગ્રહભરી વિનંતી કરવામાં આવે છે. તેમજ હાલ તમામ સેન્ટર ખાતે આ કોવિડ વેકસીનનો પૂરતા પ્રમાણમાં સ્ટોક રહેલ છે કે જે મુજબ આ બીજો ડોઝ લેવા માટે વેકસીન પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ રહેલ છે.

જૂનાગઢ પોલીસની મદદથી માતાને બે માસુમ પુત્રીઓનો કબ્જો મળ્યો

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ રેન્જના આઈજીપી મનીંદર પ્રતાપ સિંહ પવાર તથા જૂનાગઢ પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા સામાન્ય પ્રજાના લોક માનસ ઉપર પોલીસની એક સારી છાપ પડે અને "પોલીસ પ્રજાનો મિત્ર છે" એ સૂત્ર સાર્થક બને તેવા પ્રજા કલ્યાણ તથા પ્રજા ઉપયોગી કાર્યવાહી કરવા જિલ્લાના તમામ પોલીસ અમલદારોને સૂચના કરવામાં આવેલ છે. જૂનાગઢ શહેરના દુબળી પ્લોટ વિસ્તારમાં કૈલાશનગર શેરી નં.૧માં રહેતી મહિલા પુષ્પાબેન ગોપાલભાઈ ઝાલા કે, જેને જૂનાગઢ ખાતે પરણાવેલ હોય, જેને સાસરિયા તરફથી શારીરિક માનસિક ત્રાસ આપવામાં આવતા, ચાર વર્ષ પહેલા પોતાની ૯ વર્ષની પુત્રી ખુશી અને ૪ વર્ષની દીકરી માહી સાથે જૂનાગઢ પોતાના પિયરમાં આવેલ હતી. જે બાબતે જૂનાગઢ કોર્ટમાં કેસ પણ કરવામાં આવેલ છે. આ મહિલાને પોતાના સાસરિયા સાથે મનદુઃખ ચાલતા હોય, બે દિવસ પહેલા તેનો પતિ ગોપાલભાઈ બકુલભાઈ ઝાલા રહે. કામદાર સોસાયટી, જૂનાગઢથી આવી, સમાધાન કરીને સાથે લઈ જવાની મીઠી મીઠી વાતો કરી, પોતાની બને બાળકીઓને સાથે લઈને મકાન લેવાનું બહાનું બતાવી, જૂનાગઢ કામદાર સોસાયટી બાજુ લઈ જઈ, પત્ની પુષ્પાબેનને સમાધિ ખાતે દર્શન કરાવવાના બહાને એક બાજુ લઈ, માર મારવા લાગતા, પગમાં ઈજા કરેલ અને બને દીકરીઓને લઈ ગયેલ હતા. આ અંગેની જાણ મહિલા પુષ્પાબેન દ્વારા જૂનાગઢ શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ મહેન્દ્રસિંહ જનકાતને કરવામાં આવેલ હતી. જૂનાગઢની મહિલાની માત્ર નવ અને ચાર વર્ષની બે માસૂમ બાળકીને તેના પતિ ગોપાલભાઈ બકુલભાઈ ઝાલા દ્વારા લઈ જવાની બાબતને ગંભીરતાથી લઈને જૂનાગઢ જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરી, મહિલાને પોતાના કુમળી વયના બાળક પરત અપાવવા માટે સૂચનાઓ કરવામાં આવેલ હતી. જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ શહેરના એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ મહેન્દ્રસિંહ જણકાત, એમ.એમ. વાઢેર, ક્રાઇમ બ્રાન્ચના પીઆઈ એચ.આઈ. ભાટી તથા સ્ટાફના હે.કો. દીપકભાઈ, વિક્રમસિંહ, સમીરભાઈ, પો.કો. વનરાજ સિંહ, મોહસીનભાઈ સહિતની ટીમ દ્વારા મહિલાની રજુઆત આધારે તાત્કાલિક તપાસ હાથ ધરવામાં આવતા, મહિલાનો પતિ બાળકીઓને ગોંડલ અથવા જેતપુર ખાતે લઈને જ ગયા હોવાનું અનુમાન કરવામાં આવેલ હતું. જે બાબતે જૂનાગઢ એ ડિવિઝન તથા ક્રાઇમ બ્રાન્ચની જુદી જુદી બે ટીમો દ્વારા આખી રાત જહેમત ઉઠાવી મહિલાના પતિ ગોપાલભાઈ બકુલભાઈ ઝાલા ઉપર દબાણ લાવતા, બંને બાળકીઓને તેના ભાઈ મારફતે પોલીસ સમક્ષ મોકલી આપી હતી. બંને બાળકીઓને પોલીસ સ્ટેશન લાવી, જૂનાગઢ શહેર એ ડિવિઝન પોલીસ દ્વારા બંને બાળકીનો કબ્જો તેની માતા પુષ્પાબેનને સોંપતા, માત્ર નવ વર્ષ અને ચાર વર્ષની માસૂમ બાળકીઓ પરત મળતા, તેની માતા બાળકીઓને ભેટી, ભાવ વિભોર થયેલ હતી. મહિલાના કુટુંબીજનો દ્વારા જૂનાગઢ પોલીસનો આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો. જૂનાગઢ પોલીસ દ્વારા સમયસર તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવેલ ના હોત તો, પોતાની દીકરીઓનું શું થાત અને પોતાના બાળકો જૂનાગઢ પોલીસના પ્રયત્નોથી જ તાત્કાલિક પરત મળ્યાનો ભાવ વ્યક્ત કરવામાં આવેલ હતો. જ્યારે મહિલાના પતિ ગોપાલભાઈ બકુલભાઈ ઝાલા બીકના માર્યા ફરાર થઈ ગયેલ હતો.

જૂનાગઢ જિલ્લા પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમ શેટ્ટીની સૂચનાથી જૂનાગઢ પોલીસ દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી, બંને બાળકીને પરત અપાવી, સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાની મિત્ર છે, એ સૂત્ર જૂનાગઢ જિલ્લા પોલીસએ ફરી વાર સાર્થક કર્યું હતું.

તા.૧૯મીને શુક્રવારે સદીનાં સૌથી લાંબા ખંડગ્રાસ ચંદ્રગ્રહણનો અવકાશી નજારો નિહાળવા મળશે



સાડા ત્રણ કલાકનો અવકાશી નજારો, ભારતના પૂર્વોત્તર રાજયના છેવાડામાં અંતિમ ચરણનું ગ્રહણ જોવા મળશે, ગ્રહણ માત્રને માત્ર ખગોળીય ઘટના-ભૂમિતિની રમત : વિજ્ઞાન જાથા, ગ્રહણ સંબંધી વેધાદિ નિયમો, ફળકથનો વર્તમાન યુગમાં અપ્રસ્તુત, રાજયમાં વિજ્ઞાન જાથા ગ્રહણ સંબંધી વૈજ્ઞાનિક સમજ આપશે

અમદાવાદ તા.૧૧

વિશ્વના અમુક પ્રદેશો–દેશોમાં શુક્રવાર તા.૧૯મી નવેમ્બરે સદીનું સૌથી લાંબુ ખંડગ્રાસ ચંદ્રગ્રહણનો અવકાશી અદ્ભુત નજારો બનવાનો છે. ભારતના પૂર્વોત્તર રાજયમાં છવાડાના વિસ્તારમાં અંતિમ ચરણનો ગ્રહણનો નજારો જોવા મળવાનો છે. ટેલીસ્કોપથી અતિ આહલાદક નજારો જોવા મળશે. ભારતના મોટાભાગના પ્રદેશોમાં આ નજારો જોવામાં લોકો વંચિત રહેવાના છે. આશરે સાડા ત્રણ કલાકનો નજારો તેની વિવિધ મુદ્રા કંડારવા માટે વિજ્ઞાનપ્રેમીઓ, ખગોળપ્રેમીઓ થનગની રહ્યા છે. રાજયમાં ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરી ગ્રહણ સંબંધી વૈજ્ઞાનિક સમજ આપવાનો કાર્યક્રમ અમલી બનાવ્યો છે. સંવત ૨૦૭૮ કાર્તિક સુદ પુર્ણિમા-પૂનમને શુક્રવાર તા.૧૯મી નવેમ્બરે વૃષભ રાશિ કૃતિકા નક્ષત્રમાં થનારૂ ખંડગ્રાસ ચંદ્રગ્રહણ સદીનું લાંબામાં લાંબુ અવધિમાં જોવા મળવાનું છે. ભારતના પૂર્વોત્તર છેવાડાના અરૂણાચલ પ્રદેશના અમુક ભાગોમાં અંતિમ ચરણનું આહલાદક ગ્રહણ જોવા મળવાનું છે. લાલાશ રંગનો ચંદ્ર અલૌકિક જોવા મળશે. જયારે પુર્વ એશિયા, ઉ. યુરોપ, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, પેસિફિક વિસ્તારોમાં બેનમુન આહલાદક જોવા મળવાનું છે. વૈજ્ઞાનિકોએ પોતાની પસંદગી જગ્યાએ પહોંચવા તૈયારી આરંભી દીધી છે. અવકાશી ગ્રહણો જોવામાં બાધા-અવરોધ ઉભો કરવો તે સામાજિક પાપ છે. ગ્રહણો જોવા-માણવા માટે કુદરતની રચના છે. ભૂમંડલે ભારતીય સમયમુજબ છાયા ગ્રહણ સ્પર્શ : ૧૧ કલાક ૩૨ મિનિટ ૧૦ સેકન્ડ, ગ્રહણ પ્રારંભ : ૧૨ કલાક ૪૮ મિનિટ ૪૩ સેકન્ડ, ગ્રહણ મધ્ય : ૧૪ કલાક ૩૨ મિનિટ ૫૫ સેકન્ડ, ગ્રહણ સમાપ્ત : ૧૬ કલાક ૧૭ મિનિટ ૦૭ સેકન્ડ, છાયા ગ્રહણ સમાપ્ત : ૧૭ કલાક ૩૩ મિનિટ ૪૦ સેકન્ડ, ખંડગ્રાસ ગ્રહણની અવધિ : ૩ કલાક ૨૮ મિનિટ ૨૪ સેકન્ડ, છાયા ગ્રહણ અવધિ : ૦૬ કલાક ૦૧ મિનિટ ૩૦ સેકન્ડ, ગ્રહણ ગ્રાસમાન : ૦.૯૭૪૨, છાયા ગ્રહણ ગ્રાસમાન : ૨.૦૭૨૦. જાથાના રાજય ચેરમેન, એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે, ભારતના અરૂણાચલ પ્રદેશના છેવાડાના વિસ્તાર લોહિતપુર, ઓનગમાન, રોઈંગ, તેઝુ શહેર આસપાસ સાંજે ૪ કલાકને ૧૭ મિનિટે અંતિમ ચરણનું ગ્રહણ આહલાદક અદ્ભુત જોવા મળવાનું છે. તે વિસ્તારોમાં ટેલીસ્કોપથી ગ્રહણ બેનમુન જોવા મળશે. અવકાશી આનંદ જીંદગીનો અમૂલ્ય અવસર હોય છે. ભારતમાં સદીઓથી ગ્રહણ સમયે લેભાગુઓ બાધાઓ, અવરોધક પરિબળનું કામ કરે છે જે દુઃખદ છે. અવકાશી ખગોળીય ઘટના જોવા-માણવા માટે હોય છે. ભારતમાં જાતજાતના વેધાદિ નિયમો બનાવી લોકોને અવળે માર્ગે વાળવાનો પ્રયત્ન કરવામાં આવે છે. ગ્રહણના નિયમો, કર્મકાંડ-ક્રિયાકાંડો, વિધિ-વિધાન, સુતક-બુતક વિગેરે ગરીબ ભારત દેશમાં જોવા મળે છે. સરકારનું કામ લોકોને વૈજ્ઞાનિક મિજાજ કેળવવાનું છે તેનાથી વિપરીત પરિસ્થિતિ જોવા મળે છે. વિજ્ઞાન જાથા દેશભરમાં વિજ્ઞાન અભિગમ-દ્રષ્ટિકોણ માટે કામ કરે છે. લોકો ધીમે ધીમે જાગૃત થવાના પ્રયત્ન કરે છે તેનો પણ આનંદ છે. અત્યારે જાથાનું દેશભરમાં આકાશ તરફ લોકો નજર કરતાં થાય તે અભિયાન ચાલી રહ્યું છે. રાજયમાં ગ્રહણ સંબંધી સમજ કાર્યક્રમ માટે મો.૯૮૨૫૨૧૬૮૯૯ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

ચાંવડ ગામની સીમ વાડી વિસ્તારમાં પાલો સળગાવી નુકશાન પહોંચાડયું

જૂનાગઢ તા.૧૧ : વિસાવદર તાલુકાનાં મુળ ઓઝત ખંભાળીયા ગામનાં અને હાલ સુરત ખાતે રહેતા નિકુંજભાઈ મધુભાઈ ઠુંમર (ઉ.વ.૨૮)એ પોલીસમાં એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, નવીચાંવડ ગામની સીમ વાડી વિસ્તારમાં આવેલ ફરીયાદી તથા સાહેદનાં ખેતરમાં કોઈ અજાણ્યા મોબાઈલ નં. ૮૧૪૦૪૭૦૭૧૧ નાં કાર્ડ ધારકે પ્રવેશ કરી ઝટકા મશીનનો વાયર ૪૫ ફુટ તોડી નાખેલ તેમજ ઘનશ્યામભાઈ ડોબરીયાનાં ખેતરમાં પ્રવેશ કરી અને સોયાબીનનો પાલો સળગાવી નાખી કુલ રૂા. ૭૫૦૦૦નું નુકશાન કર્યાની ફરીયાદ પોલીસમાં નોંધાવેલ છે. આ બનાવ અંગે વિસાવદર પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.